# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 07-07-2026 I VOL : 12 I Issue : 112 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN  Contact :- MO : 9662420070  E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

સ્વાસ્થ્ય સૌથી મોટું ધન છે. આશાવાદી વ્યક્તિ દરેક મુશ્કેલીમાં તક જુએ છે.


3  નકલી DAP ખાતર કૌભાંડમાં સરકારની મોટી કાર્યવાહી :4 આરોપી PBM એક્ટ હેઠળ જેલભેગા

4  ચીને વચનભંગ કર્યો : દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં અચાનક ICBM છોડ્યું

6  શનાયા કપુરે શૅર કર્યા પાર્ટીના ફોટો, ફેન્સના દિલ જીતી લીધા

7  FIFA વર્લ્ડ કપમાં અપસેટ, બ્રાઝિલ ટુર્નામેન્ટની બહાર ફેંકાયું


## એક નજર...

### ફ્રન્ટ કટ બ્લેક ડ્રેસમાં ક્રિતિ સેનને કેમેરા સામે ફ્લોન્ટ કર્યો ટોન્ડ લેગ



ફેન્સને અભિનેત્રીનો દરેક લુક ખુબ પસંદ આવે છે. એક્ટ્રેસના પરિવારનો ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે કોઈપણ જાતનો સંબંધ ના હોવા છતાં એક્ટ્રેસ આજે બૉલીવુડનો ચમકતો સિતારો બની ગઇ છે. એક્ટ્રેસના પરિવારનો ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે કોઈપણ જાતનો સંબંધ ના હોવા છતાં એક્ટ્રેસ આજે બૉલીવુડનો ચમકતો સિતારો બની ગઇ છે.

## NEWS TRACK

### શ્રીલંકાની જેલમાં ભયાનક ગેંગવોર, 4 ગાર્ડ અને 19 કેદીના મોત, 100થી વધુ ઈજાગ્રસ્ત

શ્રીલંકાથી એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. અહીં જેલમાં ફાટી નીકળેલા ગેંગવોરમાં 4 ગાર્ડ અને 19 કેદીઓના મોતના અહેવાલ સામે આવ્યા છે. આ ગેંગવોરમાં અત્યાર સુધીમાં 100 થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી સામે આવી છે. શ્રીલંકામાં છેલ્લા 6 વર્ષ કરતાં પણ વધુ સમય બાદ કોઈ જેલમાં ફાટી નીકળેલી આ સૌથી મોટી હિંસા છે. એક અહેવાલ અનુસાર રાજધાની કોલંબોમાં મુખ્ય જેલમાં ડ્રગ્સના ધંધા સંબંધિત બે ગેંગના કેદીઓ વચ્ચે આખી રાત અથડામણ ચાલી હતી. હિંસા બાદ ઘાયલોને કોલંબોના ઉત્તરમાં આવેલી નેગોમ્બો હોસ્પિટલ ખસેડાયા હતા. હોસ્પિટલના ડિરેક્ટર પુષ્પા ગામથાલે જણાવ્યું કે સરકારી હોસ્પિટલમાં 23 મૃતદેહો લવાયા હતા અને 100થી વધુ કેદીઓ અને ગાર્ડને સારવાર માટે દાખલ કરાયા હતા. ઘણા લોકોને ગોળી વાગી છે જ્યારે અમુક લોકોને માર કાટ અને ગંભીર ઈજાઓ પહોંચી છે.

### 'કયા ભ્રમમાં છો? ભારત જેવો દેશ પણ અમારી પડખે...', નેતન્યાહૂનો અમેરિકાને સણસણતો જવાબ

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સૈન્ય સંઘર્ષ અને અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ સમજૂતીને લઈને વધી રહેલા તણાવ વચ્ચે ઈઝરાયલના રાષ્ટ્રપ્રમુખ બેન્જામિન નેતન્યાહૂનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. નેતન્યાહૂએ અમેરિકાના ઉપ પ્રમુખ જે.ડી. વેન્સના એ દાવાને સ્પષ્ટપણે ફગાવી દીધો છે. જેમાં વેન્સે કહ્યું હતું કે સમગ્ર વિશ્વમાં અમેરિકા જ ઈઝરાયલનો એકમાત્ર શક્તિશાળી સાથી દેશ બચ્યો છે. નેતન્યાહૂએ અમેરિકી ન્યૂઝ ચેનલ 'ફોક્સ ન્યૂઝ'ને આપેલા ઈન્ટરવ્યુમાં ભારતનો ખાસ ઉલ્લેખ કરીને વેન્સને જડબાતોડ જવાબ આપ્યો છે. નેતન્યાહૂએ જે.ડી. વેન્સના નિવેદનનો જવાબ આપતા હળવા અંદાજમાં અને કટાક્ષમાં જણાવ્યું કે, 'અમારી પાસે બીજા પણ ઘણા મિત્રો છે. જેમ કે ભારત જેવો એક 'નાનો' દેશ, તમે જાણો છો ને, ત્યાં 1.4 અબજ (140 કરોડ) લોકો રહે છે અને સાચું કહું તો, અમને ત્યાંથી જબરદસ્ત સમર્થન મળી રહ્યું છે.' તેમણે ઉમેર્યું કે, 'મને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર પણ ભારત તરફથી ખૂબ જ મોટો સપોર્ટ મળે છે.

ફ્લાઈટ્સ રદ, રેલવે ટ્રેક ડૂબ્યા, વિદેશી જહાજ ફસાયું

# મહારાષ્ટ્રમાં મુશળધાર વરસાદ : રેડ એલર્ટ અપાયુ

મુંબઈ



મહારાષ્ટ્રમાં સતત થઈ રહેલા મુસળધાર વરસાદે જનજીવનને અસ્તવ્યસ્ત કરી દીધું છે. મુંબઈ અને પાલઘર સહિતના વિસ્તારોમાં સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. આ આફત વચ્ચે મુંબઈના બોરીવલી પશ્ચિમમાં આવેલા ગોરાઈ-મનોરી બીચ પાસે સમુદ્રમાં એક મોટું વિદેશી જહાજ ફસાઈ જતાં સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ છે. ઘટનાની જાણ થતાં જ ગોરાઈ પોલીસ, કોસ્ટ ગાર્ડ અને ભારતીય નૌસેનાની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. આ જહાજ અહીં કેવી રીતે પહોંચ્યું અને તેની પાછળ કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ છે કે નહીં, તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. હવામાન વિભાગ (IMD) દ્વારા આગામી સમય માટે રાજ્યમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મુંબઈ, રાયગઢ, પાલઘર, પુણે અને નાસિક એમ 5 મુખ્ય જિલ્લાઓમાં અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આ દરમિયાન 80 થી 90 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાઈ શકે છે. આ ઉપરાંત સમુદ્રમાં 4 થી 5 મીટર ઊંચા મોજા ઉછળવાની અને હાઈ ટાઈડની આશંકા હોવાથી પ્રશાસને લોકોને દરિયા કિનારે ન જવાની અપીલ કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. શશિકાંતના જણાવ્યા અનુસાર, ગુજરાત, સૌરાષ્ટ્ર, દરિયાકાંઠાના મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળ સહિતના પશ્ચિમ કિનારે 'ખૂબ જ ભારે' થી 'અત્યંત ભારે' વરસાદની સંભાવના છે.

## પહલગામ આતંકી હુમલા પાછળ હાફિઝ સઈદનો હાથ, NIAએ ચાર્જશીટમાં ખોલી પાકિસ્તાનની પોલ


નવી દિલ્હી

રાષ્ટ્રીય તપાસ એજન્સી(NIA)એ પહલગામ આતંકી હુમલા મામલે પાકિસ્તાની પોલ ખોલી છે. એજન્સીએ પાકિસ્તાનમાં બેઠેલા આતંકી અને લશ્કર-એ-તૈયબા (LeT)ના વડા હાફિઝ સઈદ વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી દીધી છે. આ મામલો 22 એપ્રિલ, 2025ના રોજ થયેલા ભયાનક પહેલગામ આતંકી હુમલા સાથે જોડાયેલો છે, જેમાં 25 પ્રવાસીઓ અને 1 સ્થાનિક નાગરિક સહિત કુલ 26 નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. એનઆઈએના જણાવ્યા અનુસાર, હાફિઝ સઈદ (Hafiz Saeed) પર વ્યક્તિગત રીતે અને પ્રતિબંધિત સંગઠન લશ્કર-એ-તૈયબા તેમજ તેના પ્રોક્સી સંગઠન 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' (TRF)ના વડા તરીકે ગુનો નોંધવામાં આવ્યો છે. તપાસ એજન્સીએ આતંકી સઈદ પર ભારતીય ન્યાય સંહિતા (BNS)-2023 અને યુએપીએ (UAPA)-1967ની ગંભીર ધારાઓ લગાવી છે. તેના પર સરહદ પારથી કાવતરું રચીને ભારત વિરુદ્ધ યુદ્ધ છેડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ સપ્લીમેન્ટરી ચાર્જશીટ અગાઉ રજૂ કરાયેલી 1597 પાનાની મુખ્ય ચાર્જશીટનો જ એક ભાગ છે.

કૃષ્ણ મોહનને સોંપાઈ કમાન, આગામી બેઠક 22 જુલાઈએ

# રામ મંદિર દાન ચોરી મામલે ટ્રસ્ટની બેઠક, ચંપત રાયનું રાજીનામું

નવી દિલ્હી



અયોધ્યા રામ મંદિરમાં દાનની ચોરીના ભારે વિવાદ વચ્ચે સોમવારે, 6 જુલાઈએ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની એક તાકીદની બેઠક યોજાઈ હતી. વિવાદ વ્યાપક બનતા 11 જુલાઈએ યોજાનારી આ બેઠક વહેલી બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં ટ્રસ્ટીઓએ એક ઐતિહાસિક નિર્ણય લેતા વર્તમાન જનરલ સેક્રેટરી (મહામંત્રી) ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાના રાજીનામાને સર્વાનુમતે મંજૂર કરી દીધા છે. દાન ચોરીનો મામલો સામે આવ્યા બાદ બંને પદાધિકારીઓની ભૂમિકા પર સવાલો ઉઠી રહ્યા હતા અને SIT તપાસ શરૂ થતાં જ બંનેએ રાજીનામા આપી દીધા હતા. ટ્રસ્ટના કોષાધ્યક્ષ સ્વામી ગોવિંદ દેવ ગિરીએ જણાવ્યું કે, દાન ચોરીની આ ઘટનાથી આખું ટ્રસ્ટ અત્યંત આહત અને દુખી છે. ચોરી નાની હતી કે મોટી તે મહત્વનું નથી, પરંતુ આવું વાતાવરણ કેમ બનવા દેવાયું તે ચિંતાનો વિષય છે. આ આરોપોને કારણે દેશભરમાં મંદિરની બદનામી થઈ રહી હોવાથી, ચંપત રાય અને અનિલ મિશ્રાએ નૈતિક જવાબદારી સ્વીકારીને પોતાના રાજીનામા આપ્યા હતા, જે ટ્રસ્ટના બંધારણના નિયમો હેઠળ સ્વીકારી લેવામાં આવ્યા છે. આ બેઠકમાં બંને પદાધિકારીઓ સામેલ થયા નહોતા અને તેમને બહાર જ રોકી દેવાયા હતા. ચંપત રાયની વિદાય બાદ ટ્રસ્ટે પૂર્વ IFS અધિકારી અને ટ્રસ્ટના સભ્ય કૃષ્ણ મોહનને નવા અંતરિમ જનરલ સેક્રેટરી તરીકે નિયુક્ત કર્યા છે અને ભવિષ્યની તમામ વહીવટી જવાબદારીઓ તેમને સોંપી દીધી છે.

# ખાખીના ઓથા હેઠળ મોતનો કારોબાર: જેલ રિટર્ન કોન્સ્ટેબલ 'હનુ કામડિયા' બન્યો કરજણનો અઘોષિત ડોન!

## PI પટેલની છત્રછાયા અને બરોડા LCB ની મીઠી નજર હેઠળ કરોડોનું હપ્તાખોરી નેટવર્ક: શું હોંશિયાર SP અગ્રવાલ અને ગાંધીનગરની SMC આ કલંકિત ત્રિપુટીનો સફાયો કરશે કે જનતા લઠ્ઠાકાંડનો ભોગ બનશે?

વડોદરા / કરજણ

ગુજરાત સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિના લીરેલીરા ઉડાવતો એક અત્યંત સળગતો અને શરમજનક કિસ્સો વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી સામે આવ્યો છે. કાગળ પર દારૂબંધીના મસમોટા દાવાઓ વચ્ચે કરજણના ગામડે-ગામડે આજે પોલીસના જ આશીર્વાદથી ઈંગ્લિશ દારૂ, કેમિકલયુક્ત દેશી દારૂ, જુગાર અને ચરસ-ગાંજાનું સામ્રાજ્ય બેખોફ થઈને ધમધમી રહ્યું છે. આ કાળા કારોબારના તાર કરજણ પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફના એક એવા વહીવટદાર સાથે જોડાયેલા છે, જે કાયદાને પોતાના ખિસ્સામાં સમજીને આખું નેટવર્ક ઓપરેટ કરી રહ્યો છે!

### મોતનો સામાન અને વડોદરાથી આવતા જુગારીઓ: કરજણના 4 ડેન્જર ઝોન!

કુરાલી (પાણીની ટાંકી પાસે): અહીં નવી નગરીમાં જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડી યુવાધનને બરબાદ કરવામાં આવી રહ્યું છે.

સાપા ગામ (નવી વસાહત): આ ગામ વડોદરા શહેરના જુગારીઓ માટે સેફ હેવન બની ગયું છે. સ્પેશિયલ બહારથી જુગારીઓ અહીં નસીબ અજમાવવા આવે છે અને પોલીસ મૂકપ્રેક્ષક બની તમાશો જોવે છે.

કંડારી ગામ: ગામના ખૂણે-ખૂણે દેશી દારૂના વેચાણ કેન્દ્રો ખૂલી ગયા છે, જાણે અસામાજિક તત્વોને કાયદાનો કોઈ ખોફ જ ન હોય!

કરમડી ગામ: આ ગામ ચોવીસ કલાક ઝેર ઓકતી દેશી દારૂની ભઠ્ઠીઓનું હબ બની ગયું છે. કેમિકલયુક્ત ઝેરી દારૂનું અહીં બેરોકટોક ઉત્પાદન થઈ રહ્યું છે. સવાલ એ થાય છે કે, શું આ ભ્રષ્ટ તંત્ર કરજણની ધરતી પર વધુ એક 'લઠ્ઠાકાંડ' અને માસૂમોની લાશો પડવાની રાહ જોઈ રહ્યું છે?

### જેલના સળિયા ગણી આવેલો ભ્રષ્ટ કોન્સ્ટેબલ

### ફરી 'કમાઉ દીકરો' કેવી રીતે બન્યો?

આ આખા ગેરકાયદેસર નેટવર્કનો અસલી માસ્ટરમાઈન્ડ કરજણ પોલીસનો કલંકિત કોન્સ્ટેબલ હનુભા ઉર્ફે હનું કામડિયા હોવાનું સામે આવ્યું છે. અગાઉ રૂપિયા ૨૩ લાખના વિદેશી દારૂના મસમોટા કૌભાંડમાં બુટલેગરો સાથે સીધી સાંઠગાંઠમાં આ હનું કામડિયા જેલની હવા ખાઈ આવ્યો છે! તેને સસ્પેન્ડ કરી જિલ્લા બહાર હાંકી કઢાયો હતો.



વહીવટદાર હનું કામડિયા

પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, જેલમાંથી છૂટતાની સાથે જ કયા રાજકીય આકાના ઈશારે આ નફ્ફટ કોન્સ્ટેબલને ફરી કરજણ પોલીસ સ્ટેશનમાં જ મલાઈદાર પોસ્ટિંગ મળી ગયું? કરજણના પી.આઈ. પટેલ માટે આ હનુભા સોનાની લગડી સમાન 'કમાઉ દીકરો' સાબિત થઈ રહ્યો છે. પી.આઈ. પટેલની છત્રછાયામાં હનુભા અત્યારે ફરી બુટલેગરો સાથે સીધું ગઠબંધન કરીને વિદેશી દારૂનું કટિંગ કરાવી રહ્યો છે અને આ કાળા વહીવટમાંથી તેણે કરોડો રૂપિયાની અપ્રમાણસર મિલકતો અને સામ્રાજ્ય ઊભું કરી લીધું હોવાની ચર્ચા છે.

### LCB સુધી લાખોની લ્હાણી? ગૃહમંત્રીના આદેશો કરજણના પાદરે ફેઈલ!


ચોંકાવનારી વિગતો મુજબ, કરજણમાં માત્ર દારૂ-જુગાર જ નહીં પણ ગાંજા અને ચરસ જેવા નશાના નેટવર્ક પણ સક્રિય છે. જિલ્લાની સ્થાનિક ગુના શોધક શાખા (LCB) પણ આ અડ્ડાઓ સામે આંખ આડા કાન કરી રહી છે, કારણ કે સૂત્રોના જણાવ્યા મુજબ વહીવટદાર હનુભા દર મહિને લાખો રૂપિયાના હપ્તા છેક ઉપર સુધી પહોંચાડે છે! આ વહીવટદારની દાદાગીરી એટલી હદે વધી ગઈ છે કે તે રાજ્યના ગૃહમંત્રી અને ઉપમુખ્યમંત્રીના કડક આદેશોને પણ ઘોળીને પી ગયો છે અને સરકારની છબી ખરડી રહ્યો છે. આ મામલે ગાંધીનગર SMC (સ્ટેટ મોનિટરિંગ સેલ) માં પણ લેખિત ફરિયાદો થઈ ચૂકી હોવાનું બહાર આવ્યું છે.

### 'પાક્કો ગુજરાત'ના સીધા, સણસણતા અને તીખા સવાલો:

1. વડોદરા જિલ્લા પોલીસ વડા અગ્રવાલ સાહેબ આ જેલ રિટર્ન ભ્રષ્ટ વહીવટદાર હનું કામડિયા અને તેને છાવરતા PI પટેલની અપ્રમાણસર કરોડોની મિલકતોની તપાસ કરાવી તેમને સસ્પેન્ડ કરશે કે પછી હપ્તાખોરીની સિસ્ટમ ચાલતી રહેશે?
2. ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) કરજણના કુરાલી, સાપા, કંડારી અને કરમડી ગામના અડ્ડાઓ પર ક્યારે ગુપ્ત દરોડા પાડીને ખાખી-બુટલેગરના નેક્સસ પર બુલડોઝર ફેરવશે?
3. રાજકીય આકાઓના જોરે કૂદતા બુટલેગરો અને હપ્તાખોર ખાખીના ભ્રષ્ટ ચહેરાઓ સામે ગાંધીનગરથી ક્યારે એક્શન લેવાશે?

### પાક્કો ગુજરાતનો ખુલ્લો પડકાર:

કરજણની જનતા હવે આ નરકાગારથી ત્રાહિમામ પોકારી ગઈ છે. જો આ નશાના અડ્ડાઓ અને કરોડોનો ભ્રષ્ટાચાર તાત્કાલિક બંધ નહીં થાય, તો 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ ભ્રષ્ટ ત્રિપુટીના ઓડિયો-વીડિયો પુરાવા અને કરોડોની બેનામી મિલકતોના દસ્તાવેજો સાથે આગામી અંકમાં મહાવિસ્ફોટ કરશે! તૈયાર રહેજો!





ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# ચૈતર વસાવાનું ધારાસભ્ય પદ રદ કરવાનો નિર્ણય લટકી પડ્યો, ભાજપને ગળે હાડકું ભરાયું

**રાજપીપલા**

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટે સાત વર્ષની સજા ફટકારી દીધી છે. નિયમ એવો કહે છે કે બે વર્ષથી વધુ સજા થાય એટલે ધારાસભ્ય પદ આપોઆપ 'નોન-વર્કિંગ મોડ'માં આવી જાય. કોર્ટના ઓર્ડરને આજે પંદરેક દિવસ વિત્યાં છે ત્યારે હજુ સુધી ચૈતર વસાવાનું પદ સત્તાવાર રીતે રદ થયું નથી. આ નિર્ણય કેમ વિલંબમાં મૂકાયો છે તે મુદ્દે રાજકીય ગલીયારીમાં ચર્ચા થઈ રહી છે. ભાજપની મોડસઓપરેન્ડી રહી છે કે, વિરોધીઓને કાં તો પક્ષપલટો કરાવે છે, કાં તો ખોટા કેસમાં જેલમાં ધકેલે છે. ચૈતર વસાવાના કિસ્સામાં પણ કંઈક આવું જ બન્યું છે પણ ભાજપનો આખોય ખેલ ઊંધો પડે તેમ છે. આ જોતાં આ કિસ્સામાં ભાજપ સરકારે તેલ જુઓ, તેલની ધાર જુઓની નીતિ અપનાવવી પડી છે.

રાજકીય ગલીયારીમાં ચર્ચા છે કે, નર્મદા જિલ્લામાં આપનું રાજકીય પ્રભુત્વ વધ્યું છે. એટલું જ નહીં. ભાજપના રાજકીય પેંતરા વચ્ચે પણ ચૈતર વસાવા નર્મદા જિલ્લા પંચાયત કબજે કરવામાં સફળ રહ્યાં છે. આ જોતાં ભાજપે ચૈતરના વિજયરથને રોકવા માટે ચૈતર વસાવાને કેસરિયો ખેસ પહેરાવવા અથાગ પ્રયાસો કર્યા હતા. આમ છતાંય આ દાવ સફળ થયો ન હતો. આખરે વન કર્મચારી પર હુમલો કરવાના કિસ્સામાં ધારાસભ્ય ચૈતર વસાવાને જેલમાં જવાની નોબત આવી છે. હવે જ્યારે ચૈતર વસાવાનું ધારાસભ્યનું પદ રદ કરવાની વાત આવી છે ત્યારે આ નિર્ણય લેવો ભાજપ સરકાર માટે કઠિન બન્યો છે તેનું કારણ એછેકે, અસલી ખેલ તો આદિવાસી વોટબેન્કનો છે.

# ઈન્સ્ટાગ્રામ પર રીલની જાહેરાત જોઇને યુકેમાં શિક્ષિકાની નોકરી મેળવવા જતા મહિલાએ 12.52 લાખ ગુમાવ્યા

**ઉના**

યુકેમાં શિક્ષકની નોકરી મેળવવા જતા કરજણ તાલુકાના વલણ ગામની શિક્ષિકા ઓનલાઈન ભેજાબાજોનો ભોગ બની હતી. ઈન્સ્ટાગ્રામ પર આવેલી જાહેરાતની રીલ જોઈને યુકેનું સપનું સાકાર કરવા જતા શિક્ષિકાએ રૂા.૧૨.૫૨ લાખ ગુમાવ્યા છે.

કરજણ તાલુકાના વલણ ગામમાં રહેતી શિક્ષિકા નફિસાબેને પોલીસમાં ફાસ્ટટ્રેક ઈમિગ્રેશન ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના ઈરફાન મોહંમદ સામે નોધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે હું સાંસરોદની સ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરું છું.

તા.૧૫ જાન્યુઆરીના રોજ હું ઈન્સ્ટાગ્રામ જોતી હતી ત્યારે ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન પોસ્ટ આવી હતી જેમાં શિક્ષક સહિત વિવિધ પદો માટેની નોકરીની વિગતો હતી. મેં આ પોસ્ટ પર ક્લિક કરી મેસેજ કરી નોકરી માટે વધુ માહિતી માગતા મને યુકેનો એક નંબર આપ્યો અને તે નંબર પર મેસેજ કરવા જણાવ્યું હતું.

આ નંબર પર મેં મેસેજ કરતા એક લિંક મળી હતી જેને ઓપન કરતા વિવિધ માહિતીઓનો ઉલ્લેખ હતો. પ્રાથમિક માહિતી મેં તેમને માગ્યા મુજબ મોકલી હતી પરંતુ બાદમાં મારી પર્સનલ માહિતી માગતા મેં ના પાડી અને નામ પૂછતા મોહંમદ ઈરફાન જણાવ્યું હતું અને બાદમાં હાલમાં મારે કશુ કરવું નથી તેમ કહ્યું હતું. થોડા દિવસો બાદ યુકેમાં મારા સંબંધીઓને પૂછપરછ કરતા તેમણે ફાસ્ટ ટ્રેક ઈમિગ્રેશન યુકેમાં છે તેમ કહેતા મેં મારા ડોક્યૂમેન્ટ મોહંમદ ઈરફાનને મોકલ્યા હતાં.

# સુરતમાં ધોધમાર વરસાદમાં તાપી ભવન પર જર્જરિત આવાસના રહીશોનો હલ્લાબોલ

**સુરત**

સુરતના ભેસ્તાન વિસ્તારમાં આવેલા સરસ્વતી આવાસ અને ભીમનગર આવાસના જર્જરિત મકાનોમાં રહેતા પરિવારો સોમવારે સુરત મહાનગરપાલિકાના તાપી ભવન ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ધોધમાર વરસાદ વચ્ચે પણ મહિલાઓ, વૃદ્ધો અને બાળકો સહિતના રહીશોએ પાલિકા સામે સૂત્રોચ્ચાર કરીને પોતાની વર્ષો જૂની માંગણીઓનો ઉગ્ર અવાજ ઉઠાવ્યો હતો. અસરગ્રસ્તોનો આક્ષેપ છે કે, છેલ્લા 11 વર્ષથી સતત રજૂઆતો કરવા છતાં પાલિકા તંત્ર દ્વારા ન તો પુનઃવિકાસ કરવામાં આવ્યો છે અને ન તો વૈકલ્પિક આવાસ કે ભાડાની કોઈ વ્યવસ્થા કરવામાં આવી છે. પાલિકાના તાપી ભવન ખાતે આજે વરસતા વરસાદમાં આવાસના અસરગ્રસ્તોનો એક મોરચો આવ્યો હતો. વરસતા વરસાદમાં અસરગ્રસ્તોએ આક્ષેપ કર્યો હતો કે, ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના હેઠળ તેમને પાકા મકાનો ફાળવવામાં આવ્યા હતા, પરંતુ નબળી ગુણવત્તાના બાંધકામને કારણે મકાનો થોડા જ વર્ષોમાં જર્જરિત બની ગયા હતા. છેલ્લા ઘણા વર્ષોથી સ્લેબના પોપડા પડવા સહિતની ઘટનાઓ વચ્ચે લોકો જીવના જોખમે રહેવા મજબૂર બન્યા છે. અનેક રજૂઆતો અને પત્રો આપવા છતાં સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. વિરોધ દરમિયાન વરસાદ શરૂ થતાં પણ અસરગ્રસ્તો સ્થળ પરથી હટ્યા નહોતા ધોધમાર વરસાદની વચ્ચે પણ પુરુષો, મહિલાઓ અને વૃદ્ધો કચેરીની બહાર ઊભા રહ્યા હતા અને પલળતા પલળતા પણ પોતાનો આક્રોશ વ્યક્ત કરવાનું ચાલુ રાખ્યું હતું. આવી રીતે પણ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, મકાનો ખાલી કરવા દબાણ કરવામાં આવે છે, પરંતુ રહેવા માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કે ભાડું આપવામાં આવતું નથી જેના કારણે અસરગ્રસ્તની હાલત કફોડી થઈ રહી છે.

# ધંધુકાનો બાજરડા-મોટા ત્રાડિયા માર્ગ જળમગ્ન:ઉપરવાસથી આવતાં પાણી ખેતરો અને માર્ગ પર ફરી વળ્યાં; અવરજવર ખોરવાઈ

**ધંધુકા**

ધંધુકા તાલુકાના બાજરડા ગામથી મોટા ત્રાડિયા તરફ જતો મુખ્ય માર્ગ ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને કારણે સંપૂર્ણપણે જળમગ્ન બન્યો છે. માર્ગ પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે, જેના પરિણામે વાહનચાલકો અને ગ્રામજનોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ઉપરવાસમાંથી આવેલા પાણીના પ્રવાહને કારણે માર્ગની આસપાસના અનેક ખેતરો અને નીચાણવાળા વિસ્તારો પણ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ખેતરોમાં ઊભા પાકને નુકસાન થવાની ભીતિથી ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે. પાણીનો પ્રવાહ યથાવત રહેતા લોકો સાવચેતીપૂર્વક અવરજવર કરી રહ્યા છે.

સ્થાનિકોએ તંત્રને આ પરિસ્થિતિનું તાત્કાલિક નિરીક્ષણ કરી જરૂરી પગલાં લેવા અને માર્ગ પરથી પાણીના ઝડપી નિકાલની વ્યવસ્થા કરવા માંગ કરી છે. વરસાદી સ્થિતિને ધ્યાનમાં રાખીને, અનિવાર્ય કામ સિવાય આ માર્ગ પર મુસાફરી ટાળવા અને સાવચેતી રાખવા વાહનચાલકોને અપીલ કરવામાં આવી છે.

પંથકના વિવિધ વિસ્તારોમાં ક્યાંક ધીમીધારે તો ક્યાંક મુશળધાર વરસાદ વરસ્યો હતો, વરસાદને કારણે ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ વરસાદ ખેતી માટે લાભદાયી સાબિત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. વરસાદી વાતાવરણને કારણે અનેક સ્થળોએ લોકો ઘરની બહાર નીકળી વરસાદની મજા માણતા જોવા મળ્યા હતા, જ્યારે બાળકો પણ વરસાદમાં રમતા નજરે પડ્યા હતા.

**કેન્દ્રના રિપોર્ટમાં ગુજરાતના શિક્ષણનો અસલી ચહેરો ખુલ્લો પડ્યો**

# ધો.12 પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ દેશની સરેરાશ કરતાં 10 ટકા ઓછા, કોલેજ એનરોલમેન્ટમાં રાજ્ય 23માં ક્રમે

**અમદાવાદ**

કેન્દ્ર સરકારના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ અંતર્ગત જાહેર થયેલા પ્રોગ્રેસ રિપોર્ટમાં ક્વોલિટી એજ્યુકેશન એટલે કે ગુણવત્તાયુક્ત શિક્ષણના વિષયમાં ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાની ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી એક વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ સરકારી આંકડાઓ ટાંકીને રાજ્ય સરકારની શિક્ષણ નીતિઓ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પર રીલ બનાવવામાં વ્યસ્ત મંત્રીઓએ હવે ગ્રાઉન્ડ રિયાલિટી એટલે કે વાસ્તવિક પરિસ્થિતિ પર ધ્યાન આપવાની તાતી જરૂર છે. સરકારી અહેવાલના સત્તાવાર આંકડાઓ મુજબ, વર્ષ ૨૦૨૪-૨૫ માં ગુજરાતમાં ગ્રેડ ૧૨ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓની ટકાવારી માત્ર ૫૦.૨ ટકા નોંધાઈ છે. આનો સીધો અર્થ એ થાય છે કે રાજ્યમાં ૪૯.૧૮ ટકા જેટલા બાળકો પોતાનું ધોરણ ૧૨નું શિક્ષણ પણ પૂર્ણ કરી શકતા નથી. તેની સરખામણીએ સમગ્ર દેશમાં ધોરણ ૧૨ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓની રાષ્ટ્રીય સરેરાશ ૬૧.૧૪ ટકા છે, જે ગુજરાત કરતાં અંદાજે ૧૦ ટકા વધારે છે. આ જ રીતે, વર્ષ ૨૦૨૪-૨૫ માં ગુજરાતમાં હાયર સેકન્ડરીમાં વિદ્યાર્થીઓનો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૪૭.૩ ટકા રહ્યો છે, જે દર્શાવે છે કે ૫૨ ટકાથી વધુ વિદ્યાર્થીઓ હાયર સેકન્ડરી સુધી પહોંચી જ શકતા નથી, જ્યારે રાષ્ટ્રીય સ્તરે આ રેશિયો ૫૮.૪ ટકા જેટલો ઊંચો છે.

ઉચ્ચ શિક્ષણની સ્થિતિ વધુ દયનીય હોવાનું આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે. વર્ષ ૨૦૨૨-૨૩ ના પ્રોવિશનલ ડેટા અનુસાર, કોલેજ લેવલના ફોર્મલ એજ્યુકેશન એટલે કે ટર્સરી એજ્યુકેશનમાં ગુજરાતમાં માત્ર ૨૬.૨ ટકા વિદ્યાર્થીઓએ જ ગ્રોસ એનરોલમેન્ટ કરાવ્યું હતું. આનો મતલબ એ છે કે ૭૩. ટકા વિદ્યાર્થીઓ કોલેજ શિક્ષણથી વંચિત રહી જાય છે અથવા આગળ અભ્યાસ કરતા નથી. આ નબળા પ્રદર્શનના કારણે કોલેજ એનરોલમેન્ટની બાબતમાં દેશના રાજ્યો અને સંઘ પ્રદેશોની યાદીમાં ગુજરાત છેક ૨૩માં ક્રમે આવી ગયું છે.

આ ઉપરાંત પ્રાથમિક કક્ષાએ નેટ એનરોલમેન્ટ ૭૭.૯ ટકા અને ઉચ્ચ પ્રાથમિકમાં ૬૭.૫ ટકા જેટલું નીચું નોંધાયું છે. પરખ રાષ્ટ્રીય સર્વેક્ષણના આંકડાઓ વિદ્યાર્થીઓના પાયાના જ્ઞાનની નબળાઈઓ છતી કરે છે. ધોરણ ૩, ધોરણ ૬ અને ધોરણ ૯ માં ભાષા અને ગણિત વિષયમાં વિદ્યાર્થીઓનું ન્યૂનતમ શૈક્ષણિક પ્રાવીણ્ય રાષ્ટ્રીય સરેરાશ કરતાં ઘણું નીચું છે.

ખાસ કરીને ધોરણ ૯ માં ભાષાનું શૈક્ષણિક પ્રાવીણ્ય ૨૪ ટકા છે, જેની સામે રાષ્ટ્રીય સરેરાશ ૩૧ ટકા છે. ગણિતમાં તો સ્થિતિ અત્યંત ગંભીર છે, જ્યાં રાષ્ટ્રીય સરેરાશ ૧૧ ટકા સામે ગુજરાતના માત્ર ૩ ટકા વિદ્યાર્થીઓ જ ન્યૂનતમ પ્રાવીણ્ય ધરાવે છે.



**પાલીતાણા પંથકમાં સિંહનો આતંક**

# ગરાજીયા ગામે માલઢોર ચરાવતા પશુપાલક પર સિંહનો ઘાતક હુમલો

**ભાવનગર**

ભાવનગર જિલ્લાના પાલીતાણા પંથકમાંથી વન્ય પ્રાણીના હુમલાની વધુ એક અત્યંત ચોંકાવનારી અને હૃદયકંપાવી દેનારી ઘટના સામે આવી છે. પાલીતાણાના ગરાજીયા ગામે સીમ વિસ્તારમાં માલઢોર ચરાવી રહેલા એક નિર્દોષ પશુપાલક પર સિંહે ઓચિંતો અને ઘાતક હુમલો કરી દીધો છે. સિંહના આ હિંસક હુમલામાં પશુપાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી છે. આ ઘટનાને પગલે સમગ્ર ગરાજીયા ગામ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ફફડાટ અને વન વિભાગ સામે રોષ વ્યાપી ગયો છે. પ્રાપ્ત પ્રાથમિક વિગતો અનુસાર, ગરાજીયા ગામે રહેતા પશુપાલક કાળુભાઈ બોઘાભાઈ પરમાર રોજની જેમ પોતાના માલઢોર (ઢોર-ઢાંખર) લઈને સીમમાં ચરાવવા માટે ગયા હતા.

આ દરમિયાન ઝાડીઓમાંથી અચાનક એક સિંહે તેમની પર તરાપ મારી દીધી હતી. કાળુભાઈ કંઈ સમજે કે બચાવનો પ્રયાસ કરે તે પહેલાં જ સિંહે તેમને પંજા મારીને લોહીલુહાણ કરી નાખ્યા હતા. કાળુભાઈની ચીસાચીસ અને માલઢોરના અવાજને કારણે આસપાસથી લોકો દોડી આવતા સિંહ ત્યાંથી ભાગી છૂટ્યો હતો અને કાળુભાઈનો જીવ માંડ-માંડ બચ્યો હતો.

**સાબરકાંઠામાં ખાણ-ખનીજ, પોલીસ અને મામલતદારની ઘોર બેદરકારી**

# અધિકારીઓએ આંખ આડાકાન કરતાં કાળમુખા ડમ્પરો બન્યા બેફામ

**ઈડર**

સાબરકાંઠા જિલ્લાના સરહદી પંથકમાંથી કાયદાના આબરૂના ધજાગરા ઉડાવતો અને સરકારી તંત્રના આશીર્વાદથી ચાલતો એક મોટો ખનીજ ચોરીનો કાળો કારોબાર સામે આવ્યો છે. ઈડર, ખેડબ્રહ્મા અને વિજયનગરથી રાણી માર્ગે દોડતા નંબર પ્લેટ વગરના કાળમુખા ડમ્પરો અત્યારે સ્થાનિક જનતા માટે મોતનું બ્યુગલ બનીને દોડી રહ્યા છે. ગુજરાતમાંથી ગેરકાયદેસર રીતે કરોડો રૂપિયાની રેતી અને ખનીજ ચોરી કરીને રાજસ્થાનના સીમાડામાં ઠાલવતા આ ભૂમાફિયાઓ સામે સ્થાનિક ખાણ-ખનીજ વિભાગ, પોલીસ તંત્ર અને મામલતદારે રહસ્યમય મૌન ધારણ કરી લીધું છે. તંત્રની આ ગુનાહિત આળસના કારણે છાશવારે માર્ગ અકસ્માતો સર્જાય છે અને નિર્દોષ આદિવાસી યુવાનો અકાળે કાળનો કોળિયો બની રહ્યા છે, છતાં ભ્રષ્ટ સાહેબો કુંભકર્ણ નિદ્રામાંથી જાગવા તૈયાર નથી!

■ **ગુજરાતની રેતી રાજસ્થાનમાં ઠલવાય છે અને અકસ્માતમાં આદિવાસી યુવાનોના મોત થાય છે!**

ક્ષમતા કરતાં વધુ લોડિંગ અને નંબર વગરની ગાડીઓ: કોનો વરદહસ્ત છે?

આ આખા કૌભાંડ અંગે મોધરી ગામના આદિવાસી સમાજના અગ્રણી હરપાલભાઈ ડામોર અને વિજયનગરના સામાજિક અગ્રણીઓએ પાક્કો ગુજરાત ન્યૂઝ સમક્ષ પોતાનો ઉગ્ર આક્રોશ ઠાલવતા જણાવ્યું છે કે, ઈડર-ખેડબ્રહ્મા-વિજયનગર હાઈવે અત્યારે ભૂમાફિયાઓ માટે મોકળું મેદાન બની ગયો છે. ઓવરલોડિંગની તમામ મર્યાદાઓ નોતરિયા વગર, નંબર પ્લેટ વગરના ડમ્પરો બેફામ ગતિએ દોડે છે. અકસ્માત કરીને ભાગી જવામાં સરળતા રહે તે માટે જ આ ડમ્પરો પર નંબર પ્લેટો લગાડવામાં આવતી નથી, જે સીધેસીધો આરટીઓ (RTO) અને પોલીસ તંત્રને ખુલ્લો પડકાર છે. આ રાક્ષસી વાહનો નીચે કચડાઈને આદિવાસી સમાજના આશાસ્પદ યુવાનો જીવ ગુમાવી રહ્યા છે, જેના કારણે સ્થાનિક પરિવારોમાં આક્રંદ અને આક્રોશનો માહોલ છે.

તંત્ર કૂંભકર્ણ નિદ્રામાં: કલેક્ટર અને પ્રાંત અધિકારી સુધી પહોંચી લડત

સ્થાનિક રહીશો દ્વારા અનેકવાર સ્થાનિક પોલીસ અને મામલતદાર ઓફિસના ચક્કર કાપવા છતાં, જ્યારે હપ્તાખોરીની વાસ આવતી હોય તેમ કોઈ કાર્યવાહી ન થઈ, ત્યારે આખરે જનતાએ કલેક્ટર અને પ્રાંત અધિકારી (ખેડબ્રહ્મા) ના દ્વાર ખખડાવ્યા છે. ઉગ્ર રજૂઆતોના પગલે ખેડબ્રહ્માના પ્રાંત અધિકારી નિમેષભાઈ પટેલે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'અમોએ આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈને સંબંધિત વિભાગ (ખાણ-ખનીજ અને પોલીસ) ને તાકીદે કડક અને કાયદેસરની કાર્યવાહી કરવા આદેશ કર્યો છે.'

**ગોત્રી પોલીસ સ્ટેશને લોકોના ટોળેટોળાં ઉમટ્યા!**

# મંદિર-મસ્જિદ વિવાદ બાદ બહારથી આવેલા 25થી 30 લોકોના ટોળાનો સ્થાનિકો પર હુમલો

**વડોદરા**

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક અત્યંત ગંભીર અને સંવેદનશીલ ઘટના સામે આવી રહી છે. ધાર્મિક સ્થળ (મંદિર-મસ્જિદ) મુદ્દે ચાલી રહેલા વિવાદે અચાનક હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું છે. ગોત્રી વિસ્તારમાં બહારથી આવેલા અસામાજિક તત્વો દ્વારા સ્થાનિક રહીશો પર હુમલો અને મારામારી કરવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે તણાવ વ્યાપી ગયો છે અને ન્યાયની માંગ સાથે મોડી રાત્રે ગોત્રી પોલીસ સ્ટેશન બહાર સ્થાનીય લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા છે.




પ્રાપ્ત વિગતો અનુસાર, ગોત્રી વિસ્તારમાં મંદિર-મસ્જિદ મુદ્દે છેલ્લા કેટલાક સમયથી અંદરોઅંદર વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદ વચ્ચે અચાનક બહારથી આવેલા આશરે ૨૫ થી ૩૦ લોકોના એક મોટા ટોળાએ સ્થાનિક રહીશો પર ઓચિંતો હુમલો કરી દીધો હતો અને ભારે મારામારી આચરી હતી. ભોગ બનનાર સ્થાનિક રહેવાસીઓએ ગંભીર આક્ષેપ કરતાં દાવો કર્યો છે કે, હુમલો કરનારા તમામ અસામાજિક તત્વો બજરંગ દળના કાર્યકરો હતા. ધોળા દિવસે કે જાહેર માર્ગો પર આ પ્રકારે બહારથી આવીને આતંક મચાવવાની ઘટનાથી સ્થાનિક લોકોમાં ભારે રોષ અને ફફડાટ છે.

આ હિંસક હુમલા બાદ તુરંત જ સ્થાનિકો એકઠા થઈ ગયા હતા અને ન્યાયની માંગ સાથે સીધા ગોત્રી પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. જોતજોતામાં પોલીસ સ્ટેશન પરિસરમાં લોકોના મોટા ટોળા ઉમટી પડ્યા હતા અને વાતાવરણ ગરમાઈ ગયું હતું. સ્થાનિક રહીશોએ પોલીસ સમક્ષ લેખિત ફરિયાદ નોંધાવી છે અને માંગ કરી છે કે, શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનારા અને બહારથી આવીને નિર્દોષો પર હુમલો કરનારા તમામ ૨૫ થી ૩૦ આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને તેમની સામે કડક કાયદાકીય કલમો હેઠળ ગુનો નોંધી જેલ ભેગા કરાય.

પાક્કો ગુજરાત ન્યૂઝનો સિસ્ટમને સવાલ અને પોલીસ તપાસ:

શાંતિ ડહોળનારા આ તત્વો કોણ છે?: વડોદરા હંમેશાં શાંતિપ્રિય શહેર રહ્યું છે, ત્યારે ધાર્મિક મુદ્દાઓનો સહારો લઈને બહારથી આવીને આતંક મચાવનારા આ અસામાજિક તત્વો કોના ઈશારે કામ કરી રહ્યા છે?

**વડોદરા પોલીસનો મોટો સપાટો**

# ભારતીય બનાવટની ડુપ્લીકેટ ચલણી નોટો સાથે મનિષ પાનસુરીયા ઝડપાયો

**વડોદરા**

વડોદરામાં ગુનેગારો અને અસામાજિક તત્વો સામે લાલઆંખ કરી રહેલી વડોદરા સિટી પોલીસે દેશના અર્થતંત્રને મોટું નુકસાન પહોંચાડવાના એક કાવતરાનો પર્દાફાશ કર્યો છે.

પોલીસના સઘન પેટ્રોલીંગ અને બાતમીદારોના મજબૂત નેટવર્કના કારણે ભારતીય બનાવટની ડુપ્લીકેટ (નકલી) ચલણી નોટોના મોટા જથ્થા સાથે એક આરોપીને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો છે.

વડોદરા પોલીસની આ સતર્કતાથી બજારમાં નકલી નોટો ઘુસાડવાનું એક મોટું નેટવર્ક ખુલ્લું પડી ગયું છે. મળતી વિગતો અનુસાર, વડોદરા પોલીસની ટીમ જ્યારે વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે સઘન પેટ્રોલીંગમાં હતી, ત્યારે તેમને ચોક્કસ કડીઓ અને બાતમી મળી હતી કે એક ઈસમ નકલી નોટોની હેરફેર કે સપ્લાય કરવા માટે ફરી રહ્યો છે. પોલીસે સમય સૂચકતા વાપરીને તુરંત જ વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ હાલતમાં ઝડપાયેલા મનિષ ખીમજીભાઈ પાનસુરીયા નામના ઈસમને ઝડપી લીધો હતો.



**ધોધ અને નદી કિનારે જવા પર સંપૂર્ણ પ્રતિબંધ!**

# ડાંગ જિલ્લામાં મેઘરાજાની ધબધબાટી, કુદરતી સૌંદર્ય ખીલ્યું પણ જોખમ વધ્યું

**ડાંગ**

ગુજરાતનું એકમાત્ર ગિરિમથક ગણાતા ડાંગ જિલ્લામાં ચોમાસાની જમાવટ થતાં જ પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે. ભારે વરસાદને પગલે ડાંગના નાના-મોટા તમામ કુદરતી ધોધ અને નદીઓ રૌદ્ર તેમજ આકર્ષક સ્વરૂપે સક્રિય થઈ ગયા છે. ડાંગનું આ સૌંદર્ય માણવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે, પરંતુ વધતા જતા જોખમને ધ્યાનમાં રાખીને ડાંગ જિલ્લા વહીવટી તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. વરસાદી માહોલમાં કોઈપણ મોટી હોનારત કે જાનહાનિ ન સર્જાય તે માટે તંત્ર દ્વારા પ્રવાસીઓ માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને કડક ચેતવણી જાહેર કરવામાં આવી છે.

વહીવટી તંત્રના સત્તાવાર આદેશ અનુસાર, ડાંગ જિલ્લાના તમામ પ્રવાસન સ્થળો, નદીઓ અને સક્રિય થયેલા ધોધની નજીક જવા પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવી દેવામાં આવ્યો છે. ઘણીવાર પ્રવાસીઓ ઉત્સાહમાં આવીને કે સોશિયલ મીડિયા પર રીલ્સ અને સેલ્ફી બનાવવાના ચક્કરમાં નદી કે ધોધના જોખમી વહેણ સુધી પહોંચી જતા હોય છે. તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે ડાંગની નદીઓ કે ધોધના પાણીમાં નહાવા પર કે કિનારે ફરવા પર સખત મનાઈ છે. જો કોઈ નિયમોનું ઉલ્લંઘન કરતું પકડાશે, તો તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. વરસાદી માહોલને જોતાં ડાંગ પ્રશાસન દ્વારા પ્રવાસીઓની સુરક્ષા માટે તમામ સંવેદનશીલ વિસ્તારો અને ધોધની આસપાસ પોલીસ જવાનો અને સ્થાનિક વહીવટી ટીમો તૈનાત કરી દેવામાં આવી છે. ઉપરવાસમાં ક્યારે ભારે વરસાદ ખાબકે અને નદી-ધોધમાં અચાનક પૂરની સ્થિતિ સર્જાય તે કહેવું મુશ્કેલ છે, એટલા માટે સુરક્ષાના ભાગરૂપે જ આ કડક પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. પ્રવાસીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ તંત્રની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરે. જીવ છે તો જહાન છે સાહેબ!: કુદરતનો નજારો માણવો સારી વાત છે, પણ મોજ-મસ્તીના ચક્કરમાં પોતાનો કિંમતી જીવ જોખમમાં મૂકવો એ સૌથી મોટી મૂર્ખામી છે.

# પેરોલ ફર્લો સ્ક્વોડે પાકા કામના ગંભીર ગુનાના નાસતા-ફરતા આરોપીને દબોચ્યો, કાયદાના સળિયા પાછળ ધકેલાયો!

**રાજકોટ**

રાજકોટ રંગીલું હોવાની સાથે-સાથે હવે ગુનેગારો માટે ધ્રુજારી સમાન બની રહ્યું છે, કારણ કે રાજકોટ પોલીસ અત્યારે ફુલ એક્શન મોડમાં છે. રાજકોટ શહેર પોલીસ કમિશનરની કડક સૂચના અને માર્ગદર્શન હેઠળ કાર્યરત પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે એક મોટી સફળતા મેળવી છે. ગંભીર ગુનામાં અદાલત દ્વારા સજા ફટકારવામાં આવ્યા બાદ લાંબા સમયથી કાયદાની આંખમાં ધૂળ નાખીને નાસતા ફરતા પાકા કામના એક ખતરનાક આરોપીને પોલીસે ચોક્કસ બાતમીના આધારે સકંજામાં લીધો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પકડાયેલો આ આરોપી કોઈ નાના-મોટા ગુનામાં નહીં, પરંતુ પાકા કામના અત્યંત ગંભીર ગુનામાં સંડોવાયેલો હતો અને અદાલતી કાર્યવાહી બાદ તે સજા ભોગવવાથી બચવા માટે પોલીસને થાપ આપીને નાસતો-ફરતો થઈ ગયો હતો. આરોપી પોતાના આશ્રયસ્થાનો અને લોકેશન સતત બદલી રહ્યો હતો જેથી પોલીસ તેના સુધી ન પહોંચી શકે.

**જામનગરના લાલપુરમાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા**

# જગતના તાતનું દિલધડક અપહરણ કરી વૃક્ષ સાથે બાંધ્યો, રાક્ષસોની જેમ બેરહેમીથી માર માર્યો!

**જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર પંથકમાંથી કાયદાના આબરૂના ધજાગરા ઉડાવતી અને માનવતાને ઝબઝબાવી નાખતી એક અત્યંત સનસનાટીભર્યા ક્રાઈમ સ્ટોરી સામે આવી છે. લોખંડી પોલીસ બંદોબસ્ત અને કડક કાયદાના દાવાઓ વચ્ચે લાલપુરમાં અસામાજિક તત્વોએ બેફામ બનીને એક નિર્દોષ ખેડૂતનું ફિલ્મી ઢબે અપહરણ કરી લીધું હતું. એટલું જ નહીં, આ હેવાનોએ ખેડૂતને એક વૃક્ષ સાથે દોરડાથી બાંધીને રાક્ષસી માનસિકતા સાથે બેરહેમીથી ઢોર માર માર્યો હોવાની હૃદયકંપાવી દેનારી ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે અને જગતના તાતમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભોગ બનનાર ખેડૂત પોતાના ખેતરે કે સીમ વિસ્તારમાં હતો, ત્યારે અચાનક ધસી આવેલા અસામાજિક તત્વો અને માથાભારે શખ્સોએ તેમને ઘેરી લીધા હતા. કોઈ કંઈ સમજે તે પહેલાં જ ખેડૂતનું બળજબરીપૂર્વક અપહરણ કરી અવાવરુ જગ્યાએ લઈ જવામાં આવ્યા હતા. ગુનેગારોમાં પોલીસનો કે કાયદાનો સહેજ પણ ડર રહ્યો નથી, તે આ ઘટના પરથી સાબિત થાય છે. ધોળા દિવસે એક ખેડૂત સુરક્ષિત નથી, તો સામાન્ય જનતાનું શું?

અપહરણ કર્યા બાદ આ નરાધમો ખેડૂતને એક ખેતરમાં આવેલા વૃક્ષ પાસે લઈ ગયા હતા, જ્યાં તેમને પશુની જેમ દોરડાથી મજબૂત રીતે બાંધી દેવાયા હતા. ત્યારબાદ તમામ હુમલાખોરોએ લાકડીઓ અને પાઈપો જેવા હથિયારો વડે ખેડૂત પર તૂટી પડ્યા હતા. ખેડૂત પોતાનો જીવ બચાવવા માટે ચીસો પાડતો રહ્યો, કરગરતો રહ્યો, પણ આ પથ્થર દિલના ગુંડાઓને સહેજ પણ દયા ન આવી. ખેડૂતને લોહીલુહાણ અને અધમૂઈ હાલતમાં મૂકીને આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. હાલ પીડિત ખેડૂતને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાયા હોવાની માહિતી મળી રહી છે.

પાક્કો ગુજરાત

મંગળવાર | 07 જુલાઈ 2026 | અમદાવાદ

હવે માત્ર લાયસન્સ રદ નહીં, સીધી જેલ

# નકલી DAP ખાતર કૌભાંડમાં સરકારની મોટી કાર્યવાહી :4 આરોપી PBM એક્ટ હેઠળ જેલભેગા



ગાંધીનગર

ગુજરાતમાં જગતના તાત એવા ખેડૂતોને નકલી ખાતર અને બિયારણ વેચીને આર્થિક નુકસાન પહોંચાડતા અને છેતરપિંડી કરનારા તત્વો સામે રાજ્ય સરકારે હવે લાલ આંખ કરી છે. અમરેલી જિલ્લામાં તાજેતરમાં સામે આવેલા ડુપ્લિકેટ DAP ખાતર કૌભાંડમાં કડક કાનૂની પગલાં લેતા, સંડોવાયેલા ચાર આરોપીઓને 'ધ પ્રિવેન્શન ઓફ બ્લેક માર્કેટિંગ એન્ડ મેઈન્ટેનન્સ ઓફ સપ્લાય ઓફ એસેન્શિયલ કોમોડિટી' (PBM) એક્ટ-1980 હેઠળ ડિટેઈન કરીને જેલ હવાલે કરવામાં આવ્યા છે. કૃષિમંત્રીએ આ અંગે કડક વલણ અપનાવતા જણાવ્યું છે કે, ખેડૂતોના હિત સાથે ચેડાં કરનારાઓને હવે માત્ર લાયસન્સ રદ કરીને છોડી દેવામાં નહીં આવે, પરંતુ વારંવાર ગેરરીતિ આચરતા બુટલેગરો અને બ્લેક માર્કેટર્સ સામે સીધી જેલ સુધીની આકરી કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળની વર્તમાન સરકાર ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. રાજ્યમાં ડુપ્લિકેટ ખાતર-બિયારણ, કાળાબજારી તથા હલકી ગુણવત્તાની કૃષિ સામગ્રી વેચતા તત્વોના નેટવર્કને નેસ્તનાબૂદ કરવા માટે રાજ્યભરમાં સખત સર્ચ ઓપરેશન અને અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ખેડૂતોના પરસેવાની કમાણી લૂંટનારા ગમે તેવા ચમરબંધીને પણ કોઈપણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં તેવી સ્પષ્ટ ચેતવણી તંત્ર દ્વારા આપવામાં આવી છે. પોલીસ અને કૃષિ વિભાગની ઊંડી તપાસમાં સામે આવ્યું છે કે, ગઢડા તાલુકાના એક શખ્સ પાસેથી આ હલકી ગુણવત્તાનું ખાતર સસ્તા ભાવે ખરીદવામાં આવતું હતું. ત્યારબાદ આર્થિક લાભ ખાટવા માટે અમરેલી જિલ્લાના એક ગોડાઉનમાં ઈફકો તથા 'ભારત DAP'ના નામની અસલી જેવી જ દેખાતી નકલી પ્લાસ્ટિક બેગ છાપવાનું કારસ્તાન ચાલતું હતું. આ નકલી બેગમાં હલકી ગુણવત્તાનું ખાતર ભરીને બજારમાં અસલી બ્રાન્ડેડ DAP તરીકે ઊંચા ભાવે ખેડૂતોને પધરાવી દેવાતું હતું.

અમરેલીના ધારીમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ

# ધોધમાર વરસાદથી જળબંબોળની સ્થિતિ, નદી જેવા વહેતા પાણીમાં આખેઆખી ગાડીઓ ડૂબી!

અમરેલી

અમરેલી જિલ્લામાં ચોમાસાની સીઝન જામી છે ત્યારે ધારી પંથકમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવીને આકાશી આફત વરસાડી છે. ધારી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી જ શરૂ થયેલા ધોધમાર અને અનરાધાર વરસાદને કારણે સર્વત્ર જળબંબોળની સ્થિતિ સર્જાઈ ગઈ છે. નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે, જ્યાં રસ્તાઓ પર વહેતા નદી જેવા ધસમસતા પ્રવાહમાં લોકોની પાર્ક કરેલી ગાડીઓ આખેઆખી ડૂબી ગઈ હોવાના ચોંકાવનારા અહેવાલો સામે આવી રહ્યા છે. ધારીમાં ટૂંકા સમયમાં ખાબકેલા ભારે વરસાદને કારણે સ્થાનિક નદી-નાળાઓ ઉભરાયા છે. મુખ્ય બજારો, શેરીઓ અને રહેણાંક સોસાયટીઓમાં કમરતોડ પાણી ભરાઈ જતાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. વરસાદી પાણીનો પ્રવાહ એટલો જોરદાર હતો કે રસ્તા પર પાર્ક કરેલા ફોર-વ્હીલર અને ટુ-વ્હીલર વાહનો રમકડાની જેમ પાણીમાં તરતા અને ડૂબતા નજરે પડ્યા



હતા. આ ભયાનક નજારો જોઈને સ્થાનિક રહીશોમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો. આ આકાશી આફતે ધારી ગ્રામ પંચાયત અને સ્થાનિક વહીવટી તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીના ચીંથરેચીંથરા ઉડાવી દીધા છે. લાખો રૂપિયાના ખર્ચે થયેલી લાઈન સફાઈની વાતો માત્ર કાગળ પર જ રહી ગઈ હોય તેમ, પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે આખી રાત લોકોના ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી જતાં મોટું નુકસાન થયું છે. હાઈવે અને અંદરના રસ્તાઓ બંધ થતાં વાહનવ્યવહાર પણ થંભી ગયો છે.

ભ્રષ્ટાચારના પાણી ભરાયા?: સામાન્ય રીતે દર વર્ષે ધારીમાં પાણી ભરાવવાની સમસ્યા સામે આવે છે, છતાં તંત્ર દ્વારા કાયમી નિકાલ કેમ કરવામાં આવતો નથી? જનતાના ટેક્સના પૈસાથી થતી કામગીરી ક્યાં ધોવાઈ જાય છે? ખેડૂતો ચિંતામાં: ધારી પંથકના સીમ વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદને કારણે ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે, જેથી વાવણી ધોવાઈ જવાનો મોટો ભય જગતના તાત પર તોળાઈ રહ્યો છે.

ટ્રાફિક જામ અને મુસાફરો અટવાયા: વૈકલ્પિક વ્યવસ્થા ક્યાં?

# તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી ધોવાઈ: સાવરકુંડલા-અમરેલી નેશનલ હાઈવેનો મોટો ભાગ ધરાશાયી થયો

અમરેલી

અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી છે, પરંતુ આ મુશળધાર વરસાદની સાથે જ સરકારી કોન્ટ્રાક્ટરો અને હાઈવે ઓથોરિટીના ભ્રષ્ટાચારના ગાબડાં પણ ખુલ્લા પડી ગયા છે. અમરેલી જિલ્લાને જોડતા અત્યંત મહત્વપૂર્ણ ગણાતા સાવરકુંડલા-અમરેલી નેશનલ હાઈવેનો એક મોટો ભાગ અચાનક પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયો છે. નેશનલ હાઈવે રોડ આખો બેસી જવાના કારણે વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે અને તંત્રના મસમોટા દાવાઓ પાણીમાં ધોવાઈ ગયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા ચોવીસ કલાકથી અમરેલી અને સાવરકુંડલા પંથકમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. વરસાદના ધસમસતા પાણીના પ્રવાહના કારણે હાઈવેની નીચેથી માટી અને પથ્થરો ધોવાઈ ગયા હતા. પરિણામે, લાખો-કરોડોના ખર્ચે બનેલા આ નેશનલ



હાઈવેનો આખો એક મોટો હિસ્સો રોડ સહિત નદી કિનારાની જેમ બેસી ગયો હતો. સદનસીબે જ્યારે આ રોડ ધસ્યો, ત્યારે તે ભાગ પરથી કોઈ મોટું વાહન પસાર થઈ રહ્યું ન હતું, નહિતર આખો હાઈવે ધરાશાયી થતાં મોટી જાનહાનિ સર્જાઈ શકી હોત. સાવરકુંડલા-અમરેલી નેશનલ હાઈવે એ આ વિસ્તારની મુખ્ય આર્થિક અને સામાજિક જીવાદોરી છે, જ્યાંથી રોજ હજારો નાના-મોટા વાહનો, એસ.ટી. બસો અને માલવાહક ટ્રકો પસાર થાય છે. હાઈવેનો એક મોટો ભાગ તૂટી પડતાં રસ્તા પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ ગઈ છે અને કલાકો સુધી વાહનચાલકો અટવાઈ પડ્યા છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ છે અને રસ્તાને વન-વે કરીને અથવા ડાયવર્ઝન આપીને વાહનોને ધીમે-ધીમે પસાર કરવામાં આવી રહ્યા છે.

નેશનલ હાઈવે છે કે કાગળનો રોડ?: જે રોડ પર હજારો ટન વજનવાળા ટ્રકો પસાર થતા હોય, તે હાઈવે સામાન્ય ચોમાસાના વરસાદમાં આખેઆખો ધસી કેમ પડે? કોન્ટ્રાક્ટરે કઈ હલકી ગુણવત્તાનું મટીરિયલ વાપર્યું હતું?

પ્રી-મોન્સૂન પ્લાનિંગ માત્ર કાગળ પર?: ચોમાસા પહેલાં કરોડો રૂપિયાના ખર્ચે જે સર્વે અને પ્રોટેક્શન વોલ બનાવવાની વાતો થાય છે, તે પૈસા કોના ગજવામાં ગયા કે હાઈવે આખો પાતાળમાં બેસી ગયો?

ડામર ગાયબ, માત્ર મોટા ખાડાઓ અને કપચીઓનું સામ્રાજ્ય

# 14 વર્ષથી 'મોતનો કૂવો' બનેલો ડભોઇનો રસ્તો: તંત્રની ઘોર બેદરકારી કે નેતાઓની નફ્ફટાઇ...?

ડભોઇ

ડભોઇ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં એક તરફ ચમકતા અને પાકા રસ્તાઓના મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, તો બીજી તરફ વહીવટી તંત્રની એક એવી ઘોર બેદરકારી સામે આવી છે જે સાંભળીને કોઈપણ સંવેદનશીલ માણસનું લોહી ઉકળી ઉઠે. તાલુકાના મંડાળા ગામથી સાંધા ગામને જોડતો આશરે ૧.૫ કિલોમીટર લાંબો મુખ્ય માર્ગ છેલ્લા ૧૪ વર્ષથી એટલે કે દોઢ દાયકાથી અત્યંત જર્જરિત અને બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. સ્થાનિક ગ્રામજનો દ્વારા વર્ષોથી રજૂઆતો કરવા છતાં તંત્રના પેટનું પાણી પણ હલતું નથી, જેને પગલે હવે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ દોઢ કિલોમીટરના રોડ પરથી ડામરનું નામનિશાન મટી ગયું છે. રોડ પર ઠેર-ઠેર મોટી-મોટી કપચીઓ બહાર નીકળી આવી છે અને સમગ્ર માર્ગ પર નાના-મોટા અસંખ્ય ખાડાઓ પડી ગયા છે. રોડની હાલત તદ્દન ખખડધજ અને 'કોન્ડમ' થઈ ગઈ છે.



આ રસ્તા પરથી પસાર થવું એટલે જાણે જિંદગીને હથેળીમાં લઈને મોતના કૂવામાંથી પસાર થવા બરાબર હોય તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે.

તાજેતરમાં પડેલા વરસાદને કારણે આ જર્જરિત માર્ગની સ્થિતિ વધુ દયનીય અને જોખમી બની છે. રસ્તા પરના મોટા ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ જવાને કારણે વાહનચાલકોને ખાડાની ઊંડાઈનો અંદાજ આવતો નથી. પરિણામે, અહીં રોજબરોજ નાના-મોટા અકસ્માતો સર્જાઈ રહ્યા છે.

ગ્રામજનો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે અને આગામી સમયમાં કોઈ મોટી જાનહાનિ થાય તેવી પૂરેપૂરી શક્યતા વર્તાઈ રહી છે. શું તંત્ર કોઈના મોતના સમાચારની રાહ જોઈ રહ્યું છે?

શાળાના માસૂમ વિદ્યાર્થીઓ: રોજ સવારે આ જોખમી રસ્તા પરથી પસાર થઈને શાળાએ જતા બાળકોના અને તેમના વાલીઓના જીવ અધ્ધર થઈ જાય છે.

જગતનો તાત (ખેડૂતો): પોતાની ખેત પેદાશો અને ટ્રેક્ટર કે અન્ય વાહનો લઈને પસાર થતા ખેડૂતોને વાહનોના આર્થિક નુકસાન સાથે ભારે શારીરિક હાલાકી વેઠવી પડે છે.

રોજિંદા મુસાફરો: નોકરી-ધંધાર્થે જતા સ્થાનિકો માટે આ દોઢ કિલોમીટરનો રસ્તો કમરતોડ સાબિત થઈ રહ્યો છે અને લોકો બીમારીઓનો ભોગ બની રહ્યા છે.

# ભાવનગરના યુવકનો કાળજું કંપાવી દેતો ગુનો: ગર્લફ્રેન્ડના ત્રણ કટકા કર્યા, યુપી પોલીસે એન્કાઉન્ટરમાં મારી ગોળી

ગાંધીનગર

ગુજરાતના ભાવનગરથી લઈને ઉત્તર પ્રદેશ સુધી સનસનાટી મચાવી દેતી એક અત્યંત ચોંકાવનારી અને હૃદયકંપાવી દેનારી ક્રાઈમ સ્ટોરી સામે આવી છે. પ્રેમ, દગો અને હત્યાના આ ભયાનક ખેલમાં ભાવનગરના એક યુવકે ક્રૂરતાની તમામ હદો વટાવી દીધી છે. પોતાની જ ગર્લફ્રેન્ડની નિર્મમ હત્યા કરી તેના શરીરના ત્રણ ટુકડા કરી નાખનાર આ નરાધમને પકડવા ગયેલી ઉત્તર પ્રદેશ પોલીસ પર પણ તેણે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, જે બાદ પોલીસે જવાબી કાર્યવાહીમાં તેને ગોળી મારીને દબોચી લીધો છે.

મળતી વિગતો અનુસાર, ભાવનગરના આ યુવક અને તેની પ્રેમિકા વચ્ચે કોઈ વાતને લઈને ઉગ્ર વિવાદ થયો હતો. આ વિવાદ એટલો હિંસક બન્યો કે યુવકે આવેશમાં આવીને પોતાની ગર્લફ્રેન્ડની કરપીણ હત્યા કરી નાખી હતી. પાપ છુપાવવા અને લાશનો નિકાલ કરવા માટે આ હેવાન બનેલા પ્રેમીએ યુવતીના શરીરના ત્રણ કટકા કરી નાખ્યા હતા. આ ભયાનક હત્યાકાંડ આચર્યા બાદ આરોપી યુવક પોલીસની પકડથી બચવા માટે ઉત્તર પ્રદેશ ભાગી ગયો હતો અને ત્યાં છુપાયો હતો.

ગુજરાત પોલીસ અને ઉત્તર પ્રદેશ પોલીસના સંયુક્ત ઓપરેશન અને બાતમીના આધારે યુપી પોલીસે આરોપીને પકડવા માટે તેના સંભવિત લોકેશન પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને આ ખૂનખાર આરોપીએ શરણાગતિ સ્વીકારવાને બદલે પોલીસ ટીમ પર જ હુમલો કરી દીધો હતો અને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ઉત્તર પ્રદેશની એક્શન મોડમાં રહેતી પોલીસે સ્પીડ બતાવીને જવાબી ફાયરિંગ કર્યું હતું, જેમાં આરોપીના પગમાં ગોળી વાગી હતી અને તે લોહીલુહાણ હાલતમાં નીચે પટકાયો હતો. પોલીસે તાત્કાલિક તેને કસ્ટડીમાં લઈ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો છે.

પાક્કો ગુજરાત ન્યૂઝનો ગ્રાઉન્ડ રિપોર્ટ:

પ્રેમ સંબંધોમાં આ હદ સુધીની ક્રૂરતા અને લાશના ટુકડા કરવાની વિકૃત માનસિકતા સમાજ માટે એક લાલબત્તી સમાન છે.

પાંચ ગામની દીકરીઓને છેડતી અને હાલાકીમાંથી અપાવી મુક્તિ

# નિવૃત્તિની મૂડી દીકરીઓના નામે : ઘડપણના રૂપિયા 19 લાખ ખર્ચીને ડોક્ટરે ખરીદી લીધી બસ

ગાંધીનગર

જ્યાં એક તરફ લોકો નિવૃત્તિ પછી પોતાના ભવિષ્ય અને ઘડપણની ચિંતામાં પૈસા બચાવતા હોય છે, ત્યાં રાજસ્થાનના કોટપુતલીના ડો. રામેશ્વર પ્રસાદ યાદવે સમાજ સામે માનવતા અને સેવા ઉદાહરણ પૂરું પાડ્યું છે. કોલેજ જતી માસૂમ દીકરીઓને રસ્તામાં પડતી અસહ્ય મુશ્કેલીઓ અને અસામાજિક તત્વો દ્વારા થતી છેડતીથી બચાવવા માટે આ ઉમદા ડોક્ટરે પોતાના પ્રોવિડન્ટ ફંડ (PF) ના પૂરેપૂરા ૧૯ લાખ રૂપિયા ખર્ચીને એક આખી બસ ખરીદી લીધી છે, જેથી દીકરીઓ હવે કોઈ



પણ ભય વગર મફત અને સુરક્ષિત મુસાફરી કરી શકે.

વાસ્તવમાં કોટપુતલી આસપાસના પાંચ ગામની દીકરીઓને વાહનવ્યવહારના કોઈ જ સાધનો ન હોવાને કારણે દરરોજ કમરતોડ પગપાળા ચાલીને કોલેજ જવું પડતું હતું. ઉનાળાનો બળબળતો તડકો હોય કે ચોમાસાનો ધોધમાર વરસાદ, આ દીકરીઓ લાચાર બનીને ચાલવા મજબૂર હતી. આટલું ઓછું હોય તેમ રસ્તામાં અસામાજિક તત્વો દ્વારા તેમની વારંવાર છેડતી પણ કરવામાં આવતી હતી. સુરક્ષાના અભાવે અને ડરના માર્યા દીકરીઓની કોલેજમાં હાજરી સતત ઘટી રહી હતી અને તેમનું ભવિષ્ય અંધકાર તરફ જઈ રહ્યું હતું. દીકરીઓની આ પીડા ડો. યાદવથી જોવાઈ નહીં અને તેમણે પોતાની જિંદગીની આખરી મૂડી દેશની દીકરીઓ માટે વાપરી નાખવાનો ઐતિહાસિક નિર્ણય લીધો.

ડો. રામેશ્વર પ્રસાદ યાદવના આ ભગીરથ અને ઉમદા કાર્યથી રામનગર, ભોપાલપુરા સહિતના પાંચ ગામોની ૪૦ જેટલી દીકરીઓનું ભવિષ્ય રોશનીથી ભરાઈ ગયું છે.

# પાટણમાં કળિયુગી પુત્રનો આતંક: વૃદ્ધ પિતાએ નોકરી કરવાનું કહેતા જ લોહી ઉકળ્યું, સગા જનકને જ ઝીંકી દીધા છરીના ઉપરાઉપરી ઘા!

પાટણ

પાટણ જિલ્લામાંથી પવિત્ર પિતા-પુત્રના સંબંધોને તાર-તાર કરતી અને માનવતાને શર્મસાર કરતી એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં એક તરફ પિતા પોતાના સંતાનના ઉજ્જવળ ભવિષ્ય માટે આખી જિંદગી ઘસાઈ જાય છે, ત્યાં પાટણમાં એક નકામા પુત્રએ તેના વૃદ્ધ પિતા પર જ જીવલેણ હુમલો કરી દીધો છે. માત્ર 'નોકરી ધંધો કર' તેમ કહેવા જેવી સામાન્ય બાબતમાં ઉશ્કેરાઈને આ નરાધમ પુત્રએ પોતાના જ સગા પિતાને છરીના ઘા ઝીંકી દીધા હોવાની હૃદયકંપાવી દેનારી ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મળતી વિગતો અનુસાર, પાટણ શહેરમાં રહેતા આ પરિવારમાં પુત્ર કોઈ કામધંધો કરતો ન હોવાથી વૃદ્ધ પિતા તેના ભવિષ્યને લઈને ચિંતિત હતા. આજે પિતાએ હંમેશની જેમ પુત્રને પ્રેમથી શિખામણ આપતા કહ્યું હતું કે, 'હવે તું મોટો થઈ ગયો છે, કંઈક નોકરી-ધંધો કર અને ઘરની જવાબદારી ઉપાડ.' બસ, પિતાના આ શબ્દો સાંભળતા જ કળિયુગી પુત્રનો પિત્તો ગયો હતો. તેણે ઘરમાં પડેલી તીક્ષ્ણ છરી ઉઠાવી લીધી હતી અને કશું જ વિચાર્યા વગર પોતાના જ ઘડતર કરનાર વૃદ્ધ પિતા પર તૂટી પડ્યો હતો. આ હિંસક હુમલામાં પુત્રએ પિતાના શરીર પર છરીના ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા, જેને કારણે વૃદ્ધ પિતા લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યા હતા. ઘરમાં ચીસાચીસ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને લોહીના ખાબોચિયામાં પડેલા પિતાને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં તેમની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બાજુ ઘટનાને અંજામ આપીને નરાધમ પુત્ર ફરાર થઈ ગયો હોવાની માહિતી મળી રહી છે.

પાક્કો ગુજરાત ન્યૂઝનો ગ્રાઉન્ડ રિપોર્ટ:

જે પિતાની આંગળી પકડીને ચાલતા શીખ્યા, તે જ પિતા સામે છરી ઉઠાવતા આ કળિયુગી પુત્રનો હાથ કંપ્યો પણ નહીં?

# ડભોઇ નગરપાલિકાની ઘોર બેદરકારી : સ્વચ્છ ભારત અભિયાનના લીરેલીરા ઉડાવતી શિનોર ચોકડીની ગંદકી

સૌથી આશ્ચર્યજનક અને આક્રોશજનક બાબત તો એ છે કે જ્યાં આ કચરાના ઢગલા ખડકાયા છે, ત્યાંથી ડભોઇ નગરપાલિકાની મુખ્ય કચેરી માત્ર 200 મીટરના અંતરે આવેલી છે

ડભોઇ

એક તરફ સમગ્ર દેશ અને રાજ્યમાં 'સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત' મિશન અંતર્ગત કરોડો રૂપિયાના ધુમાડા કરીને સ્વચ્છતાના મોટા-મોટા દાવાઓ અને જાહેરાતોના હોર્ડિંગ્સ લગાવવામાં આવે છે, ત્યારે બીજી તરફ ઐતિહાસિક ડભોઇ નગરમાં આ જ અભિયાનના સરેઆમ ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. ડભોઈની સૌથી વ્યસ્ત ગણાતી શિનોર ચોકડી પાસે મુકવામાં આવેલી કચરાપેટીની અંદર અને તેની બહાર કચરાના વિશાળ પહાડો ખડકાયેલા જોવા મળી રહ્યા છે, જે નગરપાલિકા તંત્રની નકામી અને આળસુ કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કરે છે.

શિનોર ચોકડી એ કોઈ સામાન્ય કે અવાવરુ ગલી નથી, પરંતુ તે રાજપીપળા, પવિત્ર યાત્રાધામ ચાણોદ, કરનાળી અને પોઇચા જેવા




મહત્વના સ્થળોએ જવા માટેનો મુખ્ય માર્ગ છે. આ ચોકડી પરથી રોજના હજારો મુસાફરો પસાર થાય છે અને એસ.ટી. બસ કે અન્ય વાહનોની રાહ જોઈને અહીં જ ઉભા રહેતા હોય છે. હાલમાં અહીં કચરાના સડતા ઢગલાના કારણે અસહ્ય અને માથું ફાડી નાખે તેવી દુર્ગંધ ફેલાઈ રહી છે, જેના લીધે લોકોનું ત્યાં ઉભા રહેવું કે શ્વાસ લેવો પણ મુશ્કેલ બન્યો છે. મુસાફરો અને સ્થાનિક રાહદારીઓ આ ગંદકીના કારણે ભારે હેરાન-પરેશાન થઈ ચૂક્યા છે અને સમગ્ર વિસ્તારમાં જીવલેણ રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી દહેશત વર્તાઈ રહી છે. સૌથી આશ્ચર્યજનક અને આક્રોશજનક બાબત તો એ છે કે જ્યાં આ કચરાના ઢગલા ખડકાયા છે, ત્યાંથી ડભોઇ નગરપાલિકાની મુખ્ય કચેરી માત્ર ૨૦૦ મીટરના અંતરે આવેલી છે. નગરપાલિકાના જવાબદાર પ્રમુખ, ચીફ ઓફિસર અને સફાઈ વિભાગના કર્મચારીઓ રોજ આ જ માર્ગ પરથી એસી ગાડીઓમાં બેસીને પસાર થાય છે, છતાં તેમને આ ગંદકી કેમ દેખાતી નથી તે એક મોટો સવાલ છે. તંત્રની આ ઘોર આળસ અને આંખ આડા કાન કરવાની નીતિ જોઈને સ્થાનિકોમાં એવો ગણગણાટ શરૂ થયો છે કે સ્વચ્છતા અભિયાનની વાતો માત્ર કાગળ પર અને ફોટા પડાવવા પૂરતી જ સીમિત રહી ગઈ છે, વાસ્તવિકતામાં જનતા નરકાગારમાં જીવી રહી છે.

# રાજકોટમાં વધુ બે પરિણીતા ઘરેલુ હિંસાનો ભોગ બની:પતિએ અગાઉ થયેલ લગ્નની હકીકત છુપાવી

રાજકોટ

રાજકોટ શહેરમાં વધુ બે મહિલાઓ ઘરેલુ હિંસાનો ભોગ બનતા મહિલા પોલીસ સ્ટેશન અને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી છે. જેમાં એકને પતિએ બીજા લગ્નની હકીકત જાણ કર્યા વગર જ લગ્ન કર્યા હતા અને પોતે નશાની હાલતમાં પત્નીને માર મારતો હતો તથા તેના પ્રેગ્નન્સીના સમયે તેને ધક્કો મારી પછાડી દીધી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જ્યારે ગાંધીગ્રામ વિસ્તારમાં ઘરખર્ચ અને કરિયાણાના પૈસાની બાબતે પતિ-પત્ની વચ્ચે ચાલતા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં પતિએ પત્નીને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કોઠારિયા રોડ વિસ્તારમાં રહેતી ભૂમિબેન હર્ષદભાઈ અમરેલિયા(ઉ.વ.34)એ પતિ હર્ષદ લવજીભાઈ અમરેલિયા સામે લગ્નજીવન દરમિયાન સતત શારીરિક અને માનસિક ત્રાસ, મારઝૂડ તેમજ છૂટાછેડા માટે દબાણ કર્યાની ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેમના લગ્ન 21 એપ્રિલ, 2024ના રોજ હર્ષદભાઈ સાથે થયા હતા અને તેમને એક વર્ષની દીકરી છે.

# પેટલાદ રૂરલ પોલીસનો મોટો સપાટો: ચેક રિટર્ન કેસમાં સજા પામેલો નાસતો-ફરતો આરોપી ઝડપાયો, કાયદાના સળિયા પાછળ ધકેલાયો

પોલીસે સમય સૂચકતા વાપરી તુરંત જ ટીમ મોકલીને આરોપીને કોર્ડન કરી દબોચી લીધો હતો

આણંદ

આણંદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્દઢ બનાવવા અને અદાલત દ્વારા સજા પામેલા ગુનેગારોને પકડી પાડવા માટે પોલીસ એક્શન મોડમાં છે. આ અંતર્ગત આણંદ જિલ્લા પોલીસ વડાની સૂચના અને માર્ગદર્શન હેઠળ પેટલાદ રૂરલ પોલીસ સ્ટેશનની ટીમે એક મોટી સફળતા મેળવી છે. નામદાર પેટલાદ કોર્ટ દ્વારા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ (ચેક રિટર્ન) ના ગુનામાં સજા ફટકારવામાં આવ્યા બાદ લાંબા સમયથી પોલીસને થાપ આપીને નાસતા ફરતા પાકા કામના આરોપીને પોલીસે સઘન વોચ ગોઠવીને ઝડપી પાડ્યો છે. મળતી વિગતો અનુસાર, નાણાકીય લેવડ-દેવડ અને ચેક બાઉન્સના ગંભીર કેસમાં નામદાર પેટલાદ અદાલત દ્વારા આરોપી વિરુદ્ધ કાયદેસરની સુનાવણી હાથ ધરી તેને સજા ફટકારવામાં આવી હતી. જોકે,



સજાના હુકમ બાદ આરોપી જેલમાં જવાને બદલે કાયદાની પકડથી બચવા માટે નાસતો-ફરતો થઈ ગયો હતો અને પોતાના આશ્રયસ્થાનો બદલી રહ્યો હતો. આ અંગે પેટલાદ રૂરલ પોલીસની ટીમને ચોક્કસ અને ખાનગી રાહે બાતમી મળી હતી કે આ નાસતો-ફરતો આરોપી ચોક્કસ લોકેશન પર આવ્યો છે. પોલીસે સમય સૂચકતા વાપરી તુરંત જ ટીમ મોકલીને આરોપીને કોર્ડન કરી દબોચી લીધો હતો. પેટલાદ રૂરલ પોલીસે ગિરફ્તાર કરેલા આ નાસતા-ફરતા આરોપી સામે કાયદેસરની જેલ વોરંટની બજવણીની પ્રક્રિયા હાથ ધરી છે. પોલીસ દ્વારા તેને નામદાર અદાલત સમક્ષ રજૂ કરી, કોર્ટના આદેશ અનુસાર સજા ભોગવવા માટે જેલના સળિયા પાછળ ધકેલવાની આગળની કાયદાકીય કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ચેક રિટર્ન જેવા આર્થિક ગુનાઓમાં અદાલત દ્વારા સજા પામ્યા બાદ પણ ભાગતા ફરતા તત્વો માટે આ ધરપકડ એક મોટો બોધપાઠ છે.


પાક્કો ગુજરાત ન્યૂઝનો ગ્રાઉન્ડ રિપોર્ટ:

મુખ્યમંત્રી કાર્યાલય (CMO Gujarat) અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ગુનેગારો સામેની કડક નીતિના પગલે ગુજરાત પોલીસ આવા નાસતા-ફરતા તત્વોને શોધવા માટે સતત સક્રિય છે.

## તંત્રી લેખ...

# પળને પકડવાની દોડમાં જ્યારે જિંદગી આપણને પકડી લે છે! સપનાઓ અને વાસ્તવિકતા વચ્ચે ઝોલા ખાતો આજનો માનવી

'પળને પકડવાની કોશિશમાં, એક દિવસ જિંદગીએ મને પકડી લીધો. હવે ખ્વાબોમાં રહેવા લાગ્યા છીએ, પણ એ સપના પણ વેરવિખેર થઈ રહ્યા છે...' આ માત્ર ચાર પંક્તિઓ નથી, પણ આજના ભાગદોડ ભર્યા યુગમાં જીવતા દરેક માણસની આંતરડીનો બેચેન અવાજ છે. આપણે બધા જિંદગીમાં કોઈક એવી ક્ષણ, કોઈક એવો પડાવ કે કોઈક એવી સફળતાને પકડવા



દોડી રહ્યા છીએ, જે આપણને ખુશી આપી શકે. પરંતુ આ અંધાધૂંધ દોડમાં આપણને ખબર જ નથી રહેતી કે ક્યારે સમય આપણી આંગળીઓમાંથી રેતીની જેમ સરકી જાય છે અને એક દિવસ જિંદગી આપણને એવા વળાંક પર લાવીને ઊભી રાખે છે જ્યાંથી પાછા વળવું અશક્ય બની જાય છે.

### પળને પકડવાની ઘેલછા: વર્તમાન ગુમાવીને ભવિષ્યની આંધળી દોડ

આજે માણસ વર્તમાનની સુંદર પળોને માણવાનું ભૂલી ગયો છે. 'આવતીકાલ વધારે સારી હશે' એ ભ્રમમાં તે આજની સોનેરી ક્ષણોને કચડી રહ્યો છે. પૈસા, હોદ્દો, ગાડી અને બંગલા પાછળ દોડતો માનવી એ ભૂલી જાય છે કે ઘડિયાળના કાંટા ક્યારેય કોઈના માટે રોકાતા નથી. જ્યારે માણસને એમ થાય કે હવે હું સ્થિર થયો છું, ત્યાં સુધીમાં જિંદગી તેની યુવાની, તેનો સ્વાસ્થ્ય અને તેના અપત્ય સંબંધોને છીનવીને તેને પોતાની પકડમાં મજબૂત રીતે જકડી લે છે. ત્યારે અહેસાસ થાય છે કે જે પળને આપણે પકડવા માંગતા હતા, તેના ચક્કરમાં જિંદગીએ આપણને જ કેદી બનાવી દીધા છે.

### સપનાઓનું સામ્રાજ્ય અને તેનું વેરવિખેર થવું: મનની આંતરિક વેદના

જ્યારે વાસ્તવિકતા ક્રૂર બને છે, ત્યારે માણસ સપનાઓની દુનિયામાં આશરો શોધે છે. 'હવે ખ્વાબોમાં રહેવા લાગ્યા છીએ...' આ વાક્ય એ દર્શાવે છે કે જ્યારે હકીકત અસહ્ય બની જાય, ત્યારે માણસ કાલ્પનિક દુનિયામાં જીવવાનું શરૂ કરે છે. તે સપનાઓમાં પોતાની અધૂરી ઈચ્છાઓ પૂરી કરવાનો પ્રયાસ કરે છે. પરંતુ સપના તો આખરે સપના છે, કાચના મહેલ જેવા! વાસ્તવિકતાનો એક નાનકડો પથ્થર પણ એ સપનાઓને વેરવિખેર કરી નાખે છે. જ્યારે એ ખ્વાબો તૂટે છે, ત્યારે માણસ ભીતરથી સાવ ભાંગી પડે છે.

### પાક્કો ગુજરાત ન્યૂઝનો ગ્રાઉન્ડ રિપોર્ટ અને ચિંતન:

ખુશીઓ શરતી ન હોવી જોઈએ: આપણે આપણી ખુશીઓને શરતોમાં બાંધી દીધી છે કે 'આ મળશે તો જ હું ખુશ થઈશ'. આ માનસિકતા બદલવાની જરૂર છે.

વર્તમાન જ સત્ય છે: જે પળ અત્યારે તમારી પાસે છે, તેને જીવી લો. કારણ કે ગયેલી પળ ક્યારેય પાછી આવતી નથી અને આવનારી પળ કેવી હશે તે કોઈ જાણતું નથી.

સપનાઓ પાછળ ભાગવા કરતાં હકીકતનો સ્વીકાર કરો: સપના જોવા સારા છે, પણ સપનાના સહારે આખી જિંદગી કાઢી શકાતી નથી. તૂટેલા સપનાઓમાંથી પણ નવી શરૂઆત કરવાની હિંમત કેળવવી પડશે.

### જિંદગીની પકડમાંથી મુક્ત થઈને જીવતા શીખો

આ લેખના માધ્યમથી પાક્કો ગુજરાત ન્યૂઝ દરેક વાચકને અપીલ કરે છે કે, જિંદગીની દોડમાં એટલા પણ આગળ ન નીકળી જાઓ કે તમારી પાછળ છૂટી ગયેલો તમારો પરિવાર અને તમારી ખુશીઓ તમને ક્યારેય પાછી ન મળે. સપનાઓને વેરવિખેર થતા બચાવવા હોય તો વાસ્તવિકતાની જમીન પર મજબૂતીથી પગ રાખવા પડશે. જિંદગી તમને પકડે તે પહેલાં, તમે જિંદગીને પ્રેમથી અપનાવી લો.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# દુનિયાના સૌથી મોટા ભ્રમનો પર્દાફાશ

## આ જગતમાં માત્ર બે જ શાશ્વત સત્ય છે— એક 'હા' અને બીજું 'ના', બાકી બધું તો માત્ર શબ્દોની માયાજાળ અને હેરાફેરી છે!

આપણે બધા એક એવી ભ્રામક દુનિયામાં જીવી રહ્યા છીએ જ્યાં રોજ હજારો પુસ્તકો લખાય છે, કલાકો સુધી ભાષણો અપાય છે, મોટી-મોટી દલીલો થાય છે અને અદાલતોમાં વકીલો કાયદાના થોથાં ઉથલાવે છે. પરંતુ ક્યારેય શાંતિથી બેસીને વિચાર્યું છે ખરું કે આ આખા સંસારનો નીચોડ શું છે? જગતના તમામ જ્ઞાન, વિજ્ઞાન અને સંબંધોને જો એક ચાળણીથી ચાળવામાં આવે, તો અંતે માત્ર બે જ શબ્દો બચે છે– એક 'હા' અને બીજું 'ના'. આ બે સિવાય આ સૃષ્ટિમાં ત્રીજું કોઈ સત્ય નથી. બાકી આપણે જે કંઈ પણ સાંભળીએ છીએ કે બોલીએ છીએ, તે માત્ર અને માત્ર માણસની પોતાની સગવડતા અને સ્વાર્થ ખાતર ઊભી કરાયેલી શબ્દોની હેરાફેરી છે!

### સંબંધોથી લઈને રાજકારણ સુધી: માત્ર શબ્દોના મહોરાં

આજના સમયમાં માણસ સીધી વાત કરવાનું ભૂલી ગયો છે. જો કોઈને પોતાનો સ્વાર્થ સાધવો હોય તો તે સીધી 'હા' નહીં પાડે, પણ એવા શબ્દોની માયાજાળ ગૂંથશે કે સામેવાળો વ્યક્તિ અંજાઈ જાય. એ જ રીતે જો કોઈને મદદ કરવાની ના પાડવી હોય, તો મોઢામોઢ 'ના' કહેવાની હિંમત રાખવાના બદલે લોકો 'જોઈશું', 'વિચારીશું', 'સમય નથી' જેવા બહાનાઓ હેઠળ પોતાની 'ના' ને છુપાવે છે.

રાજકારણનો ખેલ: રાજકારણીઓ આ શબ્દોની હેરાફેરીના સૌથી મોટા જાદુગર છે. તેઓ જનતાના પ્રશ્નોના સીધા જવાબ (હા કે ના માં) ક્યારેય આપતા નથી. ચૂંટણી આવે ત્યારે તેમના ઘોષણાપત્રો અને ભાષણોમાં માત્ર શબ્દોની રમત હોય છે, જેનો અસલી હેતુ જનતાને ભ્રમમાં રાખવાનો હોય છે.




### 'હા' અને 'ના' ની તાકાત: જ્યાં કોઈ દંભ નથી

તમે જ્યારે કોઈ બાળકને પૂછો કે તેને ભૂખ લાગી છે? તો તેનો જવાબ કાં તો 'હા' હશે અથવા 'ના'. બાળકના એ જવાબમાં કોઈ કપટ, કોઈ ગણતરી કે કોઈ ડિપ્લોમસી (મુત્સદ્દીગીરી) હોતી નથી. એટલા માટે જ બાળક ભગવાનનું સ્વરૂપ ગણાય છે કારણ કે તે શબ્દોની હેરાફેરી જાણતું નથી. પરંતુ જેમ-જેમ માણસ મોટો થાય છે, તેમ-તેમ તે સત્યને છુપાવવા માટે ભાષાના કલાત્મક હથિયારો વાપરવા લાગે છે. જીવનના સૌથી મોટા નિર્ણયો પણ આ બે શબ્દો પર જ ટકેલા છે:

1. વિશ્વાસનું પ્રતીક 'હા': જ્યારે તમે કોઈ જવાબદારી સ્વીકારો છો, ત્યારે એક મક્કમ 'હા' આખા ભવિષ્યનો પાયો નાખે છે.

2. સ્વાભિમાનનું પ્રતીક 'ના': જ્યારે તમારી સામે અન્યાય થતો હોય કે ગેરરીતિ થતી હોય, ત્યારે એક સ્પષ્ટ 'ના' તમને પાપના ભાગીદાર બનતા બચાવે છે.

પાક્કો ગુજરાત ન્યૂઝનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ:

આજે સમાજમાં અડધીથી વધુ સમસ્યાઓ અને માનસિક તણાવ માત્ર એટલા માટે છે કારણ કે લોકો જ્યાં 'ના' કહેવાની જરૂર છે ત્યાં સંકોચવશ 'ના' કહી શકતા નથી, અને જ્યાં દિલથી 'હા' કહેવાની જરૂર છે ત્યાં અહંકારવશ 'હા' કહી શકતા નથી. પરિણામે, માણસ ખુદ પોતાના જ વણેલા શબ્દોની જાળમાં કરોળિયાની જેમ ફસાઈ જાય છે.

જે વ્યક્તિ જીવનમાં 'હા' અને 'ના' વચ્ચેનો ભેદ અને તેની કિંમત સમજી ગયો, તેને દુનિયાના કોઈ પંડિત કે શાસ્ત્ર વાંચવાની જરૂર રહેતી નથી. કારણ કે આ બે શબ્દો જ આત્માનો અસલી અવાજ છે. બાકીના બધા જ લાંબા-લાંબા ખુલાસાઓ માત્ર સત્ય પર ઢાંકવામાં આવેલા જૂઠાણાના પડદા છે.

### કડવું સત્ય: લીપાપોતી બંધ કરો!

આપણે આપણી જાતને પૂછવું જોઈએ કે આપણે રોજબરોજના જીવનમાં કેટલી વાર શબ્દોની હેરાફેરી કરીને લોકોને કે પોતાની જાતને છેતરી રહ્યા છીએ? પાક્કો ગુજરાત ન્યૂઝ હંમેશાં અરીસો બતાવવાનું કામ કરે છે. અમારો સ્પષ્ટ સૂર છે કે સાહિત્યના ભારેખમ શબ્દો, કાયદાની જટિલ કલમો અને નેતાઓની મીઠી-મીઠી વાતો– આ બધું જ જનતાને ગોળ-ગોળ ફેરવવાનો એક ધંધો છે.

અસલી ન્યાય અને અસલી સત્ય તો હંમેશાં સરળ, સીધું અને સ્પષ્ટ જ હોય છે.

# વેચાયેલી કલમો, સરકારી ટુકડા અને ખોવાયેલો અસલી અવાજ: આઝાદી પછીના 'ચરણચુંબક' લેખકોનો પર્દાફાશ!

આઝાદી પહેલાં કલમ ક્રાંતિનું હથિયાર હતી. એક-એક શબ્દ અંગ્રેજ હુકુમતની ઊંઘ હરામ કરી નાખતો હતો. પરંતુ આઝાદી પછી આ દેશમાં એક નવો ખેલ શરૂ થયો. સત્તા પર બેઠેલા શાસકોએ કલમને ધારદાર રાખવાને બદલે તેને ખરીદવાનું અને પાલતુ બનાવવાનું શરૂ કરી દીધું. કેટલાક બુદ્ધિજીવીઓને સરકારી નોકરીઓનો કટકો નાખવામાં આવ્યો, તો કેટલાકને મોટા-મોટા સરકારી ઈનામો અને પદ્મ પુરસ્કારોની લહાણી કરીને મોઢા બંધ કરી દેવાયા. પરિણામ એ આવ્યું કે, જે કલમે જનતાનો અવાજ બનવાનું હતું, તે કલમ સત્તાધીશોના વખાણની ખાણમાં ગળાડૂબ ડૂબી ગઈ!

### પૈસા માટે લખાણ અને મોજમસ્તી: સત્ય ગાયબ, માત્ર 'દે ધનાધન' ભક્તિ!

જ્યારે લખાણ પાછળનો હેતુ દેશ કે સમાજ કલ્યાણનો ન રહેતા માત્ર પૈસા કમાવવાનો અને મોજ કરવાનો બની જાય, ત્યારે સાહિત્યનું પતન નિશ્ચિત છે. આઝાદી પછી દેશમાં આવા જ લેખકો, કવિઓ અને કલાકારોનો એક આખો વર્ગ ઊભો થયો જેઓ મન ફાવે તેમ, કોઈપણ પ્રકારની નૈતિકતા રાખ્યા વગર સત્તાના ઓથાર હેઠળ ગાવા માંડ્યા, લખવા માંડ્યા અને શાસકોની ખુશામત કરવા માંડ્યા. ચારેબાજુ બસ એક જ અવાજ સંભળાવા લાગ્યો– 'જય હો, જય હો!' શાસકો બદલાયા પણ ચરણચુંબકોની નીતિ ન બદલાઈ. ગઈકાલે તેમની ભક્તિ કરતા હતા, આજે આમની ભક્તિ કરીએ છીએ! બસ, આ સિવાય આજના તથાગત બુદ્ધિજીવીઓમાં બીજો કોઈ ફરક રહ્યો નથી.

### લોકશાહીનું એવું ઘર જેનો કોઈ પડછાયો નથી: ભીતર માત્ર હાડપિંજરો!

આ આખી સ્થિતિ જોઈને એવું લાગે છે કે સમાજમાં વિચારધારાનું એક મોટું ઘર તો ઊભું છે, પણ તેની કોઈ વાસ્તવિકતા કે તેનો કોઈ પડછાયો નથી. આ વૈચારિક ઘરમાં ભલે રોજ નવા-નવા ચહેરાઓ, નવી-નવી પેઢીઓ અને નવા હાડપિંજરો ગોઠવાતા હોય, પરંતુ તેમાં રહેલા લોકોનો પોતાનો અસલી અવાજ ક્યાં છે? કલમ ચલાવનારો હાથ જો સત્તાના ઈશારે કે પૈસાના જોરે ચાલતો હોય, તો એ અવાજ આત્માનો નથી હોતો, એ તો માલિકના ઈશારે ભસતા ગુલામનો અવાજ હોય છે. પોતાની વિચારધારા ગીરવે મૂકીને જીવતા આ બુદ્ધિજીવીઓ સમાજને ક્યારેય સાચો રસ્તો બતાવી શકતા નથી.

### પાક્કો ગુજરાત ન્યૂઝનો ગ્રાઉન્ડ રિપોર્ટ અને આક્રોશ:

ખરીદાયેલી બૌદ્ધિકતા: ઈનામો અને હોદ્દાઓની લાલચમાં જ્યારે દેશના સર્જકો વેચાઈ જાય, ત્યારે જનતાના પક્ષે લડવાવાળું કોઈ રહેતું નથી.

ભક્તિનો બદલાતો દોર: ગઈકાલે જેઓ જૂની સરકારના ગુણગાન ગાતા હતા, આજે તેઓ નવી સરકારની આરતી ઉતારી રહ્યા છે. આ વલણ વાણીસ્વાતંત્ર્ય અને પત્રકારત્વ પર સૌથી મોટો કલંક છે.

અસલી અવાજની જરૂર: આજે દેશને એવા લેખકો અને પત્રકારોની જરૂર છે જેઓ સત્તાના વખાણની ખાણમાં પડવાને બદલે જનતાના પ્રશ્નો માટે શાસકોની આંખમાં આંખ પરોવીને સવાલ પૂછી શકે.

જેમનું લખાણ સરકારી ટુકડાઓ પર નિર્ભર છે, તેઓ ક્યારેય ક્રાંતિ ન લાવી શકે. પાક્કો ગુજરાત ન્યૂઝ આવા તમામ કલમના સોદાગરોની ઝાટકણી કાઢે છે અને આહવાન કરે છે કે, જો ખરેખર દેશ બદલવો હોય તો કલમને સત્તાના ગુલામ બનવામાંથી મુક્ત કરવી પડશે.

# ચીને વચનભંગ કર્યો : દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં અચાનક ICBM છોડયું

બૈજિંગ

ચીને ફરી એકવાર પરમાણુ શસ્ત્ર વહી શકે તેવા ઈન્ટર-કોન્ટીનન્ટલ બેલાસ્ટિક મિસાઈલ (આઈસીબીએમ)ને પરમાણુ સંચાલિત સબમરીનમાંથી દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં વહેતું મૂક્યું હતું. સોમવારે વહેલી સવારે આ મિસાઈલ તેણે વહેતું મૂક્યું હતું જે માટે તેણે નિયમાનુસાર ઓછામાં ઓછા ૭૨ કલાક પૂર્વે કરવી પડતી જાહેરાત કરી ન હતી. છેક થોડા સમય પૂર્વે જ તેણે દક્ષિણ પ્રશાંતના દેશોને ચેતવણી આપી હતી. ચીનની સરકારી ન્યૂઝ એજન્સી શિન્હુયાનાં જણાવ્યા પ્રમાણે સોમવારે બપોરે ૧૨ કલાક અને એક મિનિટે આ મિસાઈલ વધુ એક પ્રયોગ માટે વહેતું મુકવામાં આવ્યું હતું. તેમાં એક 'ડમી' શસ્ત્ર પણ હતું. ચીનનાં આ કૃત્ય સામે ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને ફીજી જેવા દેશોએ વિરોધ નોંધાવ્યા છે.



ઉલ્લેખનીય છે કે, ફીજીમાં તેના મૂળ વતનીઓ જેટલા જ મૂળ ભારતવંશીનો પણ છે. ફીજીમાં ભારતીય બેન્કોની શાખાઓ પણ છે. ફીજીએ થોડા સમય પૂર્વે જ ઓસ્ટ્રેલિયા સાથે સંરક્ષણ કરારો કર્યા છે. ચીનના આ પ્રયોગ સામે ન્યુઝીલેન્ડે તો સખત વાંધો ઉઠાવ્યો છે. તેણે કહ્યું છે કે તેમને તો માત્ર થોડા કલાક પૂર્વે જ આ પરીક્ષણની માહિતી આપી હતી. માની લો કે તે સમયે અમારા કોઈને કોઈ જહાજો ત્યાંથી પસાર થતાં હોય તો તેનું શું થાય ? ન્યૂઝીલેન્ડે તે પ્રત્યે ધ્યાન દોર્યું હતું કે, ૧૯૮૬માં 'રારો-તોંગા' સંધિ પ્રમાણે દક્ષિણ પ્રશાંત મહાસાગરને પરમાણુ મુક્ત રાખવાનો છે. તેથી સમગ્ર દક્ષિણ પ્રશાંત ક્ષેત્રમાં પરમાણુ શસ્ત્ર પ્રતિબંધિત છે. ૧૯૮૭માં ચીને તે સંધિને અનુમોદન પણ આપ્યું હતું અને જણાવ્યું હતું કે તે ક્ષેત્રમાં તે પરમાણુ શસ્ત્રનો પ્રયોગ નહીં કરે. તેમજ તે સંધિને અનુસરી તે ક્ષેત્રના કોઈ પણ દેશને પરમાણુ શસ્ત્રની ધમકી પણ નહીં આપે. ન્યૂઝીલેન્ડના વિદેશમંત્રી, વિન્સ્ટન પીટર્સે 'ધી એસોસીએટેડ પ્રેસ'ને કહ્યું કે, આથી સાબિત થાય છે કે આ પ્રકારની ગતિવિધિઓ અમે વર્ષોથી દર્શાવેલી ચિંતા સાચી છે. ઉપરાંત ચીને અમને જણાવ્યા પછી માત્ર થોડા કલાકે જ આ પરીક્ષણ કર્યું. આ પરીક્ષણ ચીને બરોબર તે સમયે કર્યું કે જ્યારે ફીજી અને ઓસ્ટ્રેલિયાએ સંરક્ષણ કરારો કર્યા હતા. ઓસ્ટ્રેલિયાનાં વિદેશમંત્રી પેની વોન્ગે, ફીજીમાં પત્રકારોને કહ્યું હતું કે 'ઓસ્ટ્રેલિયાએ ચીનને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે તમારી આ પ્રકારની ગતિવિધિઓ ક્ષેત્રીય સ્થિરતા માટે ખતરનાક છે તેમ અમે માનીએ છીએ.'

# નેતાઓની ચમકાવવી છે છબી કે જનતાને આપવી છે સુવિધા?

## તામિલનાડુમાં રાજકીય બેનરો-પોસ્ટરો પર સંપૂર્ણ પ્રતિબંધ, તો શું હવે ગુજરાતમાં પણ આવશે આ 'ઘાતક' કાયદો?

તામિલનાડુ સરકારે તાજેતરમાં એક એવો પ્રશંસનીય અને ક્રાંતિકારી નિર્ણય લીધો છે, જેણે આખા દેશનું ધ્યાન ખેંચ્યું છે. ત્યાં રસ્તાઓ, જાહેર સ્થળો કે ચોક પર રાજકીય પક્ષોના મસમોટા પોસ્ટરો, ફ્લેક્સ બોર્ડ, બેનરો અને નેતાઓના કટઆઉટ્સ લગાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. જે કલચર સામાન્ય જનતા માટે માથાનો દુખાવો અને અકસ્માતનું કારણ બનતું હતું, તેને તામિલનાડુએ એક ઝાટકે ખતમ કરી નાખ્યું. પરંતુ આ નિર્ણયની સાથે જ હવે ગુજરાતના રાજકારણમાં અને જનતાના મનમાં એક મોટો સવાલ ઊભો થયો છે– શું આવો કોઈ કાયદો સિંહના ગઢ ગણાતા ગુજરાતમાં આવી શકે ખરો?

### ગુજરાતની વરવી વાસ્તવિકતા: પક્ષના કામ કરતાં સરકારના હોર્ડિંગ્સ વધુ!

આજે ગુજરાતના કોઈપણ શહેરમાં કે હાઈવે પર નીકળો એટલે રસ્તાઓ સારા હોય કે ન હોય, પણ નેતાઓના મલકાતા ચહેરાવાળા મસમોટા હોર્ડિંગ્સ ચોક્કસ જોવા મળશે. સોશિયલ મીડિયા અને લોકમુખે હવે એવી જોરદાર ચર્ચા ચાલી રહી છે કે ગુજરાતમાં શાસક પક્ષના સંગઠનના કામો કરતાં સરકારની જાહેરાતોના બેનરો વધુ દેખાય છે. જનતાના ટેક્સના કરોડો રૂપિયા માત્ર નેતાઓનું 'બ્રાન્ડિંગ' કરવામાં અને સરકારી યોજનાઓના પ્રચાર પાછળ પાણીની જેમ વહાવી દેવામાં આવે છે. ચોમાસામાં રોડ પર ભલે ભ્રષ્ટાચારના ભૂવા પડી જાય, પણ એ ખાડાની બરાબર પાછળ નેતાજીની સિદ્ધિઓ દર્શાવતું ફ્લેક્સ બોર્ડ અડીખમ ઊભું હોય છે! આનાથી મોટી વિડંબના બીજી કઈ હોઈ શકે?

### શા માટે ગુજરાતમાં પણ તામિલનાડુ જેવો નિર્ણય જરૂરી છે?

નાગરિકોની સુરક્ષા: જાહેર રસ્તાઓ કે વળાંકો પર લાગતા વિશાળ બેનરો વાહનચાલકોનું ધ્યાન ભટકાવે છે અને ભૂતકાળમાં આવા હોર્ડિંગ્સ તૂટી પડવાના કારણે કે નજર હટવાના કારણે અનેક જીવલેણ અકસ્માતો પણ સર્જાયા છે.

સ્માર્ટ સિટીના નામે કદરૂપું ચિત્ર: કરોડો રૂપિયા ખર્ચીને શહેરોને સુંદર બનાવવાની વાતો થાય છે, પરંતુ નેતાઓ અને ચમચાઓ પોતાના જન્મદિવસ કે અભિનંદનની પત્રિકાઓ



આખા શહેરની દીવાલો અને વીજળીના થાંભલાઓ પર ચોંટાડીને શહેરને કદરૂપું બનાવી દે છે.

જનતાના પૈસાનો સદઉપયોગ: જો જાહેરાતો પાછળ ખર્ચાતા આ કરોડો રૂપિયા ખરેખર સરકારી શાળાઓ, હોસ્પિટલો કે રસ્તાઓના સમારકામ પાછળ વપરાય, તો ગુજરાત ખરા અર્થમાં દેશનું નંબર વન મોડેલ બની શકે.

પાક્કો ગુજરાત ન્યૂઝનો શાસકોને સીધો લલકાર:


શું ગુજરાતના સત્તાધીશોમાં તામિલનાડુ જેવી રાજકીય ઈચ્છાશક્તિ છે? શું ગાંધીના ગુજરાતમાં નેતાઓ પોતાના પ્રમોશનના મોહને છોડીને જનતાની સુવિધા અને શહેરની સુંદરતાને પ્રાથમિકતા આપી શકશે? સોશિયલ મીડિયા પર ગુજરાતની જનતા એકસૂરે કહી રહી છે કે– હા, તામિલનાડુ જેવો આ નિર્ણય ગુજરાતમાં પણ વહેલી તકે આવવો જ જોઈએ. પત્રકારત્વના ધર્મ સાથે પાક્કો ગુજરાત ન્યૂઝ પણ આ વાતનું સમર્થન કરે છે કે લોકશાહીમાં જનતાના કામો બોલવા જોઈએ, નેતાઓના હોર્ડિંગ્સ નહીં!

# ગરમી-વાતાવરણમાં અલ નીનો અનિશ્ચિતતા વધારશે

## દુષ્કાળ અને ગરમી વધવાથી કૃષિ, પાણી પુરવઠા અને સ્વાસ્થ્ય પર માઠી અસર થશે

વોશિંગ્ટન

અલ-નીનો એ એક કુદરતી આબોહવાકીય ઘટના છે, જેમાં મધ્ય અને પૂર્વીય પ્રશાંત મહાસાગરનું પાણી સામાન્ય કરતાં વધુ ગરમ થઈ જાય છે. સામાન્ય રીતે દર બેથી સાત વર્ષે આ સ્થિતિ સર્જાય છે. સામાન્ય પરિસ્થિતિમાં પૂર્વીય પ્રશાંતથી પશ્ચિમ તરફ પવનો ફૂંકાય છે, જે ગરમ પાણીને ઈન્ડોનેશિયા અને ઓસ્ટ્રેલિયા તરફ લઈ જાય છે. જ્યારે અલ-નીનો આવે છે, ત્યારે આ પવનો નબળા પડી જાય છે અથવા તો ઉલટી દિશામાં ફૂંકાવા લાગે છે. આના કારણે સમુદ્રની સપાટીનું તાપમાન 2 ડિગ્રી સેલ્સિયસ કે તેનાથી વધુ વધી શકે છે. WMO (વર્લ્ડ મેટિઓરોલોજિકલ ઑર્ગેનાઈઝેશન) ના જણાવ્યા પ્રમાણે 2026માં આ ઘટના ઝડપથી મજબૂત થઈ રહી છે અને જુલાઈ-સપ્ટેમ્બર સુધીમાં મજબૂત અલ-નીનો બનવાની સંભાવના ખૂબ જ વધારે છે. આ અલ નીનો ગરમી અને વાતાવરણમાં અનિશ્ચિતતા



વધારશે. આ ઘટના માત્ર સમુદ્ર પૂરતી સીમિત નથી રહેતી. તે સમગ્ર વિશ્વના પવનની દિશા, વરસાદની પેટર્ન અને તાપમાનમાં મોટો ફેરફાર લાવી દે છે. અલ-નીનો દરમિયાન ગરમ પાણી વાતાવરણમાં વધુ ગરમી છોડે છે, જેના કારણે વૈશ્વિક તાપમાનમાં વધુ વધારો થાય છે.

વર્તમાન આબોહવા પરિવર્તન(ક્લાઈમેટ ચેન્જ)ની સ્થિતિ વચ્ચે આ ઘટના વધુ ખતરનાક સાબિત થઈ શકે છે. અલ-નીનો મજબૂત થવાના કારણે વિશ્વના ઘણા વિસ્તારોમાં આકરા હવામાનનો પ્રકોપ વધશે. WMOના રિપોર્ટ પ્રમાણે દુષ્કાળ અને ભારે વરસાદ બંનેની સંભાવના વધી જશે. પ્રશાંત (પેસિફિક) મહાસાગરના મધ્ય અને પૂર્વીય ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે, જ્યારે ભારતીય ઉપખંડ, ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા, ઉત્તર દક્ષિણ અમેરિકા અને આફ્રિકાના કેટલાક ભાગોમાં ઓછો વરસાદ અથવા દુષ્કાળની આશંકા છે. આ ઉપરાંત દક્ષિણ આફ્રિકામાં વધુ વરસાદ અને તેના ઉત્તરીય ભાગોમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. ભારતમાં ચોમાસું નબળું પડવાની સંભાવના રહે છે. અલ-નીનોના વર્ષોમાં મોટાભાગે ઓછો વરસાદ પડે છે, જેના કારણે કૃષિ ક્ષેત્ર પ્રભાવિત થાય છે.

આ ઉપરાંત હીટવેવનું પ્રમાણ વધી શકે છે, જેને લીધે હીટ સ્ટ્રોક, ડીહાઈડ્રેશન અને અન્ય સ્વાસ્થ્ય સંબંધિત બીમારીઓ વધશે. આ દરમિયાન દરિયાઈ ગરમીના મોજા પણ વધશે, જે મત્સ્યોદ્યોગ અને દરિયાઈ જીવસૃષ્ટિને નુકસાન પહોંચાડશે. FAOના જણાવ્યા પ્રમાણે દક્ષિણ આફ્રિકા, મધ્ય અમેરિકા, દક્ષિણ એશિયા અને સાહેલ ક્ષેત્રમાં દુષ્કાળને કારણે પાક અને ઘાસચારો પ્રભાવિત થશે. વર્ષ 2015-16ના અલ-નીનો દરમિયાન લાખો લોકો ભૂખમરાની કગાર પર આવી ગયા હતા.



માલણ નદી ગાંડીતૂર બનતા ગામડાંઓ ડૂબ્યા : 50થી વધુ પશુઓના કાળમુખા પાણીમાં મોતની આશંકા, ફાયર બ્રિગેડ દ્વારા દિલધડક રેસ્ક્યુ ઓપરેશન!

# ઉનામાં કુદરતનો પ્રકોપ, 12 ઇંચ વરસાદથી જળપ્રલય

ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના ઉના પંથક પર મેઘરાજા આકાશી આફત બનીને તૂટી પડ્યા છે. ઉના અને આજુબાજુના વિસ્તારોમાં આભ ફાટતાં માત્ર ગણતરીના કલાકોમાં ૧૨ ઈંચ જેટલો અનરાધાર વરસાદ ખાબક્યો છે. આ ભયાનક વરસાદના કારણે સ્થાનિક જીવાદોરી સમાન માલણ નદીમાં ઘોડાપૂર આવ્યું છે અને નદી ગાંડીતૂર બનતાં પૂરના પાણી રહેણાંક વિસ્તારો અને અનેક ગામોમાં ઘૂસી ગયા છે.

આ જળપ્રલયમાં એક તરફ જ્યાં ૫૦થી વધુ અબોલ પશુઓ તણાઈ જવાથી મોતના મુખમાં હોવાની આશંકા છે, ત્યાં બીજી તરફ સેંકડો માનવ જિંદગીઓ પૂરના પાણી વચ્ચે ફસાઈ જતાં અફરાતફરી મચી ગઈ છે.

ઉનામાં ૧૨ ઈંચ વરસાદે સર્વત્ર તારાજીના દ્રશ્યો સર્જ્યા છે. માલણ નદીના કિનારે આવેલા નીચાણવાળા ગામોમાં કમરટોડથી લઈને છાતીડૂબ પાણી ભરાઈ ગયા છે. પૂરનો પ્રવાહ એટલો ઘાતક અને ઝડપી હતો કે પશુપાલકોને પોતાના પશુઓ છોડવાનો પણ સમય મળ્યો નથી. પ્રાથમિક અહેવાલો મુજબ, આશરે ૫૦થી વધુ અબોલ પશુઓ આ ધસમસતા પાણીના પ્રવાહમાં તણાઈ ગયા છે, જેના કારણે માલધારીઓ પર આભ તૂટી પડ્યું છે. રસ્તાઓ, ખેતરો અને ઘરો બધું જ જળમગ્ન થઈ ચૂક્યું છે.

ઘટનાની ગંભીરતાને જોતાં જ વહીવટી તંત્ર અને ફાયર વિભાગની ટીમો તાત્કાલિક એક્શનમાં આવી ગઈ છે. પૂરના પાણીમાં ફસાયેલા નાના બાળકો, મહિલાઓ અને વડીલોને બચાવવા માટે ફાયર વિભાગના જાંબાઝ જવાનોએ બોટ (હોડી) અને દોરડાના સહારે દિલધડક રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું છે. પાણીના જોરદાર વહેણ વચ્ચે પોતાની જિંદગી દાવ પર લગાવીને ફાયરના જવાનો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડી રહ્યા છે. હાલમાં યુદ્ધના ધોરણે બચાવ કામગીરી ચાલુ છે.

પાક્કો ગુજરાત ન્યૂઝના વહીવટી તંત્ર અને સરકારને તીખા સવાલ:

માલધારીઓના નુકસાનનું શું?: જે ગરીબ માલધારીઓના ૫૦થી વધુ પશુઓ આ પૂરમાં કાળનો કોળિયો બની ગયા, તેમના ઘરનું ગુજરાન હવે કેવી રીતે ચાલશે? સરકાર આ ગરીબોને તાત્કાલિક વળતર ક્યારે જાહેર કરશે?

પૂર નિયંત્રણની પોલ ખુલી?: દર વર્ષે ગીર સોમનાથના નદી કિનારાના ગામો પૂરમાં ડૂબે છે, તો તંત્ર દ્વારા કાયમી પ્રોટેક્શન વોલ (સુરક્ષા દીવાલ) કેમ બનાવવામાં આવતી નથી? પ્રી-મોન્સૂન પ્લાનિંગના નામે થયેલો ખર્ચ ક્યાં વહી ગયો?

આગામી કલાકો ભારે: હવામાન વિભાગની આગાહી મુજબ હજુ પણ ભારે વરસાદની સંભાવના છે, ત્યારે એનડીઆરએફ (NDRF) ની ટીમોને તહેનાત કરવામાં આટલો વિલંબ કેમ?

જનતા સાવચેત રહે, પાક્કો ગુજરાત ન્યૂઝની અપીલ

ઉનામાં સર્જાયેલી આ કુદરતી આપત્તિમાં પાક્કો ગુજરાત ન્યૂઝ પ્રભાવિત લોકો સાથે મજબૂતીથી ઊભું છે. અમે ઉના અને સમગ્ર ગીર સોમનાથની જનતાને અપીલ કરીએ છીએ કે પૂરના પાણી જોવા નદી કિનારે કે પુલ પર એકઠા ન થવું. કોઈ અફવાઓ પર ધ્યાન આપવું નહીં અને તંત્રની સૂચનાઓનું કડક પાલન કરવું.



## રથયાત્રા પૂર્વે ભાવનગર LCB એક્શન મોડમાં : બાતમીના આધારે ગેરકાયદેસર પિસ્ટલ સાથે એક ઇસમ ઝડપાયો

ભાવનગર

આગામી સમયમાં આવી રહેલી પવિત્ર રથયાત્રા મહોત્સવને લઈને સમગ્ર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્દઢ બનાવવા પોલીસ તંત્ર એલર્ટ પર છે. તેવામાં ભાવનગર જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ને એક મોટી સફળતા મળી છે. રથયાત્રા પૂર્વે શહેરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાખવામાં આવેલા સઘન ચેકિંગ દરમિયાન, પોલીસે ચોક્કસ બાતમીના આધારે રૂપિયા ૧૦,૦૦૦ ની કિંમતની ગેરકાયદેસર પિસ્ટલ સાથે એક ઈસમને દબોચી લીધો છે. રથયાત્રા પહેલા હથિયાર સાથે આ રીતે ઈસમનું પકડાવું એ



પોલીસની સતર્કતા દર્શાવે છે. ભાવનગર રેન્જ આઈજીપી અને જિલ્લા પોલીસ વડાની સૂચનાથી રથયાત્રા પૂર્વે સમગ્ર જિલ્લામાં કડક સિક્યોરિટી અને શંકાસ્પદ લોકો પર વોચ રાખવામાં આવી રહી છે. આ દરમિયાન ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે એક ઈસમ ગેરકાયદેસર હથિયાર સાથે હેરફેર કરી રહ્યો છે. LCB ની ટીમે તાત્કાલિક વોચ ગોઠવીને આ શંકાસ્પદ ઈસમને આંતરી લીધો હતો. તેની તલાશી લેતા તેની પાસેથી રૂપિયા ૧૦,૦૦૦ ની કિંમતની દેશી બનાવટની ગેરકાયદેસર પિસ્ટલ મળી આવી હતી, જેને પોલીસે જપ્ત કરી લીધી છે. ભાવનગર LCB એ ગેરકાયદેસર પિસ્ટલ સાથે પકડાયેલા ઈસમની ધરપકડ કરી તેની સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હવે પોલીસ આ મામલે એ દિશામાં સઘન પૂછપરછ કરી રહી છે કે આ ઈસમ ગેરકાયદેસર હથિયાર ક્યાંથી લાવ્યો હતો? તેનો હેતુ શું હતો.

તંત્ર પાંગળું, અધિકારીઓ બેફિકર અને જનતા રામ ભરોસે!

## ભ્રષ્ટાચારનો 'લાઈવ' નમૂનો: માણાવદરના જાંબુડા ડેમનું લાખોનું સમારકામ માત્ર 15 જ દિવસમાં ધોવાયું!

માણાવદર

માણાવદર તાલુકાના જાંબુડા ગામેથી સરકારી બાબુઓની ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચારની વરવી વાસ્તવિકતા સામે આવી છે. છેલ્લા સાત વર્ષથી જે ડેમ લીકેજની સમસ્યાથી ઝઝૂમી રહ્યો હતો, તેનું લાખો રૂપિયાના આંધણ કરીને માંડ ૧૫ દિવસ પહેલા જ સમારકામ પૂરું કરાયું હતું. પરંતુ ચોમાસાના પ્રારંભિક અને સામાન્ય વરસાદે જ સિંચાઈ વિભાગના 'મજબૂત' કામના ચીંથરેચીંથરા ઉડાવી દીધા છે. સામાન્ય વરસાદ પડતાં જ આ ડેમ એક કે બે નહીં, પણ ચારેય



જગ્યાએથી ફરીથી લીકેજ થવા લાગ્યો છે. લાખો રૂપિયા પાણીમાં ગયા છે અને તંત્રની પોલ સદંતર ખુલ્લી પડી ગઈ છે. નવાઈની વાત તો એ છે કે સમારકામ બાદ ડેમ સુધરવાને બદલે પહેલા કરતાં પણ વધુ બદતર અને ભયજનક હાલતમાં આવી ગયો છે. સરકારી તંત્રની આ પાપલીલાના કારણે હવે આખું જાંબુડા ગામ અને માણાવદરનો ગાયત્રી મંદિર વિસ્તાર ડૂબવાના આરે છે. જો આગામી દિવસોમાં ભારે વરસાદ થયો અને આ ડેમ તૂટ્યો, તો ખેડૂતોની હજારો વીઘા જમીન ધોવાઈ જશે અને તૈયાર પાક ખાખ થઈ જશે. તંત્રના પાપે ગ્રામજનો અત્યારે ફફડાટમાં જીવી રહ્યા છે.

આ ગંભીર લાપરવાહી સામે રોષ ઠાલવતા સ્થાનિક જાગૃત નાગરિક રાજ કાનગડે સણસણતો સવાલ કર્યો છે કે, ૧૫ દિવસ પહેલા કામ પૂરું થયા બાદ જો આવી સ્થિતિ થતી હોય, તો સિંચાઈ વિભાગે ડેમ રીપેર કરવા માટે કોન્ટ્રાક્ટ આપ્યો હતો કે લીકેજ વધારવા માટે? બીજી તરફ ગામના સરપંચે આ અંગે તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓને ફોન દોડાવ્યા હતા. જ્યારે જાંબુડાના વતની કાનભાઈએ પણ ઉગ્ર આક્રોશ સાથે જણાવ્યું કે, વર્ષોની રજૂઆતો બાદ માંડ કામ થયું તોય પરિસ્થિતિ ઠેરની ઠેર છે.

## ભરૂચમાં ગેરકાયદે ગેસ રીફિલિંગનો પર્દાફાશ : SOGએ કાલુપીર ટકિયા-ધાનવાડી વિસ્તારમાંથી એકની ધરપકડ કરી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેરના કાલુપીર ટકિયા-ધાનવાડી વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઘરેલુ એલપીજી ગેસ સિલિન્ડરોનું રીફિલિંગ થતું હોવાનો એસઓજી પોલીસે પર્દાફાશ કર્યો છે. રહેણાંક વિસ્તારમાં ચાલતી આ જોખમી પ્રવૃત્તિથી આસપાસના લોકોના જીવ જોખમમાં મુકાઈ શકે તેમ હતા. પોલીસે એક આરોપીની ધરપકડ કરી કુલ રૂ. 3,63,846નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ભરૂચ એસઓજીના પીઆઈ એ.વી. પાણમિયાની ટીમને પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે કાલુપીર ટકિયા-ધાનવાડી વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. સ્થળ પર તપાસ કરતા બોલેરો પિકઅપ વાહનમાંથી ઘરેલુ ગેસ સિલિન્ડરોમાંથી અન્ય સિલિન્ડરોમાં ગેરકાયદેસર રીતે ગેસ ટ્રાન્સફર કરવામાં આવી રહ્યો હોવાનું જણાયું હતું. પોલીસે સ્થળ પરથી 18 ભરેલા અને 3 ખાલી ઈન્ડિયન ગેસના સિલિન્ડર, ગેસ રીફિલિંગ માટે ઉપયોગમાં લેવાતી પાઈપ, વજન



કાંટો અને બોલેરો પિકઅપ વાહન સહિત કુલ રૂ. 3.63 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ કેસમાં પોલીસે ડ્રાઈવર સુનિલકુમાર ધનારામકુમાર બિશ્નોઈ (રહે. ચાવજ, ભરૂચ, મૂળ રાજસ્થાન)ની ધરપકડ કરી છે. શહેર 'બી' ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## છોટાઉદેપુરમાં પાણીના ખાડામાં ડૂબી જતાં બે માસૂમ બહેનોના કરુણ મોત..! : તંત્રની ઘોર બેદરકારી સામે ગ્રામજનોમાં ભારે રોષ

મોટી ઝડુલી ગામમાં ગ્રામજનોનો ભયંકર આક્રોશ, તંત્ર સામે આરપારની લડાઇ

છોટાઉદેપુર

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના મોટી ઝડુલી ગામેથી સરકારી તંત્રની પાપલીલા અને ઘોર બેદરકારીનો એક એવો કાળો ચહેરો સામે આવ્યો છે, જે સાંભળીને ગમે તેવા પથ્થર દિલ માણસનું કાળજું પણ કંપી ઊઠે. કવાંટના મોટી ઝડુલી ગામે પાઈપલાઈન લીકેજના કારણે ભરાયેલા મોતભર્યા ખાડામાં ડૂબી જતાં બે સગી માસૂમ બહેનોના કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે. આ ગંભીર અને હૃદયદ્રાવક ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભયંકર અરેરાટી વ્યાપી ગઈ છે અને માસૂમ દીકરીઓ ગુમાવનારા પરિવાર સહિત આખા ગામમાં



કાળો માતમ છવાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોટી ઝડુલી ગામમાં કુપ્પા પાણી પુરવઠા યોજનાની મુખ્ય પાઈપલાઈનમાં લાંબા સમયથી મોટું લીકેજ હતું. આ લીકેજના કારણે ત્યાં પાણીનો એક ઊંડો અને જોખમી ખાડો બની ગયો હતો, જેને સરકારી બાબુઓએ રિપેર કરવાની તસ્દી લીધી નહોતી. ગામના બુધારીયાભાઈ વેચાણભાઈ ભીલની બે માસૂમ દીકરીઓ રમતા-રમતા આ કાળમુખા ખાડા પાસે પહોંચી ગઈ હતી અને પગ લપસતાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી.

મૃતક બાળકીઓમાં માત્ર ૪ વર્ષની નીરુમતિબેન અને સાડા ત્રણ વર્ષની મીનાક્ષીબેનનો સમાવેશ થાય છે. બંને સગી બહેનોના એકસાથે આ રીતે કરુણ મોત થતાં ગરીબ પરિવાર પર આભ તૂટી પડ્યું છે. માતા-પિતાના હૈયાફાટ રુદન અને કલ્પાંતથી સમગ્ર વિસ્તારની હવા ગમગીન બની ગઈ છે. આ ઘટનામાં સરકારી તંત્રની સંવેદનહીનતા અને ભયંકર લાપરવાહી પરાકાષ્ઠાએ પહોંચી છે. આટલી મોટી અને ગંભીર દુર્ઘટના ઘટી હોવા છતાં અને કલાકોનો સમય વીતી ગયો હોવા છતાં, પાણી પુરવઠા વિભાગ કે સ્થાનિક વહીવટી તંત્રનો એક પણ જવાબદાર અધિકારી પીડિત પરિવારના આંસુ લૂછવા કે ઘટનાસ્થળની મુલાકાત લેવા ફરક્યો સુધ્ધાં નહોતો.

## લેબર કોન્ટ્રાક્ટરના ખાતામાંથી ઓટીપીવિના જ ₹5.20 લાખની છેતરપિંડી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચમાં ઓનલાઈન ઠગાઈનો એક આંખો ખોલતો કિસ્સો સામે આવ્યો છે. શહેરની અયોધ્યાનગર સોસાયટીમાં રહેતાં અને લેબર કોન્ટ્રાકટરના ખાતામાંથી ગઠિયાઓએ કોઈ પણ જાતનો ઓટીપી મેળવ્યાં સિવાય જ રૂ.5.20 લાખ ઉપાડી લીધાં છે.

બેંક તરફથી યોગ્ય પ્રતિસાદ નહિ મળતાં આખરે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ભરૂચ શહેરમાં સાયબર ક્રાઈમનો ગંભીર બનાવ સામે આવ્યો છે. તેમાં લેબર કોન્ટ્રાક્ટર સાથે લાખોની ઓનલાઈન છેતરપિંડી થઈ છે.

અયોધ્યા નગર વિસ્તારમાં રહેતા હિતેનકુમાર સિદ્ધપુરાના ગુજરાત ગ્રામીણ બેંક ખાતામાંથી અજાણ્યા શખ્સે રૂ. 7.31 લાખ જેટલી રકમ ટ્રાન્સફર કરી લીધી હતી. તેમાંમાંથી રૂ. 2.10 લાખ પરત મળ્યા. બાકી રૂ. 5.20 લાખની છેતરપિંડી થઈ છે. ફરિયાદ મુજબ, હિતેને તાજેતરમાં જ જીજીબી કનેકટ એપ મારફતે ઈન્ટરનેટ બેંકિંગ શરૂ કર્યું હતું. ત્યારબાદ 16 મે, 2026ના રોજ વહેલી સવારે તેમના ખાતામાંથી એક પછી એક અનેક UPI ટ્રાન્ઝેક્શન થયા હતા.

ગબ્બર પર્વત પર મંડરાતો મોતનો ખતરો

## ઉડનખટોલાની સતત ધ્રુજારીથી અતિ પ્રાચીન પથ્થરો મૂળમાંથી હલવાની ભીતિ : વહીવટી તંત્ર કઈ હોનારતની રાહમાં?

અંબાજી

શક્તિપીઠ અંબાજીમાં આસ્થાના પ્રતીક સમાન ગબ્બર પર્વતની ભૌગોલિક સ્થિતિ સાથે હાલ ગંભીર ચેડાં થઈ રહ્યા છે. એક તરફ વિકાસના નામે ચાલતા ભારે મશીનો અને ખાસ કરીને ઉડનખટોલાની સતત ધ્રુજારીએ પથ્થરોનો પાયો હચમચાવી દીધો છે, તો બીજી તરફ દુકાનોના વિસ્તરણ માટે વેપારીઓએ પથ્થર નીચેથી માટી ખોદીને પર્વતને ખોખલો કરી નાખ્યો છે! વિજ્ઞાન અને ભૂસ્તરશાસ્ત્રનો સીધો નિયમ છે કે સતત થતી ધ્રુજારી (વાયબ્રેશન) કઠણ પથ્થરોને પણ મૂળમાંથી હલાવી શકે છે. ગબ્બર પર્વત પર ચાલતા ઉડનખટોલા (રોપ-વે) ની મશીનરી અને ટ્રોલીઓના વજનથી જે સતત ધ્રુજારી પેદા થઈ રહી છે, તેના કારણે પર્વતના વર્ષો જૂના વિશાળ પથ્થરોની પકડ જમીનમાંથી ઢીલી પડી ગઈ છે. તેમાં વળી શક્તિ કોરિડોરની કામગીરીમાં વપરાતા ભારે મશીનોની ધ્રુજારીએ 'બળતામાં ઘી' હોમવાનું કામ કર્યું છે. પથ્થરો



હવે પોતાની મૂળ જગ્યાએથી ખસી શકે તેટલા જોખમી સ્તરે પહોંચી ગયા છે. એક તરફ ધ્રુજારી પથ્થરો હલાવી રહી છે, તો બીજી તરફ ગબ્બર પર બાકી રહેલા કેટલાક દુકાનદારો પોતાની દુકાનો મોટી કરવા ગેરકાયદેસર રીતે આ જ જોખમી પથ્થરો નીચેથી માટી ખોદી રહ્યા છે. પથ્થર નીચેથી કુદરતી આધાર (માટી) જતો રહેતાં તે હવામાં લટકતા થઈ શકે છે અને ગમે ત્યારે ગબડી પડે તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે.

આટલી ગંભીર ગેરરીતિ અને ખુલ્લો ખતરો નજરે પડી રહ્યો હોવા છતાં, ગબ્બર નિરીક્ષક અને સંબંધિત તંત્ર જાણે 'ગાંધારીની પટ્ટી' બાંધીને તમાશો જોઈ રહ્યા છે. શું તંત્ર ખરેખર કોઈ પથ્થર નીચે ખાબકે અને નિર્દોષ માઈભક્તોના કચરઘાણ નીકળી જાય તેની રાહ જોઈ રહ્યું છે? અંબાજીમાં ચોમાસા દરમિયાન ભેખડો પડવાના બનાવો ભૂતકાળમાં પણ બન્યા છે. હવે જ્યારે ઉડનખટોલાની ધ્રુજારી અને લાલચુ વેપારીઓના ખોદકામથી પથ્થરો સાવ અસ્થિર થઈ ગયા છે.

## ઊંઝાના ચેબલી તળાવમાં એકાએક હજારો માછલીઓના સામૂહિક મોત, કેમિકલયુક્ત પાણી છોડાયું હોવાની શંકાથી સ્થાનિકોમાં ભારે રોષ

ઊંઝા

ઊંઝા શહેરમાંથી એક ચિંતાજનક અને પર્યાવરણને નુકસાન પહોંચાડતી ઘટના સામે આવી છે. ઊંઝાના રામનગર રેસિડેન્સી પાછળ આવેલા ઐતિહાસિક ચેબલી તળાવમાં એકાએક મોટી સંખ્યામાં માછલીઓના મોત થતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. તળાવના કિનારે અને પાણીની સપાટી પર હજારો મૃત માછલીઓ તરતી જોવા મળતાં આસપાસના રહીશોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. સ્થાનિક નાગરિકો દ્વારા આ ઘટનાને પગલે ગંભીર આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. લોકોનું કહેવું છે કે તળાવનું પાણી અચાનક પ્રદૂષિત થઈ ગયું છે. આસપાસના વિસ્તારમાં આવેલી કોઈ ફેક્ટરી કે ઔદ્યોગિક એકમ દ્વારા રાત્રિના અંધારામાં કેમિકલયુક્ત ઝેરી પાણી તળાવમાં છોડવામાં આવ્યું હોવાની પ્રબળ શંકા સેવાઈ રહી છે. જોકે, આ મામલે હજુ સુધી તંત્ર દ્વારા કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. બીજી તરફ, આ ઘટનાને પગલે સ્થાનિકોમાં વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. રહીશોએ માગ કરી છે કે આ સમગ્ર મામલાની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, તેમજ પાણીના સેમ્પલ લઈને માછલીઓના મોતનું સાચું કારણ જાહેર કરવામાં આવે. સ્થાનિકોએ ચીમકી આપી છે કે પર્યાવરણ અને મૂંગા જીવોના જીવ સાથે રમત કરનારા જવાબદારોને શોધી તેમના સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે.


## માતૃશક્તિ અને અડગ મનોબળનો વિજય : 70% દ્રષ્ટિ ગુમાવી, ફેફસાં નબળા પડ્યા છતાં દીકરો ન હાર્યો

■ ભોગ બનનાર કે સંઘર્ષ કરનાર આ હોનહાર યુવાને નાની ઉંમરથી જ અસહ્ય શારીરિક પીડાઓનો સામનો કર્યો

ગાંધીનગર

કહેવાય છે કે 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ…' આ ઉક્તિને સાર્થક કરતો અને આંખમાં આંસુ સાથે હૃદયમાં ગર્વની લાગણી જગાવતો એક કિસ્સો સામે આવ્યો છે. જ્યાં ચારેય તરફ મુશ્કેલીઓનો પહાડ હોય અને શરીર સાથ ન આપતું હોય, ત્યાં જો શ્રદ્ધા અને માતાનો અતૂટ સાથ મળી જાય તો હિમાલય પણ સર કરી શકાય છે. શારીરિક પડકારોની સામે ઘૂંટણ ટેકવાના બદલે પોતાની મજબૂત ઈચ્છાશક્તિ અને લોખંડી મનોબળના જોરે એક દિવ્યાંગ પુત્રએ દેશની સૌથી અઘરી ગણાતી IIT (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી) ની પરીક્ષા પાસ કરીને ઈતિહાસ રચી દીધો છે. આ સફળતા પાછળ એક માતાના બલિદાન અને રાત-દિવસની સખત મહેનતની એવી ગાથા છે, જે દેશના લાખો યુવાનો માટે પ્રેરણાનો સ્ત્રોત બની ગઈ છે.

ભોગ બનનાર કે સંઘર્ષ કરનાર આ હોનહાર યુવાને નાની ઉંમરથી જ અસહ્ય શારીરિક પીડાઓનો સામનો કર્યો છે. તેની આંખોની દ્રષ્ટિ ૭૦% જેટલી ગુમાવાઈ ચૂકી હતી, જેના કારણે પુસ્તકોના અક્ષરો વાંચવા તેના માટે લોઢાના



ચણા ચાવવા સમાન હતા. આટલું ઓછું હોય તેમ, ફેફસાંની નબળી કામગીરી (ગંભીર શ્વસન તકલીફ) ના કારણે તેને શ્વાસ લેવામાં અને લાંબો સમય બેસવામાં પણ ભારે પીડા થતી હતી. સામાન્ય માણસ આવી સ્થિતિમાં હિંમત હારી જાય, પરંતુ આ દીકરાએ ક્યારેય પણ પોતાના ભાગ્યને દોષ ન આપ્યો અને શિક્ષણના સહારે આગળ વધવાનું નક્કી કર્યું.

પુત્રના આ ભગીરથ સંકલ્પમાં તેની માતા હિમાલયની જેમ અવિચલ ઊભી રહી. દીકરાને વાંચવામાં તકલીફ ન પડે તે માટે આ માઉલીએ પોતાની સુખ-સાહ્યબીઓ ત્યજી દીધી. માતાએ પોતે દિવસ-રાત જાગીને, જાતે મોટા અક્ષરોમાં વિજ્ઞાન અને ગણિતના અઘરા સિદ્ધાંતોની શોર્ટ નોટ્સ (નોંધો) તૈયાર કરવાનું શરૂ કર્યું, જેથી તેનો પુત્ર સરળતાથી અને આંખો પર વધુ ભાર આપ્યા વગર અભ્યાસ કરી શકે. માતાના આ અવિરત બલિદાન, સખત પરિશ્રમ અને પુત્ર પરના અતૂટ વિશ્વાસે આખરે રંગ રાખ્યો અને તમામ શારીરિક મર્યાદાઓને પછાડીને પુત્રએ IIT જેવી દેશની સર્વોચ્ચ એન્જિનિયરિંગ સંસ્થાની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી લીધી.

## ઇડરમાં તંત્ર એક્શન મોડમાં : તિરંગા સર્કલથી બસ સ્ટેશન સુધીના ગેરકાયદેસર દબાણો દૂર કરાયા, 10 દિવસ સુધી ઝુંબેશ ચાલશે


ઇડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડર શહેરમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા અને રસ્તાઓને ખુલ્લા કરવા માટે તંત્ર દ્વારા એક મોટી દબાણ હટાવો ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ઈડર નગરપાલિકા અને પોલીસ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ કડક કાર્યવાહી અંતર્ગત શહેરના મુખ્ય માર્ગો પરથી ગેરકાયદેસર દબાણો અને અવરોધો દૂર કરવામાં આવ્યા હતા. આ વિશેષ ઝુંબેશ આગામી ૧૦ દિવસ સુધી સતત ચાલુ રાખવામાં આવશે તેમ તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે.

અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ કામગીરી દરમિયાન તિરંગા સર્કલ, મામલતદાર કચેરીની સામે તેમજ બસ સ્ટેશન સુધીના મુખ્ય માર્ગ પર ગેરકાયદેસર રીતે ઉભા રહેતા લારી-ગલ્લા, રોડ પર નડતરરૂપ અન્ય વસ્તુઓ અને ગેરકાયદેસર બોર્ડ-બેનરોને તાત્કાલિક અસરથી હટાવી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત વલાસણા રોડ પર આડેધડ પાર્ક કરાયેલી બાઈકો અને એક્ટિવા જેવા વાહનોને પણ દૂર કરાવીને વાહનવ્યવહાર સુચારુ બનાવવામાં આવ્યો હતો.

આ સમગ્ર કાર્યવાહી ઈડર નગરપાલિકાના ચીફ ઓફિસર જૈમીન ચૌધરી, ઈડરના ડીવાયએસપી સિમત ગોહિલ અને ઈડર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એ. ચૌધરીના સંયુક્ત માર્ગદર્શન હેઠળ કડક સુરક્ષા વચ્ચે કરવામાં આવી હતી.

આ ઓપરેશનમાં નગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ અને પોલીસનો મોટો કાફલો હાજર રહ્યો હતો. કાર્યવાહી દરમિયાન જપ્ત કરવામાં આવેલા ગેરકાયદેસર બોર્ડ, લારીઓ અને અન્ય સામગ્રીને નગરપાલિકાના ટ્રેક્ટરોમાં ભરીને પાલિકા કચેરી ખાતે જમા લેવામાં આવી હતી.



### કાજલ અગ્રવાલે કહ્યુ મને ફિલ્મ મેકર્સે લુક બદલવા માટે કહેવામાં આવ્યુ હતુ

# એરપોર્ટ લુક અને બોડી શેમિંગના પ્રેશર પર ભડકી કાજલ અગ્રવાલ


મુંબઈ

લોકપ્રિય અભિનેત્રી કાજલ અગ્રવાલ અવારનવાર પોતાની પ્રોફેશનલ અને પર્સનલ લાઈફને કારણે ચર્ચામાં રહે છે. હાલમાં તે પોતાના એક ચોંકાવનારા ઈન્ટરવ્યુને લીધે હેડલાઈન્સમાં આવી છે. કાજલે ખુલાસો કર્યો છે કે સોશિયલ મીડિયાના આગમન પછી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હંમેશા 'પરફેક્ટ' દેખાવાનું દબાણ ખૂબ વધી ગયું છે. તેણે ગ્લેમર વર્લ્ડના કડક બ્યુટી સ્ટાન્ડર્ડ્સ (સૌંદર્યના ધોરણો) પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. 'અમારા સમયે એરપોર્ટ લુકનું કોઈ પ્રેશર નહોતું...' 'ઝૂમ' ને આપેલા એક ઈન્ટરવ્યુમાં કાજલ અગ્રવાલે પોતાની કારકિર્દીના શરૂઆતના દિવસો યાદ કર્યા હતા. તેણે જણાવ્યું કે, તે સમયે સોશિયલ મીડિયા ન હોવાને કારણે કલાકારોના દરેક લુક કે પબ્લિક અપીયરન્સની આટલી બારીકાઈથી તપાસ કે આલોચના નહોતી થતી. કાજલે આજના સમયની સરખામણી કરતા કહ્યું: 'મને આજની અભિનેત્રીઓ માટે ખરાબ લાગે છે. અમારો સમય ઘણો અલગ હતો. એરપોર્ટ પર એવા કોઈ લુક નહોતા જેને જસ્ટિફાય કરવા પડે. તમે જેવા છો તેવા જ સહેલાઈથી એરપોર્ટ પર જઈ શકતા હતા. ભારેખમ આઉટફિટ્સ પહેરીને મુસાફરી કરવી સરળ નથી, ખાસ કરીને લાંબી ફ્લાઈટ્સમાં માણસ કમ્ફર્ટેબલ હોવો જોઈએ. સદભાગ્યે અમારે ત્યારે આવી પરિસ્થિતિનો સામનો કરવો પડતો નહોતો.' કાજલ અગ્રવાલ, મને ફિલ્મ મેકર્સે લુક બદલવા કહ્યું પોતાના સંઘર્ષના દિવસો વિશે વાત કરતા કાજલે જણાવ્યું કે, કારકિર્દીની શરૂઆતમાં ફિલ્મ નિર્માતાઓ ઘણીવાર તેના લુક વિશે મંતવ્યો આપતા હતા. ક્યારેક તેને ફિલ્મો માટે વજન વધારવા તો ક્યારેક સ્લિમ થવાની સલાહ અપાતી હતી. દબાણ ત્યારે પણ હતું, પરંતુ આજના જેટલું ક્રૂર અને કઠોર નહોતું. કાજલે આશા વ્યક્ત કરી કે આજના યુગની અભિનેત્રીઓ આ અતિશય પ્રેશર વચ્ચે પણ મજબૂત રહેશે અને પોતાની આગવી ઓળખ જાળવી રાખશે. કાજલ અગ્રવાલે યુવા કલાકારોને એક મહત્વની સલાહ આપતા કહ્યું કે, તેણે પોતાની કારકિર્દીમાં ક્યારેય એવું કામ નથી કર્યું જેમાં તે કમ્ફર્ટેબલ ન હોય. ફિલ્મ મેળવવા માટે દરેક વાતમાં 'હા' કહેવું જરૂરી નથી, પરંતુ યોગ્ય સમયે મક્કમતાથી 'ના' કેવી રીતે કહેવું તે જાણવું ખૂબ જ જરૂરી છે. વર્કફ્રન્ટની વાત કરીએ તો, કાજલ અગ્રવાલ ટૂંક સમયમાં જ ફિલ્મ 'ધ ઈન્ડિયા સ્ટોરી' (The India Story) માં જોવા મળશે. ચેતન ડીકેના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મમાં તેની સાથે શ્રેયસ તલપડે મુખ્ય ભૂમિકામાં છે અને તે ૨૪ જુલાઈના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આ ઉપરાંત, કાજલ પાસે મોસ્ટ અવેટેડ મેગા બજેટ ફિલ્મ 'રામાયણ'માં પણ છે.

**ફિલ્મ મેળવવા માટે દરેક વાતમાં "હા" કહેવું જરૂરી નથી, પરંતુ યોગ્ય સમયે મક્કમતાથી "ના" કેવી રીતે કહેવું તે જાણવું ખૂબ જ જરૂરી છે**

# પદ્મ વિભૂષણ પંડવાણી ગાયિકા તીજન બાઈનું નિધન

### ભારતીય લોકકલામાં અસાધારણ યોગદાન બદલ તેમને અનેક પ્રતિષ્ઠિત સન્માનોથી નવાજવામાં આવ્યા હતા



મુંબઈ

ભારતીય લોકકલાના ક્ષેત્ર માટે દુઃખદ સમાચાર સામે આવ્યા છે. પંડવાણી ગાયનની દિગ્ગજ લોકગાયિકા તીજન બાઈનું 70 વર્ષની વયે નિધન થયું છે. લાંબી બિમારી બાદ તેમણે AIIMS Raipurમાં શનિવારે વહેલી સવારે અંતિમ શ્વાસ લીધા હતા. માહિતી મુજબ, છેલ્લા કેટલાક અઠવાડિયાથી તેમનો હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. શનિવારે સવારે લગભગ 3:15 વાગ્યે તેમની તબિયત વધુ બગડતા ડૉક્ટરોએ તેમને બચાવવાના પ્રયાસો કર્યા, પરંતુ આખરે તેમનું અવસાન થયું હોવાનું જાહેર કર્યું. તીજન બાઈને શ્વાસ લેવામાં તકલીફ અને ભારે નબળાઈ અનુભવાતા આ વર્ષે 27 મેના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડૉક્ટરોએ જણાવ્યું હતું કે તેઓ અનેક ગંભીર આરોગ્ય સમસ્યાઓથી પીડાઈ રહ્યા હતા.

વિષ્ણુદેવ સાયએ તીજન બાઈના નિધન પર શોક વ્યક્ત કરતા જણાવ્યું કે તેમણે પંડવાણી કળા દ્વારા છત્તીસગઢની સંસ્કૃતિને વિશ્વભરમાં ઓળખ અપાવી હતી. મુખ્યમંત્રીએ તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થના કરી હતી. તીજન બાઈ પંડવાણી લોકગાયનની પ્રખ્યાત કલાકાર હતા. પંડવાણી શૈલીમાં મહાભારતની વાર્તાઓને સંગીત અને નાટ્યાત્મક અંદાજમાં રજૂ કરવામાં આવે છે. આ લોકકલા ખાસ કરીને છત્તીસગઢ, મધ્ય પ્રદેશ, ઓડિશા અને આંધ્ર પ્રદેશમાં લોકપ્રિય છે.

ભારતીય લોકકલામાં અસાધારણ યોગદાન બદલ તેમને અનેક પ્રતિષ્ઠિત સન્માનોથી નવાજવામાં આવ્યા હતા. વર્ષ 2019માં તેમને દેશના બીજા સર્વોચ્ચ નાગરિક સન્માન પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત તેમને પદ્મશ્રી, પદ્મ ભૂષણ, સંગીત નાટક અકાદમી એવોર્ડ અને ફુકુઓકા એવોર્ડ જેવા સન્માનો પણ મળ્યા હતા. તીજન બાઈના નિધનથી ભારતીય લોકસંગીત અને લોકકલાના ક્ષેત્રમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

# શનાયા કપુરે શૅર કર્યા પાર્ટીના ફોટો, ફેન્સના દિલ જીતી લીધા

### એક ક્લોઝઅપ શોટ પોઝમાં ફોટો પોસ્ટમાં પણ તે ખૂબ જ મસ્ત લાગી રહી છે. આ સાથે તેણે પોતાના હાથમાં કલરફૂલ બંગડીઓ પહેરી હતી

મુંબઈ

સંજય કપૂરની દીકરી શનાયા કપૂરના એકથી એક ચડિયાતા ફોટો સામે આવ્યા છે. આ ફોટો પર ફેન્સ એના વખાણ કરતા થાકતા નથી. સોશિયલ મીડિયા પર એક મોટી ફ્રેન્ડફોલોઈંગ ધરાવે છે. સમયાંતરે પોતાના એકથી એક બેસ્ટ ફોટો મૂકીને તે ફેન્સને અપડેટ આપતી રહે છે.

તાજેતરમાં તેણે પોતાની કેટલીક તસવીર શૅર કરી હતી, જેમાં એનો પાર્ટીમૂડ સ્પષ્ટ જોવા મળે છે. શનાયા આ ફોટોમાં તે પિઝા ખાતી જોવા મળી રહી છે. ફોટો પરથી કહી શકાય છે કે, પાર્ટીની તૈયારીઓ થઈ ચૂકી છે અને જલસો શરૂ થવાની રાહ જોવાઈ રહી છે. 'પિઝા ઔર મેરી ગર્લ કે સાથ ટાઈમ.' એવું તેણે કેપ્શન આપ્યું હતું. ફ્રેન્ડ સાથે આપ્યો મસ્ત પોઝ શનાયાએ વધુ એક તસવીરમાં તે પોતાની ફ્રેન્ડની ટોળકી સાથે દેખાઈ રહી છે. આ ફોટોમાં ખુશી કપુર પણ જોવા મળી હતી.એક ફેન્સે આ તસવીર પર કોમેન્ટ કરતા કહ્યું કે, ખુશી કપુર બિલકુલ પોતાની માતા શ્રી દેવી જેવી જ દેખાઈ રહી છે. તમામ ફ્રેન્ડ એક ઈથનિક અટાયરમાં જોવા મળે છે. શનાયાએ આ જ આઉટફિટમાં બીજા પણ કેટલાક ફોટો શૅર કર્યા હતા. જેમાં એનો ગ્લેમરસ અંદાજ જોવા મળ્યો હતો. પોતાની આ તસીવર શૅર કરતા પોસ્ટમાં લખ્યું હતું કે, બરસાત વાલે દિન કી ધૂપ જૈસી ચમકો. આ કેપ્શન પર પિતા સંજય કપુરે દિલવાળુ ઈમોજી ડ્રોપ કર્યું હતું. આ સાથે તેમણે નજર ન લાગે એવું સરસ ઈમોજી પણ શૅર કર્યું હતું. શનાયા કપુરના દરેક ફોટો પર ફેન્સ દિલ ખોલીને એના વખાણ કરી રહ્યા છે. એની બ્યૂટીને વધાવી રહ્યા છે. કોમેન્ટ બોક્સ પર ધ્યાન દેતા મોટાભાગની પોસ્ટમાં દિલવાળું ઈમોજી જ જોવા મળી રહ્યું છે. એક ફેને એવી કોમેન્ટ કરી કે, કોઈ ઈતના ખૂબસુરત કૈસે હો સકતા હૈ? અન્ય એક યુઝરે લખ્યું કે, મેમ તમે ખૂબ જ પ્રિટી લાગી રહ્યા છો.આ ફોટોમાં શનાયાએ ટ્યુબ સિંગલ સ્ટ્રેપ બ્લાઉઝ પહેર્યું હતું. આ સાથે પિંકલ કલરના લેંઘા સાથે પોતાનો લૂક પૂરો કર્યો હતો. એક ક્લોઝઅપ શોટ પોઝમાં ફોટો પોસ્ટમાં પણ તે ખૂબ જ મસ્ત લાગી રહી છે. આ સાથે તેણે પોતાના હાથમાં કલરફૂલ બંગડીઓ પહેરી હતી. આ લૂકમાં તેના વાળ એકદમ સ્ટ્રેટ દેખાઈ રહ્યા છે.





# અર્જુનને ગળે લગાવતા જ ભાવુક બની અંશુલા કપૂર, તસવીરો વાયરલ

### બોલીવુડ અભિનેતા અર્જુન કપૂરની બહેન અંશુલા કપૂર હાલમાં સોશિયલ મીડિયા પર છવાયેલી છે

મુંબઈ

બોલીવુડ અભિનેતા અર્જુન કપૂરની બહેન અંશુલા કપૂર હાલમાં સોશિયલ મીડિયા પર છવાયેલી છે. હાલમાં તેમના લગ્નની વિધિઓ ચાલી રહી છે, અને તેમના ફોટા વાયરલ થઈ રહ્યા છે. આ દરમિયાન, અંશુલાએ મહેંદી સમારંભ પછી ચૂડા સમારંભના ફોટા શેર કર્યા, જેમાં તે ખૂબ જ સુંદર દેખાઈ રહી છે. તેનો આખો પરિવાર સાથે ઉજવણી કરતો જોવા મળી રહ્યો છે. ચાલો આ ફોટા પર એક નજર કરીએ. બોની કપૂરની મોટી દીકરી અંશુલા કપૂર દુલ્હન બનવાની તૈયારીમાં છે. તે આવતીકાલે, સોમવારે તેના બોયફ્રેન્ડ રોહન ઠક્કર સાથે લગ્ન કરશે.

અંશુલા માટે લગ્ન પહેલાના કાર્યક્રમો હાલમાં કપૂર પરિવારમાં ચાલી રહ્યા છે. ગઈકાલે રાત્રે મહેંદી સમારોહ યોજાયો હતો, જેમાં કપૂર પરિવાર ઉપરાંત આરી, શબાના આઝમી અને વરુણ ધવન સહિત અનેક સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી. ચૂડા અને કાલીરે સમારોહ પણ યોજાયો હતો. અંશુલાએ ઉજવણીના ફોટા શેર કર્યા છે. અંશુલા કપૂરની ચૂડા અને કલીરે સેરેમનીમાં પરિવારના તમામ સભ્યો હાજર રહ્યા હતા. જિંદગીનો નવો અધ્યાય શરૂ કરતા પહેલા ઘરના વડીલોએ અંશુલાને આશીર્વાદ આપ્યા હતા. અંશુલાએ પોતાની ચૂડા સેરેમની દરમિયાન ગ્રીન (લીલા) કલરનો સૂટ પહેર્યો હતો.

નાની બહેન જ્હાનવી કપૂરે અંશુલાના કાંડા પર કલીરે બાંધ્યા હતા. અંશુલાની મહેંદી સેરેમનીની પૂરી તૈયારી જ્હાનવી અને ખુશીએ કરી હતી. આ દરમિયાન તેમણે અંશુલાને એક ખાસ સરપ્રાઈઝ પણ આપ્યું હતું. બહેનની ચૂડા સેરેમની દરમિયાન અર્જુન કપૂરે પણ વિધિ નિભાવી હતી અને નાની બહેનને આશીર્વાદ આપ્યા હતા. આ ભાવુક ક્ષણે અંશુલા ભાઈને ગળે વળગીને રડી પડી હતી. તમને જણાવી દઈએ કે અંશુલા અને અર્જુન વચ્ચે ખૂબ જ સારું બોન્ડિંગ છે. માતા મોના શૌરીના અવસાન પછી અર્જુને પોતાની બહેનનું એક વાલી (વાલીવારસ)ની જેમ ધ્યાન રાખ્યું છે. આવી સ્થિતિમાં બહેનના લગ્ન અને વિદાય તેના માટે ખૂબ જ ભાવુક પળ છે.

# 'મૈં વાપસ આઉંગા' ફિલ્મે બજેટ વસૂલ કરી નફો કમાવવાનું શરૂ કર્યું, હવે 100 કરોડની ક્લબ તરફ નજર

મુંબઈ

બોલિવૂડ ડિરેક્ટર ઈમ્તિયાઝ અલીના નિર્દેશનમાં બનેલી ફિલ્મ 'મૈં વાપસ આઉંગા' ની બોક્સ ઓફિસ પરની લાંબી રેસ અને મહેનત આખરે રંગ લાવી છે. સિનેમાઘરોમાં અપેક્ષા કરતાં ઘણી ધીમી શરૂઆત કરનારી આ ફિલ્મે પાછળથી અદભુત ગતિ પકડી છે. ફિલ્મે તેની રજૂઆતના 23 મા દિવસે, એટલે કે ચોથા શનિવારે 2 કરોડનો નોંધપાત્ર બિઝનેસ કર્યો છે. ફિલ્મનું કલેક્શન હવે તેના કુલ બજેટને પાર કરી ગયું છે અને ટૂંક સમયમાં જ તે પ્રતિક્ષિત 100 કરોડની ક્લબમાં સામેલ થઈ શકે છે. વર્લ્ડવાઈડ કલેક્શન




84.40 કરોડે પહોંચ્યું બોક્સ ઓફિસ ટ્રેકર સેકનિલ્કના સત્તાવાર અહેવાલો અનુસાર, 'મૈં વાપસ આઉંગા' ફિલ્મે ભારતમાં 23 દિવસમાં કુલ 55.30 કરોડનું નેટ કલેક્શન અને આશરે 65.90 કરોડનું ગ્રોસ કલેક્શન મેળવ્યું છે. સ્થાનિક બજાર ઉપરાંત આ ફિલ્મને વિદેશી દર્શકોનો પણ સારો પ્રતિસાદ સાંપડ્યો છે અને ઓવરસીઝ માર્કેટમાંથી ફિલ્મે અત્યાર સુધીમાં 18 કરોડની કમાણી કરી લીધી છે. આ સાથે જ ફિલ્મનું કુલ વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ કલેક્શન 84.40 કરોડ સુધી પહોંચી ગયું છે. મીડિયા અહેવાલો મુજબ, આ ફિલ્મનું કુલ મેકિંગ બજેટ અંદાજે 70 કરોડ જેટલું હતું. હવે તેની વૈશ્વિક કમાણી 84.40 કરોડ (આશરે 85 કરોડ) થઈ ચૂકી હોવાથી ફિલ્મ તેનું મૂળ બજેટ વસૂલ કરીને 15 કરોડના ચોખ્ખા નફા તરફ આગળ વધી ગઈ છે. ફિલ્મ હજુ પણ વીકેન્ડમાં રોજના 2 કરોડની આસપાસ કમાણી જાળવી રાખવામાં સફળ રહી છે, જે ટ્રેડ નિષ્ણાતોના મતે પિક્ચર માટે ખૂબ જ હકારાત્મક સંકેત છે. ઈમ્તિયાઝ અલીની આ રોમેન્ટિક ડ્રામા ફિલ્મને હવે વર્લ્ડવાઈડ 100 કરોડનો આંકડો સ્પર્શવા માટે માત્ર 15 કરોડની કમાણીની જરૂર છે. આ સ્થિતિમાં રવિવારનું કલેક્શન ફિલ્મના ભવિષ્ય માટે અત્યંત નિર્ણાયક સાબિત થશે. ફિલ્મમાં દિગ્ગજ અભિનેતા નસીરુદ્દીન શાહના અભિનયની ભારે પ્રશંસા થઈ રહી છે, જ્યારે યુવા કલાકારો શર્વરી વાઘ અને વેદાંગ રૈનાની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રી અને એક્ટિંગે પણ દર્શકોના દિલ જીતી લીધા છે. સોશિયલ મીડિયા પર મળી રહેલા પોઝિટિવ માઉથ પબ્લિસિટીના કારણે ચાલુ સપ્તાહમાં આ ફિલ્મ નવો કીર્તિમાન સ્થાપિત કરી શકે છે.

### ફાઇનલમાં લંડનના લોર્ડ્સ મેદાન પર ઓસ્ટ્રેલિયાએ ઇંગ્લેન્ડને 7 વિકેટે હરાવી ટ્રોફી જીતી

# ઓસ્ટ્રેલિયા રેકોર્ડ સાતમી વખત વુમન્સ T20 વર્લ્ડ કપ ચેમ્પિયન

મુંબઈ

ICC વિમેન્સ T20 વર્લ્ડ કપ 2026ના રોમાંચક ફાઈનલ મુકાબલામાં ઓસ્ટ્રેલિયાએ ફરી એકવાર ક્રિકેટ જગતમાં પોતાનું આધિપત્ય સાબિત કર્યું છે. લંડનના ઐતિહાસિક લોર્ડ્સ મેદાન પર રવિવારે (5 જુલાઈ) રમાયેલી ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને 7 વિકેટે કરારી હાર આપીને ટ્રોફી પોતાના નામે કરી લીધી છે. ઈંગ્લેન્ડે આપેલા 151 રનના ટાર્ગેટને ઓસ્ટ્રેલિયાની ટીમે માત્ર 17.1 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને આસાનીથી હાંસલ કરી લીધો હતો. સોફી મોલિનક્સની કપ્તાની હેઠળની કાંગારૂ ટીમે આ સમગ્ર ટૂર્નામેન્ટમાં એક પણ મેચ ગુમાવી નથી, જે તેમના મજબૂત ફોર્મને દર્શાવે છે. મહિલા ટી20 ક્રિકેટના ઈતિહાસમાં ઓસ્ટ્રેલિયાની ટીમ સૌથી સફળ ટીમ રહી છે અને આ વર્ષે જીત સાથે તેમણે રેકોર્ડ 7મી વખત આ ખિતાબ જીત્યો છે. આ પહેલા ઓસ્ટ્રેલિયન ટીમ 2010, 2012, 2014, 2018, 2020 અને 2023માં પણ વર્લ્ડ ચેમ્પિયન બની ચૂકી છે. ઓસ્ટ્રેલિયા સિવાય અન્ય ટીમોની વાત કરીએ તો ઈંગ્લેન્ડ (2009), વેસ્ટઈન્ડીઝ (2016) અને ન્યૂઝીલેન્ડ (2024) માત્ર એક-એક વાર જ આ ટ્રોફી જીતવામાં સફળ રહ્યા છે. 151 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની શરૂઆત નબળી રહી હતી અને બીજી જ ઓવરમાં ઓપનર જોર્જિયા વોલ આઉટ થઈ ગઈ હતી. જોકે, ત્યારબાદ ફોએબે લિચફિલ્ડ અને વિકેટકીપર બેટર બેથ મૂનીએ શાનદાર વાપસી કરાવી હતી. આ બંને વચ્ચે બીજી વિકેટ માટે 100 રનની મેચ વિનિંગ ભાગીદારી થઈ




હતી, જેણે ઈંગ્લેન્ડની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું. લિચફિલ્ડે 35 બોલમાં 6 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી ધમાકેદાર 48 રન બનાવ્યા હતા. જ્યારે બેથ મૂનીએ 49 બોલમાં 10 ચોગ્ગા ફટકારીને 64 રનનું મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. આ બંનેના આઉટ થયા બાદ એલિસ પેરી (અણનમ 13) અને એશ્લે ગાર્ડનર (અણનમ 3)ની જોડીએ ટીમની જીત સુનિશ્ચિત કરી હતી. ઈંગ્લેન્ડ તરફથી ચાર્લોટ ડીન, સોફી એક્લેસ્ટોન અને લોરેન બેલે 1-1 વિકેટ ઝડપી હતી. ટોસ હારીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 150 રન જ બનાવી શકી હતી.

ઈંગ્લેન્ડ માટે કેપ્ટન નેટ સાઈવર-બ્રન્ટે સૌથી વધુ 53 બોલમાં 5 ચોગ્ગા સાથે અણનમ 58 રનની શાનદાર ઈનિંગ રમી હતી. બીજી તરફ ફ્રેયા કેમ્પે પણ આક્રમક બેટિંગ કરતા 28 બોલમાં 4 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી અણનમ 44 રન ફટકાર્યા હતા. આ બંને પ્લેયર્સે પાંચમી વિકેટ માટે અણનમ 80 રનની ભાગીદારી કરીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. જોકે, એમી જોન્સ (6 રન), ડેની વ્યાટ-હોજ (8 રન) અને હીથર નાઈટ (2 રન) જેવી સ્ટાર પ્લેયર્સ સસ્તામાં આઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી કિમ ગાર્થ, લુસી હેમિલ્ટન, સોફી મોલિનક્સ અને એનાબેલ સધરલેન્ડે 1-1 વિકેટ મેળવી હતી.

## અમદાવાદમાં બુમરાહે રેડ બોલથી પ્રેક્ટિસ શરૂ કરી

અમદાવાદ

ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે રેડ બોલ ક્રિકેટની તૈયારી શરૂ કરી દીધી છે. રવિવારે તેણે અમદાવાદમાં લાલ SG બોલથી બોલિંગ કરતા ફોટા ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો.

બુમરાહ IPLમાંથી બ્રેક લીધા બાદ ગુજરાત ડોમેસ્ટિક ટીમ સાથે ટ્રેનિંગ કરી રહ્યો છે. તેને આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ સામેની T20 સિરીઝમાંથી આરામ આપવામાં આવ્યો છે. તે ઈંગ્લેન્ડ સામે 14 જુલાઈથી શરૂ થતી ત્રણ મેચની વન-ડે શ્રેણીથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરી રહ્યો છે. 968 દિવસ પછી વન-ડે રમશે બુમરાહે છેલ્લો વન-ડે 19 નવેમ્બર 2023ના રોજ ઓસ્ટ્રેલિયા સામે વર્લ્ડ કપ ફાઈનલમાં રમ્યો હતો. ઈંગ્લેન્ડ સિરીઝ સાથે તે 968 દિવસ પછી વન-ડે ક્રિકેટમાં વાપસી કરશે.



ઉપરાંત, તેને એશિયન ગેમ્સ માટે ભારતીય ટીમમાં સ્થાન મળ્યું છે. તે અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચમાં પણ રમ્યો ન હતો. બુમરાહે મુંબઈ ઈન્ડિયન્સ માટે રમતા IPL 2026માં 13 મેચમાં માત્ર 4 વિકેટ લીધી. તેની સરેરાશ 102.50, ઈકોનોમી 8.36 અને શ્રેષ્ઠ પ્રદર્શન 15 રન આપીને 1 વિકેટ રહ્યું. બુમરાહે ટી-20 વર્લ્ડ કપ 2026માં શાનદાર પ્રદર્શન કર્યું. તેણે 8 ઈનિંગ્સમાં 14 વિકેટ લઈને ટૂર્નામેન્ટના ટોપ વિકેટ ટેકર બન્યા. તેણે ફાઈનલમાં ન્યુઝીલેન્ડ સામે 15 રન આપીને 4 વિકેટ લીધી હતી. તેને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો. ઈંગ્લેન્ડ વન-ડે સિરીઝ પછી ભારત 15થી 27 ઓગસ્ટ સુધી શ્રીલંકામાં બે ટેસ્ટ મેચ રમશે. પ્રથમ ટેસ્ટ ગૉલમાં અને બીજી કોલંબોમાં રમાશે.

### હાલેન્ડે પ્રથમ 4 મેચમાં 7 ગોલ કર્યા

## ફિફા વર્લ્ડકપમાં નૉર્વેના ખેલાડીએ રચ્યો ઈતિહાસ! મેસી -રોનાલ્ડો રહી ગયા પાછળ

વૉશિંગ્ટન

ફિફા વર્લ્ડ કપ 2026માં નોર્વેના સ્ટાર સ્ટ્રાઈકર એરલિંગ હાલેન્ડે એક એવો અનોખો ઈતિહાસ રચી દીધો છે, જે ફૂટબોલ જગતના બે સૌથી મોટા દિગ્ગજ ખેલાડીઓ લિયોનેલ મેસ્સી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પણ અત્યાર સુધી પોતાના કરિયરમાં કરી શક્યા નથી. બ્રાઝિલ સામેની હાઈ-વોલ્ટેજ મેચમાં બે શાનદાર ગોલ ફટકારીને હાલેન્ડે નોર્વેને જીત અપાવી છે અને પોતાની ટીમને વર્લ્ડ કપના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચાડી દીધી છે. રાઉન્ડ ઓફ-16ની અત્યંત રોમાંચક મેચમાં એરલિંગ હાલેન્ડના બે વિજયી ગોલની મદદથી નોર્વેએ પાંચ વખતની ચેમ્પિયન બ્રાઝિલની ટીમને 2-1થી હરાવીને મોટો અપસેટ સર્જ્યો છે. આ મેચમાં હાલેન્ડે 79મી મિનિટે પ્રથમ ગોલ કરીને નોર્વેને લીડ અપાવી હતી અને ત્યારબાદ 90મી મિનિટે બીજો ગોલ કરીને નોર્વેની જીત પાકી કરી દીધી હતી. ઈન્જરી ટાઈમની 10મી મિનિટે બ્રાઝિલ વતી નેમારે પેનલ્ટી દ્વારા એક ગોલ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચૂક્યું હતું. આ જીત સાથે એરલિંગ હાલેન્ડે એક જ ફિફા વર્લ્ડ કપમાં ચાર મેચ-વિનિંગ ગોલ કરવાનો ઐતિહાસિક રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ફૂટબોલના ઈતિહાસમાં અત્યાર સુધી માત્ર ત્રણ જ ખેલાડીઓ આ મુકામ સુધી પહોંચી શક્યા છે, જેમાં મેસ્સી, રોનાલ્ડો કે કિલિયન એમ્બાપ્પેનું નામ શામેલ નથી.



## FIFA વર્લ્ડ કપમાં અપસેટ, બ્રાઝિલ ટુર્નામેન્ટની બહાર ફેંકાયું

### 6 વર્ષના કરિયરમાં 129 મેચમાં 80 ગોલ સાથે તેઓ બ્રાઝિલના સફળતમ ગોલસ્કોરર બન્યા

મેક્સિકો સિટી

બ્રાઝિલના સ્ટાર અને વિશ્વના દિગ્ગજ ફૂટબોલર નેમારે આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી સંન્યાસની જાહેરાત કરીને કરોડો ચાહકોને આંચકો આપ્યો છે. ફિફા વર્લ્ડ કપ 2026 ના રાઉન્ડ ઓફ-16 મુકાબલામાં નોર્વે સામે બ્રાઝિલનો 2-1 થી પરાજય થયો હતો, જેની સાથે જ બ્રાઝિલનું વર્લ્ડ કપ જીતવાનું સપનું રોળાઈ ગયું હતું. આ શરમજનક હાર બાદ 34 વર્ષીય નેમારે ભારે હૈયે આંતરરાષ્ટ્રીય સ્તરેથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. મેચ બાદ ભાવુક થયેલા નેમારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, 'મેં મારી પૂરેપૂરી કોશિશ કરી. મારો પ્રવાસ જ્યાંથી શરૂ થયો હતો, આજે ત્યાં જ પૂરો થઈ ગયો છે. હવે બધું સમાપ્ત થઈ ગયું છે.' નેમારના આ આખરી મુકાબલામાં એક



અદભુત સંયોગ પણ જોવા મળ્યો હતો. તેમણે 9 ઓગસ્ટ 2010ના રોજ અમેરિકા સામે 'મેટલાઈફ સ્ટેડિયમ' ખાતે પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ રમીને કરિયરની શરૂઆત કરી હતી. લગભગ 16 વર્ષ બાદ, બ્રાઝિલની જર્સીમાં તેમણે પોતાની છેલ્લી મેચ પણ આ જ સ્ટેડિયમમાં રમીને ફૂટબોલ જગતને અલવિદા કહ્યું હતું. પોતાની છેલ્લી મેચમાં નેમાર જમણા પગની પિંડલી (રાઈટ કાફ) ની ઈજાના કારણે શરૂઆતની પ્લેઈંગ 11માં સામેલ નહોતા. જોકે, તેઓ બેન્ચ પરથી મેદાનમાં આવ્યા હતા અને મેચની છેલ્લી મિનિટોમાં પેનલ્ટી દ્વારા શાનદાર ગોલ પણ કર્યો હતો, પરંતુ તે બ્રાઝિલને હારથી બચાવી શક્યો નહોતો.

નેમારનું કરિયર સતત ઈજાઓથી પ્રભાવિત રહ્યું છેલ્લા કેટલાક વર્ષોથી નેમારનું કરિયર સતત ઈજાઓથી પ્રભાવિત રહ્યું હતું, જેના કારણે તેઓ પોતાની જૂની લય ગુમાવી બેઠા હતા. આ આખા વર્લ્ડ કપ દરમિયાન પણ તેઓ ફિટનેસની સમસ્યાઓ સામે ઝઝૂમતા રહ્યા અને બ્રાઝિલની પાંચ મેચોમાંથી માત્ર બે જ મેચ રમી શક્યા હતા. ગ્રૂપ સ્ટેજમાં સ્કોટલેન્ડ સામેની મેચમાં પણ તેઓ માત્ર 15 મિનિટ જ મેદાન પર વિતાવી શક્યા હતા. ઈજાઓએ તેમના પ્રદર્શનને ઘણું સીમિત કરી દીધું હતું. આ આઘાતજનક વિદાય સાથે જ નેમારના 16 વર્ષ લાંબા ઈન્ટરનેશનલ કરિયરનો અંત આવ્યો છે. તેઓ બ્રાઝિલના ફૂટબોલ ઈતિહાસના સૌથી સફળ ગોલ સ્કોરર તરીકે નિવૃત્ત થયા છે. તેમણે દેશ માટે 129 ઈન્ટરનેશનલ મેચો રમીને રેકોર્ડબ્રેક 80 ગોલ નોંધાવ્યા છે અને ટીમને અનેક યાદગાર જીત અપાવી છે. નેમારની નિવૃત્તિ બાદ હવે બ્રાઝિલિયન ફૂટબોલ એક નવા યુગમાં પ્રવેશી રહ્યું છે, જ્યાં ટીમની કમાન નવી પેઢીના યુવા ખેલાડીઓના હાથમાં રહેશે.



### બોન્ડ માર્કેટમાં વેગ જુલાઈમાં પણ ચાલુ રહેશે

# કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં ઉદભવેલી તેજી

મુંબઈ

સરકારી નાણાકીય સંસ્થાઓ અને નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી) એ તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે ડેટ માર્કેટ તરફ વળ્યા હતા. જેના કારણે કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં તેજી ઉદભવી છે. ભારતીય કંપનીઓએ શુક્રવારે એટલે કે માત્ર એક જ દિવસમાં કોર્પોરેટ બોન્ડ દ્વારા કુલ રૂ. ૧૫,૯૬૦ કરોડ એકત્ર કર્યા હતા. નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) સૌથી મોટી ઈશ્યુઅર હતી, જેણે ૭.૧૯% ની કટઓફ યીલ્ડ પર બોન્ડ દ્વારા રૂ. ૮,૦૦૦ કરોડ એકત્ર કર્યા હતા. ઈન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ કંપની એ ૭.૨૫% ની કટઓફ યીલ્ડ પર રૂ. ૧,૮૪૮ કરોડ એકત્ર કર્યા હતા. એનબીએફસી માં, બજાજ ફાઈનાન્સે ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૯




ના રોજ પાકતા નવા બોન્ડ ઈશ્યૂ દ્વારા રૂ. ૪,૦૦૦ કરોડ એકત્ર કર્યા હતા, જેનો કૂપન ૭.૭૦% હતો. કંપનીએ ૪ જુલાઈ, ૨૦૩૬ ના રોજ પાકતા ૧૦ વર્ષના અલગ બોન્ડ ઈશ્યૂમાં રૂ. ૧,૩૦૫ કરોડની બિડ પણ સ્વીકારી હતી, જેનો કૂપન ૭.૭૯% હતો. કોટક મહિન્દ્રા પ્રાઈમએ ૨૪ ઓગસ્ટ, ૨૦૨૯ ના રોજ પાકતા ૭.૯૭% બોન્ડ ફરીથી જારી કરીને રૂ. ૨૫૦ કરોડ એકત્ર કર્યા હતા. બોન્ડ ૧૦૦.૮૭ ના ભાવે સ્વીકારવામાં આવ્યો હતો, જેનો અર્થ પાકતા યીલ્ડ લગભગ ૭.૬૫૮૧% હતો. આદિત્ય બિરલા કેપિટલે ૩૦ એપ્રિલ, ૨૦૩૬ ના રોજ પાકતા ૮.૦૬૬૮% બોન્ડ ફરીથી જારી કરીને રૂ. ૫૫૬.૮ કરોડ એકત્ર કર્યા હતા. બોન્ડ ૯૮.૭૧૬૫ ના ભાવે સ્વીકારવામાં આવ્યો હતો, જેનો અર્થ પાકતા ૮.૨૪૮૪% હતો. બજારના સહભાગીઓએ જણાવ્યું હતું કે મજબૂત સંભવિત બોન્ડ સંકેતો સૂચવે છે કે જૂનમાં કોર્પોરેટ બોન્ડ માર્કેટમાં જોવા મળેલો વેગ જુલાઈમાં પણ ચાલુ રહેશે. આ મુખ્યત્વે સુધારેલી ઉધાર લેવાની સ્થિતિમાં કારણે હતું. તેમણે વધેલી પ્રવૃત્તિ માટે ભારતીય રિઝર્વ બેંક દ્વારા તાજેતરના પ્રવાહિતા અને દર માપદંડો તેમજ ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડાને જવાબદાર ગણાવ્યું હતું.

### દક્ષિણ એશિયાની સૌથી મોટી પ્રાઈવેટ મિસાઈલ ઈકોસિસ્ટમ સ્થાપશે

# અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસ હવે શિવપુરીમાં 2,500 કરોડનું રોકાણ કરશે

મુંબઈ

અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ (AEL)ની સંરક્ષણ અને એરોસ્પેસ શાખા, અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસે દક્ષિણ એશિયાની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની મિસાઈલ ઈકોસિસ્ટમ સ્થાપવા માટે મધ્ય પ્રદેશના શિવપુરીમાં રૂપિયા 2,500 કરોડના પ્રોજેક્ટનું ભૂમિપૂજન કર્યું છે. આ પ્રોજેક્ટ હેઠળ એક જ સ્થળે કમ્પોઝિટ પ્રોપેલન્ટ અને ટ્રાયનાઈટ્રોટોલ્યુઈન (TNT)ના ઉત્પાદન સાથે અદ્યતન મિસાઈલ ઈકોસિસ્ટમ સ્થાપવામાં આવશે, જે ભારતના ખાનગી ક્ષેત્રમાં આ પ્રકારની પ્રથમ બેકવર્ડ-ઈન્ટિગ્રેટેડ ક્ષમતાનું નિર્માણ કરશે. આ સીમાચિહ્નરૂપ રોકાણથી 5,000 પ્રત્યક્ષ અને પરોક્ષ કુશળ રોજગારીની તકો ઊભી થશે, જેનાથી મધ્ય પ્રદેશ એક વ્યૂહાત્મક સંરક્ષણ હબ તરીકે ઉભરી આવશે તેમજ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માટે નવી તકો પેદા થશે. આ સુવિધા સિસ્ટમ ઈન્ટિગ્રેશન અને નિર્ણાયક સામગ્રીના ઉત્પાદનને એકસાથે લાવીને ભારતની સંરક્ષણ સપ્લાય ચેઈનમાં રહેલી લાંબા સમયની ખામીને દૂર કરશે, જેનાથી ભારતીય સશસ્ત્ર દળો મોટા પાયે સ્વદેશી મિસાઈલ પ્રણાલીઓનો સમાવેશ કરી શકશે. કેન્દ્રીય મંત્રી અને ગુનાના સાંસદ જ્યોતિરાદિત્ય સિંધિયાએ આ પ્રોજેક્ટના પ્રભાવ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ શિવપુરી-ગુના ક્ષેત્ર માટે એક નવા ઔદ્યોગિક પ્રકરણની શરૂઆત છે, જે આ ક્ષેત્રમાં ઉચ્ચ ગુણવત્તાવાળી રોજગારીની તકો લાવશે. આ કાર્યક્રમમાં અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ)ના મેનેજિંગ ડિરેક્ટર કરણ અદાણી અને રાજ્યના ઉર્જા મંત્રી પ્રદ્યુમન સિંહ તોમર પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેક્ટ મિસાઈલ સિસ્ટમ ઈન્ટિગ્રેશન અને તેના માટે જરૂરી સામગ્રીના ઉત્પાદનને એક જ સ્થળે લાવીને દેશને એક સાર્વભૌમ ક્ષમતા પ્રદાન કરશે, જે 'આત્મનિર્ભર ભારત' ના વિઝનને મજબૂત બનાવશે.



### થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચેનો તફાવત ઊંચો રહેતા બેન્કો પર દબાણ

# પશ્ચિમ એશિયા યુદ્ધ વચ્ચે પણ દેશના વેપારગૃહો દ્વારા ધિરાણ માંગ ઊંચી

**જૂન ત્રિમાસિકમાં દેશની બેન્કિંગ વ્યવસ્થામાં થાપણ વૃદ્ધિની સરખામણીએ ધિરાણ વૃદ્ધિ ઊંચી જોવા મળી છે. થાપણ વૃદ્ધિ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચે વધી રહેલા અંતરને ધ્યાનમાં રાખી બેન્કો પર થાપણ વૃદ્ધિમાં વધારો કરવાનું દબાણ આવી ગયું છે**

મુંબઈ

જૂન ત્રિમાસિકમાં દેશની બેન્કિંગ વ્યવસ્થામાં થાપણ વૃદ્ધિની સરખામણીએ ધિરાણ વૃદ્ધિ ઊંચી જોવા મળી છે. થાપણ વૃદ્ધિ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચે વધી રહેલા અંતરને ધ્યાનમાં રાખી બેન્કો પર થાપણ વૃદ્ધિમાં વધારો કરવાનું દબાણ આવી ગયું છે. પશ્ચિમ એશિયા યુદ્ધ વચ્ચે પણ વેપારગૃહો દ્વારા ધિરાણ માગ સ્થિતિસ્થાપક રહી છે. આમ ધિરાણ વૃદ્ધિ સામે ટકી રહેવા બેન્કો પર થાપણ વૃદ્ધિને ઝડપી બનાવવાનું દબાણ વધ્યું છે.

જૂન ત્રિમાસિકમાં નાની-મોટી સહિત મોટાભાગની બેન્કોમાં ધિરાણ વૃદ્ધિનો આંક વાર્ષિક ધોરણે ૧૨.૯૦ ટકાથી ૨૬.૫૦ ટકાની વચ્ચે રહ્યો છે જ્યારે થાપણ વૃદ્ધિ ૮.૫૦ ટકાથી ૧૭.૧૦ ટકાની વચ્ચે જોવા મળી હોવાનું વિવિધ બેન્કોના તાજેતરના ત્રિમાસિક રિપોર્ટ પરથી જણાયું હતું. પશ્ચિમ એશિયાના યુદ્ધ વચ્ચે પણ ભારતના અર્થતંત્રમાં મજબૂતાઈને પગલે ઉદ્યોગો તરફથી ધિરાણ માગ જળવાઈ રહી છે. બેન્ક ધિરાણ ઉપરાંત ઉદ્યોગો બોન્ડસ મારફત પણ નાણાં ઊભા કરી રહ્યા છે. વર્કિંગ કેપિટલની આવશ્યકતા પૂરી કરવા ઉદ્યોગો દ્વારા ધિરાણ ઉપાડ વધુ જોવા મળી રહ્યો છે. ૧૫ જૂનના અંતે બેન્કોનો કુલ ધિરાણ આંક રૂપિયા ૨૧૫.૫૦ ટ્રિલિયન રહ્યો હતો જ્યારે થાપણ આંક રૂપિયા ૨૫૮.૪૦ ટ્રિલિયન રહ્યો હતો. ધિરાણમાં વાર્ષિક ધોરણે ૧૭.૭૦ ટકા જ્યારે થાપણમાં ૧૨ ટકા વધારો થયો છે. આમ થાપણ તથા ધિરાણ વૃદ્ધિ વચ્ચે ૫.૭૦ ટકા જેટલો મોટો તફાવત જોવા મળી રહ્યો છે. થાપણો ઊભી કરવા સંઘર્ષ કરી રહેલી બેન્કો માટે રિઝર્વ બેન્કના તાજેતરના નિર્ણય ટેકારૂપ બની રહેવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) અથવા એફસીએનઆર (બી) થાપણોને પ્રોત્સાહિત કરતી રિઝર્વ બેન્કની તાજેતરની વિન્ડોથી બેન્કોને થાપણ મેળવવામાં મદદરૂપ બની રહેશે તેવી બેન્કિંગ ક્ષેત્રના વર્તુળો અપેક્ષા રાખી રહ્યા છે. જૂન ત્રિમાસિકમાં નાની-મોટી સહિત મોટાભાગની બેન્કોમાં ધિરાણ વૃદ્ધિનો આંક વાર્ષિક ધોરણે ૧૨.૯૦ ટકાથી ૨૬.૫૦ ટકાની વચ્ચે રહ્યો છે જ્યારે થાપણ વૃદ્ધિ ૮.૫૦ ટકાથી ૧૭.૧૦ ટકાની વચ્ચે જોવા મળી હોવાનું વિવિધ બેન્કોના તાજેતરના ત્રિમાસિક રિપોર્ટ પરથી જણાયું હતું.



# સેન્સેક્સ 521 પોઈન્ટ વધીને 78,285 પર બંધ થયો

- **નિફ્ટીમાં પણ 160 પોઈન્ટનો ઉછાળો રહ્યો, મેટલ અને ઓટો શેર્સમાં વધુ ખરીદી જોવા મળી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 6 જુલાઈએ તેજી રહી. સેન્સેક્સ 521 પોઈન્ટના ઉછાળા સાથે 78,285 પર બંધ થયો છે. નિફ્ટીમાં પણ 160 પોઈન્ટનો વધારો રહ્યો, તે 24,430 પર બંધ થયો. આજે ઓટો, રિયલ્ટી, મેટલ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ શેરોમાં વધુ ખરીદી જોવા મળી.

આ પહેલાં શુક્રવારે એટલે કે 3 જુલાઈએ શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 261 પોઈન્ટના ઉછાળા સાથે 77,764 ના સ્તરે બંધ થયો હતો.



નિફ્ટીમાં 95 પોઈન્ટનો વધારો થયો હતો, તે 24,270 ના સ્તરે બંધ થયો હતો. બેન્ચમાર્ક સૂચકાંકોની સાથે વ્યાપક બજારમાં સકારાત્મક વલણ જોવા મળ્યું. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ અને નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે 0.18% અને 0.08% ના વધારા સાથે ટ્રેડ કરી રહ્યા હતા. ક્ષેત્રીય સૂચકાંકોની દ્રષ્ટિએ, નિફ્ટી રિયલ્ટી, નિફ્ટી ઓટો અને નિફ્ટી ઓઈલ એન્ડ ગેસમાં સૌથી નોંધપાત્ર વધારો જોવા મળ્યો. તેનાથી વિપરીત, નિફ્ટી આઈટી અને નિફ્ટી મીડિયા સૂચકાંકો દબાણ હેઠળ ટ્રેડ થતા જોવા મળ્યા. HDFC બેંક, હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ અને ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) નિફ્ટી 50 ઈન્ડેક્સમાં ટોચના તેજીમાં હતા. આ મુખ્ય કંપનીઓના શેરમાં ખરીદીએ મુખ્ય સૂચકાંકોને મજબૂતી આપી.

# પહેલા જ વરસાદમાં સ્માર્ટ સિટી 'ભુવા નગરી' બની : AMCની પ્રી-મોન્સૂન કામગીરીની ખૂલી પોલ



- દર વર્ષે પ્રી-મોન્સૂન કામગીરીના દાવા કરતું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ચોમાસાના પહેલા જ વરસાદમાં કેમ નિષ્ફળ સાબિત થાય છે?
- શું કરોડો રૂપિયાના ટેન્ડરો માત્ર કાગળ પર જ સીમિત છે?

અમદાવાદ

અમદાવાદમાં ચોમાસાની શરૂઆત થતાંની સાથે જ શહેરના રસ્તાઓ પર ભુવા પડવાની એક પછી એક ઘટનાઓ સામે આવી રહી છે. શહેરમાં એક તરફ વરસાદી માહોલ જામ્યો છે, તો બીજી તરફ રસ્તાઓ પર ઠેર-ઠેર મહાકાય ભુવા પડવાની સમસ્યાએ ફરી એકવાર માથું ઊંચક્યું છે. તાજેતરમાં શહેરના પોશ વિસ્તાર ગણાતા શીલજ તેમજ સાબરમતી વિસ્તારમાં રસ્તાઓ પર મોટા ભુવા પડ્યા છે. સદનસીબે આ ઘટનાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ સાવચેતીના ભાગરૂપે રસ્તાઓ બંધ કરવા પડતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના પોશ વિસ્તાર ગણાતા શીલજ સર્કલ નજીક આર્યમાન બંગલો તરફ જતા રોડ પર ચાલી રહેલા ખોદકામ અને વરસાદી માહોલને કારણે માટી સરકી જતાં અચાનક જમીન ધસી પડી હતી અને એક મહાકાય ભુવો પડ્યો હતો. સદનસીબે આ રોડ પહેલાથી જ બંધ હોવાથી દુર્ઘટના સમયે કોઈ વાહન પસાર થઈ રહ્યું ન હતું, જેથી મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતાં જ AMCના અધિકારીઓ દોડતા થયા હતા અને સુરક્ષાના ભાગરૂપે ઘટનાસ્થળે બેરિકેડ્સ ગોઠવીને માટી પૂરાણ કરવાની કામગીરી શરૂ કરી હતી.

શહેરમાં વરસાદી માહોલ વચ્ચે સાબરમતી સ્નાનાગાર પાસે પણ રસ્તા પર એક મસમોટો ભુવો પડવાની ઘટના સામે આવી છે. આ ભુવો પડવાને કારણે સાવચેતીના ભાગરૂપે સાબરમતી પાવર હાઉસથી BRTS સુધીનો આશરે 2 કિલોમીટર જેટલો રસ્તો વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. રોડ બંધ થવાના કારણે વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી છે અને તેઓ વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા મજબૂર બન્યા છે.

તંત્ર દ્વારા માત્ર ખાડા પૂરવાની કામગીરી હવે નાગરિકોને મંજૂર નથી. તેમના મતે આ વિશાળ ભુવા માત્ર ખાડા નથી, પરંતુ વહીવટીતંત્રની લાપરવાહી અને ભ્રષ્ટાચારનું જીવતું-જાગતું ઉદાહરણ છે. લોકોની માગ છે કે તંત્ર માત્ર કામચલાઉ પુરાણ કરવાને બદલે જવાબદારો સામે કડક કાર્યવાહી કરે અને રસ્તાઓની ગુણવત્તાની તપાસ કરાવે, જેથી કરીને નિર્દોષ નાગરિકોનો જીવ જોખમમાં ન મુકાય.

## સેટેલાઇટમાં ભ્રષ્ટાચારનો 'ભૂવો' : ચાલુ બાંધકામ નજીક RCC રોડ 20 ફૂટ ધસ્યો, આખેઆખી કાર પાતાળમાં ખાબકી!

અમદાવાદ સ્માર્ટ સિટીના દાવાઓ અને કરોડોના ખર્ચે બનતા આરસીસી (RCC) રોડની ગુણવત્તાના કેવા ધજાગરા ઉડી રહ્યા છે, તેનો જીવતોજાગતો પુરાવો શહેરના સૌથી પોશ ગણાતા સેટેલાઈટ વિસ્તારમાંથી સામે આવ્યો છે. સેટેલાઈટમાં ચાલુ વરસાદ વચ્ચે એક બિલ્ડિંગના બાંધકામ સાઈટ નજીક આખો RCC રોડ અચાનક પત્તાના મહેલની જેમ ધસી પડ્યો હતો. રોડ ધસવાના કારણે ત્યાં પાર્ક કરેલી એક આખેઆખી કાર આશરે ૨૦ ફૂટ ઊંડા ભયાનક ખાડામાં ખાબકી ગઈ હતી. સદનસીબે ઘટના સમયે કારની અંદર કોઈ હાજર ન હતું, નહિતર એક મોટી અને ભયાનક જાનહાનિ સર્જાઈ હોત. પ્રાપ્ત વિગતો અનુસાર, સેટેલાઈટ વિસ્તારમાં એક મોટો કન્સ્ટ્રક્શન (બાંધકામ) પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. આ પ્રોજેક્ટના પાયાના ખોદકામ નજીકથી જ મુખ્ય RCC રોડ પસાર થાય છે. તાજેતરમાં પડેલા વરસાદના કારણે અને બિલ્ડર દ્વારા પ્રોટેક્શન વોલ કે પૂરતી સુરક્ષા વ્યવસ્થા ન રાખવાના કારણે રોડની નીચેથી માટી ધસી ગઈ હતી.



## સરસપુરના બાલા હનુમાન મંદિરે ચરણ પાદુકા પૂજન



ભગવાનના મોસાળ ગણાતા સરસપુરના શ્રી બાલા હનુમાન મંદિર દ્વારા આ વર્ષે ભગવાન જગન્નાથને ચઢનાર ચાંદીની ચરણ પાદુકાનું પૂજન વિધિ રાખવામાં આવી હતી

અમદાવાદ

અષાઢી બીજના પાવન પર્વે નીકળનારી ભગવાન જગન્નાથજીની ઐતિહાસિક રથયાત્રાના અવસરે, ભગવાનના મોસાળ ગણાતા સરસપુરના શ્રી બાલા હનુમાન મંદિર દ્વારા આ વર્ષે ભગવાન જગન્નાથને ચઢનાર ચાંદીની ચરણ પાદુકાનું પૂજન વિધિ રાખવામાં આવી હતી. આ 3 ચરણ પાદુકાની સાઈઝ ક્રમશઃ 9, 10 અને 11 ઈંચ હતી. આ વર્ષે પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવ વચ્ચે સંસ્કૃત ભાષા પ્રત્યે જનજાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે 'સંસ્કૃત અપનાવો, ભારતીય સંસ્કૃતિ બચાવો'ના નારા સાથે 'સંસ્કૃત રથોત્સવ', ભવ્ય કળશ યાત્રા તેમજ ભગવાન જગન્નાથજી માટે વિશેષ રીતે નિર્મિત ચાંદીની ચરણ પાદુકા પૂજન-અર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંગે મહામંડલેશ્વર અખિલેશ્વરદાસજી મહારાજ એ જણાવ્યું હતું કે, ચરણ પાદુકા તો ભગવાન સાક્ષાત પ્રતિક હોય છે. વિદ્યાનંદજી તથા એમના આખા પરિવાર અને એમના ભક્ત મંડળી દ્વારા આજે જે ચરણ પાદુકાનું પૂજન કરવાનું આવ્યું છે અને એ ચરણ પાદુકા ચાંદીમાં બનાવવામાં આવેલ છે. અને એ ચરણ પાદુકા ભગવાન જગન્નાથ જ્યારે રથયાત્રા નગરયાત્રા માટે નીકળશે ત્યારે એમને અર્પણ કરવામાં આવશે. ભગવાન જગન્નાથ, બલભદ્ર, સુભદ્રા ત્રણેયને. તો મને એવું લાગે છે કે આજથી રથયાત્રાનો પ્રારંભ થઈ ગયો સરસપુરમાં એવું લાગે છે. અને તમામ અમદાવાદની ગુજરાતની તમામ પ્રજાને ખુબ અભિનંદન છે અને આમંત્રણ છે. તમે લોકો સરસપુરના છો, તમે લોકો આવો રથયાત્રાનો ભગવાન જગન્નાથનો આનંદ લો.

બાલાજી હનુમાન મંદિરના ટ્રસ્ટી અને પ્રોગ્રામના આયોજક, વિદ્યાનંદ ચૌધરીએ જણાવ્યું હતું કે, આ ચરણ પાદુકા ત્રણ ત્રણ ચરણ પાદુકા બનાવવામાં આવી છે.

## AMCની બેદરકારી : તળાવની જગ્યાએથી મકાનો તોડી પડાયા છતાં ટેક્સ વિભાગે બિલ જનરેટ કર્યા

### જાન્યુઆરીમાં એસ્ટેટ વિભાગે દબાણ હટાવ્યા, છતાં ટેક્સ વિભાગે તોડી પાડેલી મિલકતોના બિલ મોકલ્યા, આ ગંભીર બેદરકારીનો મુદ્દો સ્ટેન્ડિંગ કમિટીમાં ગાજ્યો



અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તંત્રમાં વિભાગો વચ્ચે સંકલનનો કેવો ગંભીર અભાવ છે, તેનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વટવા વિસ્તારમાં આવેલા વાંદર વટ તળાવને દબાણ મુક્ત કરવા માટે આ વર્ષે જાન્યુઆરી મહિનામાં એસ્ટેટ વિભાગ દ્વારા એક મેગા ડેમોલિશન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી અંતર્ગત તળાવની જગ્યા પર ગેરકાયદેસર રીતે ઊભા કરી દેવાયેલા આશરે 500 જેટલા કાચા-પાકા રહેણાંક અને ધંધાકીય એકમોને તોડી પાડીને તળાવની જમીન સંપૂર્ણ ખાલી કરાવવામાં આવી હતી.

આ આખીય કામગીરીથી સમગ્ર અમદાવાદ વાકેફ હતું, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે મ્યુનિસિપલ કોર્પોરેશનના જ ટેક્સ વિભાગને આ બાબતની કોઈ જાણ જ ન હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. જે મકાનો અને દુકાનો જાન્યુઆરી મહિનામાં જ જમીનદોસ્ત કરી દેવાયા હતા, તે અસ્તિત્વ વગરની મિલકતોના નામે ટેક્સ વિભાગ દ્વારા હજુ પણ પ્રોપર્ટી ટેક્સના બિલ જનરેટ કરવામાં આવ્યા છે. તંત્રની આ ઘોર બેદરકારીને કારણે સ્થાનિક સ્તરે ભારે હાસ્યાસ્પદ સ્થિતિ સર્જાઈ છે. કોર્પોરેશનની આ આંતરિક લાપરવાહીનો મુદ્દો ગત ગુરુવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં પણ જોરશોરથી ગાજ્યો હતો.

કમિટીના સભ્યો દ્વારા આ ગંભીર સંકલનના અભાવ પર તીખા સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. આ મામલાને ગંભીરતાથી લેતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશ પટેલે ટેક્સ ખાતા અને એસ્ટેટ ખાતાના અધિકારીઓને કડક સૂચના આપી છે. તેમણે બંને વિભાગો વચ્ચે યોગ્ય સંકલન સાધીને આ સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ લાવવાનો આદેશ કર્યો છે. આ સાથે જ તેમણે ભવિષ્યમાં આવા છબરડા અને બેદરકારી ફરી ક્યારેય ન દોહરાય તેવી તાકીદ પણ કરી છે.

## હાથીજણથી વસ્ત્રાલ રિંગરોડ પર ગમખ્વાર અકસ્માત: ડમ્પરે એક્ટિવાને અડફેટે લેતા સાડા ત્રણ વર્ષના માસૂમ બાળકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત

અમદાવાદ

શહેરના એસ.પી. રિંગરોડ પર ફરી એકવાર પૂરપાટ ઝડપે દોડતા ડમ્પર ચાલકે માસૂમનો ભોગ લીધો છે. હાથીજણથી વસ્ત્રાલ તરફ જવાના રિંગરોડ પર એપોલો ટાયર્સની સામે એક કાળમુખા ડમ્પરે એક્ટિવા ચાલક માતા-પુત્રને જોરદાર અડફેટે લીધા હતા. આ ભયાનક અકસ્માતમાં સાડા ત્રણ વર્ષના માસૂમ બાળક સાત્વિક પ્રજાપતિનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જેને પગલે સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. અકસ્માત એટલો જોરદાર હતો કે એક્ટિવા પર સવાર અઠ્ઠાવીસ વર્ષીય માતા કામિની મયુર પ્રજાપતિને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત માતાને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અકસ્માત સર્જાયા બાદ ડમ્પર ચાલક પોતાનું વાહન ઘટના સ્થળે જ મૂકીને નાસી છૂટ્યો હતો. આસપાસના સ્થાનિક લોકોએ ડમ્પર ચાલકનો પીછો કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે રિંગરોડ નજીકની ઝાડીઓનો લાભ લઈને ભાગી જવામાં સફળ રહ્યો હતો. રિંગરોડ પર બપોરના સમયે સર્જાયેલા આ અકસ્માતને પગલે ભારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. આ અકસ્માતની કરુણ ઘટનાની જાણ નિકોલ માતૃભૂમિ ખાતે રહેતા પરિવારજનોને થતા જ તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

### ધોલેરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

## હીરા ઘસતા યુવકને કમિશનની લાલચ પડી ભારે, 1 કરોડની કિંમતના એમ્બરગ્રીસ સાથે ધોલેરાથી ધરપકડ

### વ્હેલ માછલીની ઉલટીમાંથી બનતું આ કિંમતી પદાર્થ પરફ્યુમ અને દવાઓમાં વપરાય છે



અમદાવાદ

અમદાવાદ-ભાવનગર હાઈવે પર પીપળી ગામ પાસે આવેલી એક હોટેલમાંથી વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ)ના 5 ટુકડાઓ સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ જપ્ત કરાયેલા જથ્થાની બજાર કિંમત આશરે રૂ. 1,01,00,000 (1.01 કરોડ) જેટલી આંકવામાં આવી છે.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પીપળી ગામ નજીક આવેલી 'રાજ ચામુંડા હોટલ' પર દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન મેહુલ વિક્રમભાઈ ચૌહાણ (રહે. પીપળી ગામ, ધોલેરા) નામના વ્યક્તિને શંકાસ્પદ ઘન પદાર્થના 5 ટુકડાઓ સાથે રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો હતો. વન વિભાગ (ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ) અને FSLના અધિકારીઓ દ્વારા પ્રાથમિક તપાસ કરાતા આ પદાર્થ કિંમતી એમ્બરગ્રીસ હોવાનું સ્પષ્ટ થયું હતું. ઈલેક્ટ્રિક વજન કાંટા પર આ પદાર્થનું કુલ વજન 1 કિલો અને 10 ગ્રામ નોંધાયું હતું. પોલીસે પ્રતિબંધિત એમ્બરગ્રીસ અને રોકડા રૂપિયા સહિત કુલ રૂ. 1,01,01,820નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપી સામે ધોલેરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પૂછપરછમાં સામે આવ્યું કે, આરોપી મેહુલ બે મહિના પહેલા ભાવનગરમાં હીરા ઘસવાનું કામ કરતો હતો. ત્યાં ઓફિસમાં સાથે કામ કરતા પવન કોળી નામના વ્યક્તિએ તેને આ જથ્થો સાચવવા માટે આપ્યો હતો અને તે વેચાયા પછી મોટું કમિશન આપવાની લાલચ આપી હતી. ભાવનગરના પવન કોળી અને તેના મિત્ર પ્રવિણ ચૌહાણના કહેવા પર મેહુલ આ જથ્થો કોઈ ગ્રાહકને આપવા જઈ રહ્યો હતો, તે જ સમયે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. આ કેસમાં સંડોવાયેલા અન્ય ફરાર આરોપીઓની શોધખોળ હાલ ચાલુ છે. એમ્બરગ્રીસનો ઉપયોગ ઉચ્ચ ગુણવત્તાવાળા પરફ્યુમ (અત્તર)ની સુગંધને લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે 'ફિક્સેટિવ' તરીકે થાય છે.

## કાયદો-વ્યવસ્થાના લીરેલીરા: ગોમતીપુરમાં દિવસદહાડે મેડિકલ સ્ટોર પર દવા લેવા ગયેલા 30 વર્ષીય મઝહર અંસારીની ચાકુ મારી કરપીણ હત્યા!

અમદાવાદ

ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા અમદાવાદ શહેરમાં ગુનેગારો બેફામ બન્યા છે અને કાયદો-વ્યવસ્થાનો ખૌફ સાવ ખતમ થઈ ગયો હોય તેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે.

શહેરના ગોમતીપુર વિસ્તારમાં ધોળા દિવસે એક સનસનાટીભર્યો હત્યાકાંડ આચરવામાં આવ્યો છે. એક મેડિકલ સ્ટોર પર દવા લેવા ગયેલા ૩૦ વર્ષીય યુવક મઝહર અંસારી પર સામાન્ય બોલાચાલી બાદ કેટલાક અસામાજિક તત્વોએ ચાકુ વડે જીવલેણ હુમલો કરી દીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકનું સારવાર દરમિયાન મોત નીપજતાં સમગ્ર અમદાવાદમાં ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ૩૦ વર્ષીય મઝહર અંસારી ગોમતીપુર વિસ્તારમાં આવેલા એક મેડિકલ સ્ટોર પર દવા ખરીદવા માટે ગયો હતો. આ દરમિયાન મેડિકલ સ્ટોર પર જ કોઈ અજ્ઞાત ઈસમો સાથે તેને કોઈ બાબતે ઉગ્ર કહાસુની (બોલાચાલી) થઈ હતી. આ વિવાદ એટલો હિંસક બન્યો કે કાયદાનો સહેજ પણ ડર રાખ્યા વગર હુમલાખોરોએ તીક્ષ્ણ ચાકુ કાઢીને મઝહર પર ઉપરાઉપરી ઝીંકી દીધા હતા.

ધોળા દિવસે, જાહેર માર્ગ પર બનેલી આ ઘટનાથી આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડેલા મઝહર અંસારીને આસપાસના લોકો અને હોસ્પિટલ ભેગા કર્યા હતા. ડૉક્ટરો દ્વારા તેને બચાવવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ ઘા એટલા ગંભીર હતા કે સારવાર દરમિયાન જ તેણે દમ તોડી દીધો હતો. માત્ર ૩૦ વર્ષના આશાસ્પદ યુવકની દિવસદહાડે થયેલી હત્યાથી તેના પરિવાર પર આભ તૂટી પડ્યું છે અને સગા-સંબંધીઓના કરૂણ આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું છે. આ ઘટનાને પગલે ગોમતીપુર પંથકમાં ભારે તણાવ અને ફફડાટનો માહોલ છે.

### એક્શન મોડમાં મ્યુનિસિપલ કમિશનર

## પૂર્વ ઝોનમાં વોટર પ્રોજેક્ટ્સનું સરપ્રાઇઝ ઇન્સ્પેક્શન, અધિકારીઓને સમયમર્યાદામાં કામ પૂરું કરવા કડક આદેશ



અમદાવાદ

શહેરમાં જનસુવિધાના માળખાને વધુ મજબૂત અને સુદૃઢ બનાવવાના હેતુથી આજે મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની દ્વારા પૂર્વ ઝોનમાં એક મહત્વપૂર્ણ અને ગ્રાઉન્ડ લેવલની સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. કમિશનરે વોટર રિસોર્સ મેનેજમેન્ટ વિભાગ હેઠળ ચાલી રહેલી વિવિધ વિકાસલક્ષી અને પાણીના પ્રોજેક્ટ્સની કામગીરીનું જાતે નિરીક્ષણ કર્યું હતું. તંત્રની આ સક્રિયતા દર્શાવે છે કે શહેરીજનોને પ્રાથમિક સુવિધાઓ ઝડપથી પહોંચાડવા માટે ઉચ્ચ અધિકારીઓ હવે સીધા મેદાનમાં ઉતર્યા છે. મુલાકાત દરમિયાન મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાનીએ માત્ર ઉપરછલ્લી મુલાકાત ન લેતા, સંબંધિત વિભાગના અધિકારીઓ અને એન્જિનિયરો સાથે પ્રોજેક્ટ સાઈટ પર જ બેઠક કરી હતી. તેમણે ચાલી રહેલી કામગીરીની ઝીણવટભરી અને વિસ્તૃત સમીક્ષા કરી હતી. કામમાં આવતી ટેકનિકલ મુશ્કેલીઓ નિવારવા અને જનતાને વહેલી તકે આ સુવિધાનો લાભ મળે તે માટે કમિશનર દ્વારા સ્થળ પર જ જરૂરી અને મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સરપ્રાઈઝ વિઝિટ દરમિયાન કમિશનરે સ્પષ્ટ અને કડક શબ્દોમાં અધિકારીઓને તાકીદ કરી છે કે, જનસુવિધાના તમામ કામો સંપૂર્ણ ગુણવત્તાના ધોરણો (Quality Standards) જાળવીને જ થવા જોઈએ. સરકારી નાણાંનો સદુપયોગ થાય અને ટકાઉ કામગીરી થાય તે સૌથી પ્રાથમિક શરત છે. આ સાથે જ તમામ પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમયમર્યાદામાં (Deadline) પૂર્ણ થાય તે માટે સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને કડક સૂચનાઓ આપવામાં આવી છે, જેથી કરીને સામાન્ય જનતાને કોઈપણ પ્રકારની હાલાકી ન ભોગવવી પડે.

## અમદાવાદમાં 149મી રથયાત્રા પૂર્વે રૂટ પર યોજાઈ ફ્લેગ માર્ચ, 500થી વધુ જવાનો જોડાયા

### રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે શહેર પોલીસ સજ્જ

અમદાવાદ

ભગવાન જગન્નાથજીની આગામી 149મી રથયાત્રા શાંતિ અને સલામતી સાથે પૂર્ણ થાય તે હેતુથી અમદાવાદ શહેર પોલીસ સંપૂર્ણપણે સજ્જ થઈ ગઈ છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવાના ભાગરૂપે રવિવારે (પાંચમી જુલાઈ) મધ્યરાત્રિએ પોલીસ વિભાગ દ્વારા રથયાત્રાના સમગ્ર રૂટ પર એક ભવ્ય ફ્લેગ માર્ચ કાઢવામાં આવી હતી. સુરક્ષાની આ કવાયતમાં શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત 500થી વધુ પોલીસ જવાનોએ ભાગ લઈને ચુસ્ત બંદોબસ્તની સમીક્ષા કરી હતી. આ રાત્રિ ફ્લેગ માર્ચ પહેલાં, રવિવારે સાંજના સમયે નવા નિયુક્ત પોલીસ કમિશનર અનુપમ સિંહ ગહેલોતના નેતૃત્વ હેઠળ જમાલપુરથી રથયાત્રાના રૂટનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાત્રિના 11 કલાકથી સેક્ટર-1ના જેસીપી નીરજ બડગુજર અને ડીસીપી રૂપાલ સોલંકીની આગેવાનીમાં ફ્લેગ માર્ચની શરૂઆત થઈ હતી. આ માર્ચમાં ગાયકવાડ હવેલી, ખાડિયા, કાલુપુર, શહેરકોટડા, શાહપુર અને દરિયાપુર સહિતના વિવિધ પોલીસ મથકોના પીઆઈ અને પોલીસકર્મીઓ મોટી સંખ્યામાં ખડેપગે જોડાયા હતા.

પોલીસની આ સઘન ફ્લેગ માર્ચ જમાલપુર દરવાજાથી પ્રસ્થાન પામીને કાલુપુર, દરિયાપુર, શાહપુર, રાયખડ, આસ્ટોડિયા, સરસપુર અને ખાડિયા વિસ્તારોમાંથી પસાર થઈ અંતે પરત નિજ મંદિર ખાતે સંપન્ન થઈ હતી. આ રૂટ માર્ચ દરમિયાન ખાસ કરીને રથયાત્રાના માર્ગ પર આવતા તમામ સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા વિશેષ ચેકિંગ અને સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI